بسم الله الرحمٰن الرحيم

الحمد لله رب العالمين والصلوة والسلام على من كان

نبيا و ادم بين الماء والطين خاتم النبيين قائد الغر المحجلين

وسيلتنا فى الدارين الىٰ رب العلمين سيدنا ومولٰينا محمد و

اٰله الطيبين و اصحابه الطاهرين

જે ફિત્ના ફસાદથી ભરપૂર સમયમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તે મસુલમાનો માટે ખૂબ જ ફિત્નાઓ અને આફતોનો સમય છે. આજે તે વ્યકિત ખૂબ જ ખુશનશીબ છે જેનું ઈમાન વર્તમાનકાળમાં ચાલતી હવાઓથી બચી જાય. કારણ કે બદમઝહબી અને બેદીનીની એવી તેજ આંધીઓ ફૂંકાઈ રહી છે કે જેનાથી ભોળાભાળા મુસમાનોનું ઈમાન ભયમાં છે. જો કે ઈસ્લામમાં નવા નવા ફિર્કાઓ પહેલાં પણ પેદા થતા રહ્યા, પરંતુ જે બીમારી આજે છે તે આનાથી અગાઉના મુસલમાનોમાં સાંભળવામાં પણ આવી ન હતી. આજે દરેક જાહિલ કુર્આન શરીફનો મુફસ્સિર બની ગયો. અને દરેક ઢંગધડા વગરનો માણસ દીનના ખાદીમો અને અઈમ્માએ મુજતહીદીન (અલ્લાહના વલીઓ અને દીનના મુજતહીદો) વિશે બકવાસ કરી રહ્યો છે.

ઈસ્લામના તે મસઅલા અને મસાઈલ વિશે કદી ગુમાન (ધારણા) પણ થઈ શકતું ન હતું કે કોઈ કલ્મો પઢનાર એનો ઈન્કાર પણ કરશે ! આજે સર્વમાન્ય મસાઈલને નકારનાર પેદા થઈ ગયા. એ મસાઈલમાંથી એક છે અલ્લાહ તઆલાના પ્યારા અને ખાસ બંદાઓનો વસીલો છે. દરેક સમયે દરેક વ્યકિત વસીલા પર ઈમાન રાખતી અને તેને માનતી રહી. પણ હાલના સમયમાં વસીલાનો ઈન્કાર કરનાર પૈદા થઈ ગયા છે, કે જેઓ દુનિયવી દુઃખદર્દોમાં હાકિમો અને હકીમોની પાસે નાસતા ભાગતા પહોંચી જાય છે પણ અંબિયાએ કિરામ અને અવલિયા



અલ્લાહનો વસીલો પકડનારાઓને મુશ્રિક તથા મુર્તદ કહેતાં જરા પણ ખચકાતા નથી. અલ્લાહ તઆલાનો ગઝબ જે વ્યકિત કે કૌમ પર ઉતરે છે તેને અલ્લાહ તઆલા વસીલાઓથી વંચિત કરી દે છે, અને જેના પર અલ્લાહ તઆલાની રહમત છે તેને તેના પ્યારાઓના વસીલા નસીબ થાય છે. ખુશનસીબ બંદો પોતાના ગુનાહોની માફી રડી કકડીને માંગે છે અને બુઝુર્ગના વસીલાથી ગુનાહોના મેલને ધુએ છે. પરંતુ બદનસીબ માણસ અલ્લાહ પાકના બંદાઓમાં ખામી કાઢે છે અને તેમનાથી દૂર રહીને ખુદાની રહમતથી વંચિત રહે છે. બધા ફરિશ્તાઓએ હઝરત આદમ عليه الصلوٰة والتسليم ને ખુદાની નઝદીકી પ્રાપ્ત કરવા માટેનો વસીલો સમજીને એમની સમક્ષ પોતાનું માથુ ઝુકાવી દીધું, તો તેઓ ખુદાની બારગાહમાં મકબૂલ રહ્યા. જ્યારે શયતાને વસીલા વગરની લાખો ઈબાદતો કરી પણ હઝરત આદમ عليه الصلوٰة والتسليم ને વસીલો ન બનાવ્યો અને ખુદાની બારગાહમાંથી મરદુદ થયો.

બેશક ! ખુદા તઆલા જ્યારે કોઈની અયબો જાહેર કરવા અને તેને બદનામ કરવા ચાહે તો તેના સ્વભાવમાં પાક લોકોના મ્હેણાં ટોણાં મારવાની વૃત્તિ પેદા કરી દે છે. અને જ્યારે ખુદા તઆલા ભલાઈની તૌફીક અતા કરે છે તો (ગુનાહોની માફી કાજે) રડવા અને કરગરવા પ્રત્યે સ્વભાવને વાળી દે છે. અલ્લાહના પ્યારાઓનો વસીલો એક એવો વસીલો છે કે જેને કાફિરો પણ માને છે, જાનવરો અને નિર્જીવ લાકડીઓ પણ ખુદાની બારગાહના મકબૂલ બંદાઓનો વસીલો પકડે છે.

કુર્આન મજીદ ફર્માવી રહ્યું છે કે ફિરઔન અને તેની કૌમ પર ગર્ક થતાં પહેલાં જૂ અને દેડકાઓના ઘણા અઝાબ આવ્યા. પણ જ્યારે અઝાબ આવતો હતો તો તેઓ હઝરત મૂસા عليه الصلوٰة والتسليم ની બારગાહમાં અર્ઝ કરતા હતા કે

لَئِنْ كَشَفْتَ عَنَّا الرِّجْزَ لَنُؤْمِنَنَّ لَكَ وَلَنُرْسِلَنَّ مَعَكَ بَنِیْ

(અર્થ) "હે મૂસા ! عليه الصلوٰة والتسليم જો તમે આ અઝાબ અમારા પરથી

દૂર કરી દીધો તો અમે તમારા પર ચોક્કસ ઈમાન લાવીશું અને બની ઈસરાઈલને આપના હવાલે કરી દઈશું.'' પણ જ્યારે તેમની દુઆથી અઝાબ દૂર થઈ જતો તો ઈમાન લાવતા ન હતા. જ્યારે ખુદાને ફિરઔનીઓને હલાક કરવાનું મંજૂર થયું તો તેઓને મૂસા عليه الصلوٰة والسلام સુધી પહોંચવા ન દીધા. બલ્કે દરિયાઈ કલ્ઝુમથી પહેલાં મૂસા عليه الصلوٰة والسلام અને બની ઈસરાઈલને સહી સલામત પાર ઉતાર્યા, પરંતુ પછી ફિરઔનને દરિયામાં ફસાવી દીધો, અને તે બોલ્યો, **આમન્તુ બિરબ્બિ મૂસા વ હારૂન,** ''હું મૂસા અને હારૂન رضی اللہ عنہما ના ખુદા પર ઈમાન લાવું છું.'' જો કે દરમ્યાનમાં વસીલો ન હતો એટલે ઈમાન કબૂલ ન થયું અને ડૂબી ગયો. મક્કાના કાફિરો પણ દરેક આપત્તિ એટલે કે દુકાળ વગેરેના પ્રસંગે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર થઈને દુઆ કરાવતા હતા. ઊંટો, પક્ષીઓ (ચકલીઓ), હરણોએ મુસીબતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફરિયાદ કરી. આ'લા હઝરત શું સરસ ફર્માવે છે :–

**હાં યહીં કરતી હય ચિળયાં ફર્યાદ**
**હાં યહીં ચાહતી હય હિરની દાદ**
**ઈસી દરપે શતુરાને નાશાદ**
**ગિલએ રંજો અના કરતે હંય**

નિર્જીવ કાંકરીઓ, લાકડીઓએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો જ વસીલો અપનાવ્યો. મૌલાના રૂમ ફર્માવે છે :–

**નુકતે આબો નુકતે ખાકો નુકતે ગિલ,**
**હસ્ત મહસૂસ હવાસે એહલે દિલ,**
**ફલસફી ગો મુન્કિરે હન્ના અસ્ત,**
**અઝ હવાસે અવલિયા બેગાના અસ્ત.**

જો આ પ્રસંગો વિગતવાર જોવા હોય તો અમારી લખેલ કિતાબ ખાસ કરીને **સલ્તનતે મુસ્તફા**નો અભ્યાસ કરો.



મતલબ કે પાક બંદાઓનો વસીલો એક એવો મસઅલો છે કે જેને કાફિરો અને બુધ્ધિહીન મખ્લૂક પણ માને છે. પણ અફસોસ કે આવા સ્પષ્ટ મસઅલાને નકારવાવાળા બન્યા તે કોણ ? જાનવર નહીં, મુશ્રિક નહીં કે કાફિર નહીં, બલ્કે કલ્મો પઢવાવાળા ફાઝિલે દેવબંદ કહેવાતા, ઈસ્લામના ઠેકેદાર બનવાવાળા દેવબંદી વહાબી કહેવાતા મુસ્લિમો ! અને કેવળ ઈન્કાર નથી કર્યો બલ્કે એવી હઠે ચઢી ગયા કે તેમની બધી વાએઝો, જલ્સાઓ, મજલિસો આ કાર્ય માટે વકફ થઈ ગઈ. વસીલાને માનનારા મુસલમાનો પર શિર્ક તથા કુફ્ર, સરકશીના ફત્વાઓ લાગવા માંડયા. મૂર્તિઓ લગતી આયતો પૈગંમ્બરો પર અને કાફિરોને લગતી આયતો મુસલમાનો પર ફિટ કરવા લાગ્યા. અલ્લાહ તઆલાના પ્યારા અને નિખાલસ બંદાઓની શાનમાં એવી ગુસ્તાખીઓ કરવા લાગ્યા કે કદી કાફિરોએ પણ એવી હિમ્મત કરી ન હતી.

કેટલાક ભોળા ભાળા મુસલમાનો તેઆના ઝભ્ભા તથા પાઘડીઓ જોઈને તેઓની જાળમાં ફસાઈ ગયા અને આ બીમારી ચેપી રોગની જેમ દિન પ્રતિ દિન વધવા લાગી. તેથી મેં વિચાર્યું કે જો હું આવા સમયે મુંગો રહીશ તો મારું અસ્તિત્વ શા કામનું ? મેં બારગાહે મુસ્તફાના દરવાજાના ટુકડા ખાધા છે, આપના નામ પર ઉછરેલો છું, આપના દીનને આંચ આવતી જોઉં અને કાંઈ ન કરું તો ચોક્કસ મારી પકડ થશે.

રક્ષક કૂતરાની એ ફરજ છે કે જ્યારે માલિકના ઘરે ચોર આવતો જુએ તો ઓછામાં ઓછું શોર મચાવીને નસાડી મૂકે. મારી પાસે લાકડીની કલમ છે, અલ્લાહ તઆલાના નામ પર આ પુસ્તિકા લખી. આ પુસ્તિકાની પણ તેવી જ પધ્ધતિ રહેશે જે **''જા અલ્ હક્ક''** અને **''સલ્તનતે મુસ્તફા''** ની છે. એટલે કે વસીલાનો મસઅલો બે ભાગોમાં વર્ણવવામાં આવશે. પહેલા ભાગમાં બુઝુર્ગોના વસીલાની સાબિતી કુર્આની આયતો, નબવી હદીષો, બુઝુર્ગોના કથનો અને ખૂદ વિરોધી (વહાબી) ઓનાં લખાણો દ્વારા આપવામાં આવશે. બીજા ભાગમાં વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો આપવામાં આવશે.

આ પુસ્તિકાનું નામ **'રહમતે ખુદા બ વસીલાએ અવલિયા'** રાખું છું. અલ્લાહ તઆલા એને પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં કબૂલ ફર્માવીને સદકાએ જારિયા બનાવી દે, અને એને મારા ગુનાહોનો કફ્ફારો ફર્માવો, જે મુસલમાનો આનાથી લાભ ઉઠાવે તેઓ મારા માટે દુઆ કરે કે ખુદા તઆલા મને ઈમાન પર ખાત્મો નસીબ કરે અને મારા ગુનાહોના કાળા દફતરોને પોતાની રહમત અને મગફિરતના પાણીથી ધોઈ નાખે, કારણ કે એ જ ઉમ્મીદમાં મેં આ મહેનત કરી છે.

رَبَّنَا تَقَبَّلْ مِنَّا إِنَّكَ أَنْتَ السَّمِيعُ الْعَلِيمُ ۔ وَتُبْ عَلَيْنَا إِنَّكَ
أَنْتَ التَّوَّابُ الرَّحِيمُ ۔ وَصَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى خَيْرِ خَلْقِهٖ سَيِّدِنَا
مُحَمَّدٍ وَّآلِهٖ وَأَصْحَابِهٖ أَجْمَعِيْنَ ۔ آمِيْن ۔ آمِيْن ۔ آمِيْن ۔
يَا رَبَّ الْعَالَمِيْنَ وَيَا أَكْرَمَ الْأَكْرَمِيْنَ ۔

---

## ★ મદીનેમેં બુલાયા મુઝકો ★

મેરે આકાને મદીનેમેં બુલાયા મુઝકો
સાયએ ગુંબદે ખઝરામેં બિઠાયા મુઝકો
હૈ અતાઓં પે અતાએં હૈ કરમ હી પે કરમ
માહે રમઝાં ભી મદીનેમેં દિખાયા મુઝકો
દિલ બેચૈન તળપતા થા હુઝૂરીકો હુઝૂર
તસ્કીને કલ્બકો તય્બહમેં બુલાયા મુઝકો
ઝોલિયાં ભરતે હો સબકી મેરે આકા હર દમ
આલિમો આમિલે કુર્આન બનાના મુઝકો
સદકા સિદ્દીકો ઉમર ઔર હો ઉષ્માનો અલી
ગમે દુન્યા ગમે ઉકબાસે બચાના મુઝકો
'શાકિરે રઝવી'કો તય્બહ્ તો દિખાયા લેકિન
વકતે રુખસત રુખે ઝૈબા ભી દિખાના મુઝકો



بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

અલ્લાહ તઆલાના બંદાઓ ભલે જીવંત હોય અથવા વફાત પામી ચૂકયા હોય છતાં અલ્લાહ તઆલાની નજીક મહાન વસીલો છે. તેમની જાત વસીલો, તેમનું નામ વસીલો, તેમની વસ્તુઓ વસીલો, જે વસ્તુથી નિસ્બત થઈ જાય તે વસીલો છે. પણ આજકાલના વહાબી દેવબંદી તેના મુન્કિર છે. એટલા માટે હું ખુદા તઆલાના ફઝલો કરમથી આ પુસ્તિકા બે ભાગમાં રજુ કરું છું. પહેલા ભાગમાં તેની સાબિતી અને બીજા ભાગમાં તેના પર વાંધાઓ અને જવાબો.

# ☆ ભાગ પહેલો ☆

## ★ વસીલાની સાબિતી વિશે કુર્આની આયતો ★

અલ્લાહ ત આલાના મકબૂલ બંદાઓ, તેમની જાત, તેમનું નામ, તેમના તબર્રુકો મખ્લૂકનો વસીલો છે, તેની સાબિતી કુર્આની આયતો, નબવી હદીષો, બુઝુર્ગોના કથનો, ઈજમાએ ઉમ્મત અને અકલી દલીલો અને એટલું જ નહીં વિરોધીઓનાં કથનો દ્વારા આપવામાં આવેલ છે.

(૧) રબ તઆલા ફર્માવે છે,

وَلَوْ أَنَّهُمْ إِذْ ظَلَمُوا أَنْفُسَهُمْ جَاءُوكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ
لَهُمُ الرَّسُولُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيمًا (سورہ نساء)

(સૂરએ નિસાઅ્, આયત–૬૪)

"જો આ લોકો પોતાની જાનો પર જુલમ કરીને તમારા દરબારમાં આવે અને અલ્લાહથી માફી માંગે અને આપ પણ હે અલ્લાહના રસૂલ !

તેમની ભલામણ કરો, તો બેશક ! આ લોકો અલ્લાહ તઆલાને માફી આપવાવાળો કૃપાળુ પામશે.''

આ આયતે કરીમાથી એ જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક ગુનેહગારના માટે, દરેક સમયે કયામત સુધી મગફેરત પામવાનો વસીલો છે. **'ઝલમૂ'** માં કોઈ સીમારેખા નથી અને હુકમ અસીમિત છે. એટલે કે દરેક પ્રકારના ગુનાહનો મુજરિમ સદા આપની પાસે હાજર થાય.

(૧)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ وَجَاهِدُوْا فِيْ سَبِيْلِهٖ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ (پ ۶ سورہ مائدہ)

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો અને ખુદાની તરફ વસીલો ઢુંઢો ! અને તેના માર્ગમાં જેહાદ કરો, જેથી તમે કામયાબ થાવ.''

આ આયતે કરીમહ્થી જણાયું કે, આમાલ સિવાય અલ્લાહ તઆલાના પ્યારા બંદાઓનો વસીલો શોધવો જરૂરી છે. કારણ કે આમાલ તો 'ઈત્તકુલ્લાહ' માં આવી ગયા અને તેના પછી વસીલાનો હુકમ ફર્માવ્યો. જણાયું કે વસીલો આમાલથી અલગ છે.

**(3)**

خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ عَلَيْهِمْ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ

(સૂરએ તૌબા, આયત–૧૦૩)

'હે મહબૂબ ! આ મુસલમાનોના માલોનો સદકો કબૂલ ફર્માવો અને એના દ્વારા આપ તેઓને પાક તથા સાફ કરો. અને તેઓના હકમાં



ભલાઈ માટેની દુઆ કરો. કારણ કે આપની દુઆ તેઓના દિલોની ઠંડક છે.''

જણાયું કે સદકો તથા ખૈરાત, નેક અમલો તથા પાકીઝગીનો વસીલો પૂરતો નથી. પરંતુ પાકીઝગી તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કૃપાથી પ્રાપ્ત થાય છે.

**(૪)**

هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ (پ ۲۸ سورہ جمعہ)

(સૂરએ જુમ્અહ્, આયત–૨)

''રબ તઆલા તે કુદરતવાળો છે જેણે વગર પઢેલાઓમાં તેઓમાંથી રસૂલ મોકલ્યો. જે તેમના રબની આયતો તિલાવત ફર્માવે છે અને તેઓને કિતાબ શીખવાડે છે.''

જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાક તથા સાફ કરે છે, જેથી આપ અલ્લાહ તઆલાની નેઅમતોનો વસીલો છે.

(૫)

وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى الَّذِيْنَ كَفَرُوْا (پ ۱)

(સૂરએ બકરહ્, આયત ૮૯)

''આ એહલે કિતાબ હુઝૂરના આગમન પહેલાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી કાફિર પર જીત મેળવવા માટેની દુઆ કરતા હતા.''

જણાયું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમનથી પહેલાં એહલે કિતાબ આપના નામના વસીલાથી લડાઈઓમાં જીત મેળવવા માટેની દુઆ કરતા હતા. અને કુર્આને કરીમે તેઓના આ કાર્ય ઉપર વાંધો નથી ઉઠાવ્યો પરંતુ સમર્થન કર્યું અને ફર્માવ્યું કે, તેમના નામના વસીલાથી

તમે દુઆઓ માંગ્યા કરતા હતા હવે તેમના પર ઈમાન કેમ નથી લાવતા ? જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામ મુબારક હમેશાંથી વસીલો છે.

(૬)

فَتَلَقّٰٓى اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَيْهِ (پ ۱ سورہ بقرۃ)

(સૂરએ બકરહ્)

''આદમ علیہ الصلوۃ والسلام પોતાના રબની તરફથી કેટલાક કલમા પામ્યા જેના વસીલાથી દુઆ કરી અને ખુદાએ તેમની તૌબા કબૂલ કરી.''

ઘણાયે મુફસ્સિરીને કિરામ ફર્માવે છે, આદમ علیہ الصلوۃ والسلام એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામ મુબારકના વસીલાથી દુઆ કરી જે કબૂલ થઈ. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અંબિયાએ કિરામનો પણ વસીલો છે.

(૭) قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِى السَّمَآءِ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰىهَا

(સૂરએ બકરહ્, આયત–૧૪૪)

''અમે આપના ચહેરાને આસમાનની તરફ ફેરવતો જોઈ રહ્યા છીએ. સારું ! અમે આપને કિબ્લહ્ની તરફ ફેરવી દઈએ છીએ જેનાથી તમે ખુશ છો.''

જણાયું કે કિબ્લહ્ની ફેરબદલી એટલા માટે થઈ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એવી ઈચ્છા હતી. એટલે કે કા'બા મોઅઝ્ઝમહ્ હુઝૂરના વસીલાથી બન્યો. જ્યારે કા'બા મોઅઝ્ઝમહ્ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાનો મોહતાજ છે તો તમારા મારા જેવાનું પૂછવાનું શું ?!

(૮) وَكَانَ اَبُوْهُمَا صَالِحًا فَاَرَادَ رَبُّكَ اَنْ يَّبْلُغَآ اَشُدَّهُمَا وَيَسْتَخْرِجَا كَنْزَهُمَا (پ ۱۶ ع ۱ سورہ کہف)

(સૂરએ કહફ, આયત–૮૨)

''હઝરત ખિઝર علیہ الصلوۃ والسلام એ દીવાલ બનાવીને હઝરત મૂસા



علیہ الصلوۃ والسلام થી કહ્યું કે આ દીવાલની નીચે બે યતીમ બાળકોનો ખજાનો છે. તેઓના પિતા નેક હતા એટલા માટે તારા રબે ચાહ્યું કે તેમનો ખજાનો સલામત રહે અને તેઓ જુવાન થઈને પોતાનો ખજાનો કાઢી લે.''

જણાયું કે આ યતીમ બાળકો પર ખુદાનો એ કરમ થયો કે તેમની તૂટેલી દીવાલ બનાવવા માટે તે મકબૂલ બંદાઓને મોકલવામાં આવ્યા, આનું કારણ એ હતું કે તેમનો પિતા નેક માણસ હતો. એટલે નેક પિતાના વસીલાથી અવલાદ પર અલ્લાહ તઆલાની મહેરબાની થાય છે.

(૯)

اُولٰٓئِكَ الَّذِيْنَ يَدْعُوْنَ يَبْتَغُوْنَ اِلٰى رَبِّهِمُ الْوَسِيْلَةَ اَيُّهُمْ اَقْرَبُ وَيَرْجُوْنَ رَحْمَتَهٗ وَيَخَافُوْنَ عَذَابَهٗ (پ ۱۵ ع ۶ سورہ بنی اسرائیل)

(સૂરએ બની ઈસ્રાઈલ, આયત–૫૭)

''તે મકબૂલ બંદાઓ જેમની બુતપરસ્તો પૂજા કરે છે, તેઓ પોતે પોતાના રબની તરફ વસીલો શોધે છે કે, એમાં કોણ સૌથી વધુ મુકર્રબ (નજીકતા પામેલ) છે, તેની રહમતની આશા રાખે છે અને તેના અઝાબથી ડરે છે.''

જણાયું કે જે નેક બંદાઓની કાફિરો પૂજા કરે છે તેમનામાંથી (નેક બંદાઓમાંથી) દરેક અલ્લાહ તઆલાથી વધુ નજદીકતાવાળો વસીલો શોધે છે. અલ્લાહ તઆલા આ વસીલાને તલબ કરવાના કાર્યનો વાંધો નથી લીધો.

وَلَوْلَا رِجَالٌ مُّؤْمِنُوْنَ وَنِسَآءٌ مُّؤْمِنٰتٌ لَّمْ تَعْلَمُوْهُمْ اَنْ تَطَئُوْهُمْ فَتُصِيْبَكُمْ مِّنْهُمْ مَّعَرَّةٌۢ بِغَيْرِ عِلْمٍ لِيُدْخِلَ اللّٰهُ فِىْ رَحْمَتِهٖ مَنْ يَّشَآءُ لَوْ تَزَيَّلُوْا لَعَذَّبْنَا الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ عَذَابًا اَلِيْمًا (پ ۲۶ ع ۱۰ سورہ فتح)

(સૂરએ ફતહ, આયત–૨૫)

"જો થોડાક મુસલમાન પુરૂષો અને થોડીક મુસલમાન સ્ત્રીઓ ન હોત જેમને તમે જાણતા નથી (જો આ બાબતનો અંદેશો ન હોત) કે તમે તેઓને પીસી નાખત પછી તમારા પર ખરાબી આવી પડત તેમના થકી અજાણતામાં. પણ તેમાં વાર એટલા માટે લાગી, જેથી અલ્લાહ તઆલા જેને ધારે પોતાની રહમતમાં દાખલ કરે. જો તે મુસલમાનો કાફિરોથી જુદા થઈ જાય તો અમે કાફિરોને દર્દનાક અઝાબથી સજા આપત."

જણાયું કે મક્કાના કાફિરોનું અઝાબથી બચી જવાનું કારણ એ છે કે તેમાં કેટલાક મુસલમાનો રહી ગયા હતા. એટલે કે શહેરમાં અલ્લાહ તઆલાના નેક બંદાઓનું રહેવું અમન (પનાહ) નો વસીલો હોય છે.

قَالَ الَّذِيْنَ غَلَبُوْا عَلٰٓى اَمْرِهِمْ لَنَتَّخِذَنَّ عَلَيْهِمْ مَّسْجِدًا (پ ۱۵ کہف)

(સૂરએ કહફ, આયત–૨૧)

"સરસાઈ કેળવનાર લોકો બોલ્યા કે અમે અસ્હાબે કહફ પર મસ્જિદ બનાવીશું."

જણાયું કે બુઝુર્ગોની કબર પાસે મસ્જિદ બનાવવી કે જેથી તેમના વસીલાથી નમાઝમાં બરકત થાય અને નમાઝ કબૂલ થાય, તે હમેશાંથી મુસલમાનોનો દસ્તૂર રહ્યો છે. કુર્આને કરીમે અસ્હાબે કહફની ગુફા પર મસ્જિદ બનાવવાનો ઉલ્લેખ કર્યો અને તેને રદ કરવામાં ન આવી જેનાથી જણાયું કે તેઓનું આ કામ અલ્લાહ તઆલાને પસંદ આવ્યું.

(૧૨)

اِذْهَبُوْا بِقَمِيْصِيْ هٰذَا فَاَلْقُوْهُ عَلٰى وَجْهِ اَبِيْ يَاْتِ بَصِيْرًا (پ ۱۳ یوسف)

(સૂરએ યૂસુફ, આયત–૯૩)

"યૂસુફ عليه الصلوٰة والتسليم એ પોતાના ભાઈઓથી ફર્માવ્યું કે મારું ખમીસ લઈ જાઓ અને મારા વાલિદે માજિદના મોઢા પર ઢાંકી દો, તેમની આંખો જોતી થઈ જશે."

જણાયું કે બુઝુર્ગોના પોષાકના વસીલાથી દુઃખો દૂર થઈ જાય છે



અને તંદુરસ્તી મળે છે.

(૧૩) لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۙ وَاَنْتَ حِلٌّۢ بِهٰذَا الْبَلَدِ ۙ

(સૂરએ બલદ, આયત–૧ તથા ૨)

"હું કસમ ફર્માવું છું એ શહેર મક્કાની કારણ કે હે મહેબૂબ એમાં તમે તશરીફ ફર્માં (વસેલા) છો."

જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વસીલાથી મક્કા મુકર્રમાને ફઝીલત મળી કે રબ તઆલાએ તેની કસમ ફર્માવી.

(૧૪) وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ ۙ وَطُوْرِ سِيْنِيْنَ ۙ وَهٰذَا الْبَلَدِ الْاَمِيْنِ ۙ

(સૂરએ વત્તીન)

"એટલે કે કસમ છે ઈન્જીર, ઝયતૂન અને તૂરની અને આ અમાનતવાળા શહેરની."

જણાયું કે મૂસા عليه الصلوٰة والتسليم ના વસીલાથી ઈન્જીર અને તૂર પહાડને ઈજ્જત પ્રાપ્ત થઈ અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી મક્કા શરીફને એવી મહાનતા પ્રાપ્ત થઈ કે તેની કસમ રબ તઆલાએ ફર્માવી. એનાથી સાબિત થયું કે વસીલાનો ફાયદો નિર્જીવ વસ્તુઓને પણ પહોંચી જાય છે.

اِنَّ اٰيَةَ مُلْكِهٖٓ اَنْ يَّاْتِيَكُمُ التَّابُوْتُ فِيْهِ سَكِيْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰى وَاٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ ۔ (پ ۲ بقرہ)

(સૂરએ બકરહ, આયત–૨૪૮)

"શમૂઈલ عليه الصلوٰة والتسليم એ બની ઈસ્રાઈલથી ફર્માવ્યું કે, તાલૂતની બાદશાહતની દલીલ એ છે કે તેમની પાસે તાબૂતે સકીનહ આવશે. જેમાં મૂસા અને હઝરત હારૂન عَلَيْهِمُ السَّلَام ના તબર્રુકો છે. અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલને આ પેટી આપી હતી. જેમાં મૂસા عليه الصلوٰة والتسليم ના નાલૈન શરીફ અને હારૂન عليه الصلوٰة والتسليم ની દસ્તાર (પાઘડી) મુબારક

અને બીજા તબર્રૂકો હતાં. જેની બની ઈસ્રાઈલ લડાઈઓમાં પોતાની આગળ રાખતા હતા, જેની બરકતથી દુશ્મન પર વિજય મેળવતા હતા.''

જણાયું કે બુઝુર્ગોના તબર્રૂકોના વસીલાથી આપત્તિઓ દૂર થાય છે તેમજ મુશ્કેલીઓનું નિવારણ થાય છે.

(૧૬) اَنِّیْۤ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّیْنِ كَهَیْـٴَـةِ الطَّیْرِ فَاَنْفُخُ فِیْهِ فَیَكُوْنُ

طَیْرًۢا بِاِذْنِ اللّٰهِ (پ ۳ سورہ آلِ عمران)

(સૂરએ આલે ઈમ્રાન, આયત–૪૯)

''હઝરત ઈસા عليه الصلوٰة والسلام એ ફર્માવ્યું કે હું માટીથી પક્ષીની શિકલ બનાવું છું અને તેમાં ફૂંક મારૂં છું જેનાથી પરવરદિગારના હુકમથી પક્ષી બની જાય છે.''

જણાયું કે બુઝુર્ગોના દમ કરવા (ફૂંક મારવા) ના વસીલાથી માટીમાં જીવ આવી જાય છે અને તંદુરસ્તી પ્રાપ્ત થાય છે.

(૧૭) فَقَبَضْتُ قَبْضَةً مِّنْ اَثَرِ الرَّسُوْلِ فَنَبَذْتُهَا وَ كَذٰلِكَ

سَوَّلَتْ لِیْ نَفْسِیْ (پ ۱۶ طٰہٰ)

(સૂરએ તાહા, આયત–૯૬)

''સામરી બોલ્યો કે મેં જિબ્રઈલ عليه الصلوٰة والسلام ની ઘોડીની તાપ (પગ નીચે) થી થોડી માટી લીધી અને સોનાના વાછરડાના મોઢામાં મૂકી દીધી અને વાછરડું અવાજ કરવા લાગ્યું.''

જણાયું કે જિબ્રઈલ عليه الصلوٰة والسلام ના ઘોડાના પગની માટીના વસીલાથી સોનાના નિર્જીવ વાછરડામાં જીવ પૈદા થયો.

(૧૮) قُلْ یَتَوَفّٰىكُمْ مَّلَكُ الْمَوْتِ الَّذِیْ وُكِّلَ بِكُمْ (پ ۲۱ سجدہ)

(સૂરએ સિજદહ, આયત–૧૧)



''ફર્માવી દો કે તમોને મલકુલ મૌત વફાત આપશે, જે તે તમારા પર મુકર્રર કરવામાં આવ્યા છે.''

જણાયું કે હઝરત મલકુલ મૌતના વસીલાથી જીવ નીકળે છે.

(૧૯) قَالَ اِنَّمَاۤ اَنَا رَسُوْلُ رَبِّكِ ۖۗ لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِیًّا (پ ۱۶ مریم)

(સૂરએ મરયમ, આયત–૧૯)

''હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والسلام એ હઝરત મરયમ رضی اللہ عنہا ને કહ્યું કે હું તમારા ખુદાનો કાસિદ છું, એટલા માટે આવ્યો છું કે તમોને પવિત્ર પુત્ર બખ્શું.''

જણાયું હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والسلام ના વસીલાથી પુત્ર પ્રાપ્ત થયો.

(૨૦) وَ مَا كَانَ اللّٰهُ لِیُعَذِّبَهُمْ وَ اَنْتَ فِیْهِمْ (پ ۹ انفال)

(સૂરએ અન્ફાલ, આયત–૩૩)

''અલ્લાહ તેઓને અઝાબ આપશે નહીં કારણ કે આપ તેઓમાં છો.''

એટલે કે મક્કાના લોકો અઝાબમાંથી એટલા માટે મુકત રહયા છે કે આપ તેઓમાં જલ્વાગર છો. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બરકતવાળી જાત અલ્લાહના અઝાબથી મુકિત પામવાનો વસીલો છે.

(૨૧)

وَ اِذْ قُلْتُمْ یٰمُوْسٰى لَنْ نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ فَادْعُ لَنَا رَبَّكَ

یُخْرِجْ لَنَا مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ مِنْۢ بَقْلِهَا (پ ۱ بقرہ)

(સૂરએ બકરહ, આયત–૬૧)

''અને જ્યારે તમે કહ્યું (બની ઈસ્રાઈલે), હે મૂસા ! અમે એક ખાણા (એટલે કે મન્નો સલ્વા. મન–મધનો બનેલ આસમાની હલ્વો.

સલવા–બટેરનો કસેલો ગોશ્ત) પર કદાપી સબર કરીશું નહીં. આપના રબથી દુઆ કરો કે અમારા માટે જમીનની પૈદાવર કાઢે.''

જણાયું કે બની ઈસ્રાઈલ જ્યારે કોઈ વાત ખુદા તઆલાથી રજૂ કરવા ઈચ્છતા તો મૂસા عليه الصلوٰة والسلام ના વસીલાથી દુઆ કરતા હતા.

(૨૨) هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ (پ۳، آل عمران)

(સૂરએ આલે ઈમરાન, આયત–૩૮)

એટલે કે 'હઝરત મરયમ رضى الله عنها ને કમોસમમાં ફળ ખાતાં જોઈને ઝકરિયા عليه الصلوٰة والسلام એ મરયમ પાસે ઉભા રહી ફરઝંદના માટે દુઆ માંગી.''

જણાયું કે બુઝુર્ગો પાસે દુઆ માંગવી કબૂલ થવા માટે ઉચિત છે.

## ☆ વસીલાની સાબિતીમાં હદીષો ☆

**(૧)** *મુસ્નદે ઈમામ ઈબ્ને હમ્બલ* માં હઝરત શરીહ ઈબ્ને ઓબૈદથી નકલ કરેલ છે કે હઝરત અલી મુર્તઝા رضى الله عنه થી રિવાયત છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ચાલીસ અબ્દાલો વિશે ફર્માવ્યું કે,

(અર્થ) : ''આ ચાલીસ અબદાલોના વસીલાથી વર્ષા થશે તથા તમામ દુશ્મનો પર વિજય મળશે અને શામવાળાઓથી અઝાબ દૂર થશે.'' *(મિશ્કાત બાબુ ઝ્ ઝિકરે યમનો શામ)*

જણાયું કે અલ્લાહ તઆલાના પ્યાર બંદાઓના વસીલાથી વરસાદ, જીત તથા સફળતા મળે અને આપત્તિ દૂર થાય છે.

**(૨)** *દારમી શરીફ* માં છે કે એક વખતે મદીના શરીફમાં વરસાદ રોકાઈ ગયો અને દુકાળ પડી ગયો. લોકોએ હઝરત આઈશા સિદ્દીકા رضى الله عنها થી અર્ઝ કરી. ''હઝરત આઈશા رضى الله عنها એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ના રોઝા મુબારકની છત ઉઘાડી કરી દો, જેથી કબરે અનવર અને આસમાન વચ્ચે આડ ન રહે. લોકોએ તે પ્રમાણે જ



કર્યું તો તરત વરસાદ થયો. ત્યાં સુધી કે ઘાસચારો ઉગી નીકળ્યો, ઊંટો જાડાં તગડાં થઈ ગયાં, જાણે ચરબીએ ઘેરી લીધાં.''

જણાયું કે આ અલ્લાહના પ્યારાઓની કબરના વસીલાથી વરસાદ આવે છે.

**(૩)** *શરહે સુનન* માં અબી મુનકદર رضى الله عنه થી રિવાયત છે કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના ગુલામ હઝરત સફિનહ ફારૂકી દૌરમાં ગિરફતાર થઈ ગયા હતા. તેઓ કેદમાંથી ભાગી છૂટયા તો અચાનક સિંહ સામે આવી ગયો. તેમણે સિંહને જણાવ્યું,

(અર્થ) : ''હે સિંહ ! હુ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم નો ગુલામ છું. મારે આ પ્રમાણે પ્રસંગ બન્યો છે. આ સાંભળીને સિંહ પૂંછડી હલાવતો હઝરત સફિનહ પાસે આવ્યો અને સાથે ચાલવા લાગ્યો. જ્યારે કંઈક અવાજ સાંભળ તો તો તરત તે તરફ જતો. મતલબ કે આ પ્રમાણે રક્ષણ અને સેવા કરતો રહ્યો, ત્યાં સુધી કે તેઓ ઈસ્લામના લશ્કરમાં પહોંચી ગયા, પછી પાછો વળી ગયો. *(મિશ્કાત બાબુલ કરામાત)*

જણાયું કે હુઝૂર પુરનૂર صلى الله تعالى عليه وسلم ના વસીલાથી સિંહ પણ તાબા હેઠળ આવી જાય છે અને સિંહ હુઝૂરના ગુલામોને ઓળખે છે.

**(૪)** *મુસ્લિમ* તથા *બુખારી* માં છે કે મેઅરાજની રાત્રે પચાસ નમાઝો ફર્ઝ થઈ. હુઝૂર صلى الله تعالى عليه وسلم ફર્માવે છે કે, '' પાછા વળતાં મૂસા عليه الصلوٰة والسلام ની મુલાકાત થઈ તો તેમણે પૂછયું કે તમોને શું હુકમ મળ્યો ? જણાવ્યું, દરરોજ પચાસ નમાઝનો. તેમણે જણાવ્યું, હુઝૂર આપની ઉમ્મતમાં એટલી શકિત નથી. હું બની ઈસ્રાઈલને અજમાવી ચૂકયો છું. આપની ઉમ્મતના માટે ખુદાથી ઓછું કરાવો. મતલબ એ કે કેટલીય વાર રજુઆત કરતાં પાંચ નમાઝ બાકી રહી.'' *(મિશ્કાત બાબુલ મેઅરાજ)*

જણાયું કે હઝરત મૂસા عليه الصلوٰة والسلام ના વસીલાથી આ છૂટ અને રહમત મળી, કે પચાસ નમાઝોમાંથી કેવળ પાંચ બાકી રહી. એટલે કે અલ્લાહ તઆલાના બંદાઓનો વસીલો કેવળ તેમની વફાત પછી પણ ફાયદાકારક

છે.

**(૫)** *મુસ્લિમ* તથા *બુખારીમાં* છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં એકવાર દુકાળ પડયો તો જુમ્અહના દિવસે ખૂત્બહમાં હુઝૂરને અર્ઝ કરી તો હુઝૂરે એ જ હાલતમાં દુઆ માટે હાથ ઉઠાવ્યા. (અર્થ) : ''ખુદાના સોગંદ ! હજી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દુઆ માટે ઉઠેલા હાથ મુબારક નીચે ગયા ન હતા એટલામાં પહાડોની જેમ વાદળો ઉમટી પડયાં અને હુઝૂર મિમ્બર પરથી ઉતર્યા ન હતા કે વરસાદનું પાણી દાઢી મુબારકમાંથી ટપકતું હતું. સાત દિવસ વર્ષા રહી. બીજી જુમ્અહના દિવસે ફરીથી અતિ વરસાદની ફરિયાદ કરવામાં આવી.

તો હુઝૂરે દુઆના માટે હાથ ઉઠાવ્યા અને અર્ઝ કરી કે, હે મૌલા ! હવે અમારા પર ન વરસે. પછી વાદળો જે તરફ ઈશારો કરતા તે તરફ ફાટી વિખેરાઈ જતું.'' *(મિશ્કાત બાબુલ મોઅજિઝાત)*

જણાયું કે સહાબાએ કિરામ મુસીબતોના સમયે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વસીલો અપનાવતા હતા.

**(૬)** *મુસ્લિમ* તથા *બુખારી* માં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''હું વહેંચવાવાળો છું અને અલ્લાહ તઆલા આપે છે.'' *(મિશ્કાત કિતાબુલ ઈલ્મ)*

એના પરથી જણાયું કે અલ્લાહ તઆલાની નેઅમતોને હુઝૂર પુરનૂર વહેંચવાવાળા છે. અને વહેંચનારો વસીલો બને છે. એટલા માટે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ખાલિકની દરેક નેઅમતોનો વસીલો બને છે.

**(૭)** *મુસ્લિમ શરીફ* માં છે કે હઝરત મઅઝથી એક મોટો ગુનોહ થઈ ગયો. તો રસૂલની બારગાહમાં આવીને વિનંતિ કરી, ''યા રસૂલલ્લાહ ! મને પાક ફર્માવી દો.'' *(મિશ્કાત બાબુલ હુદૂદ)*

જણાયું કે સહાબાએ કિરામ ખુદાનો ગુનોહ કરીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરતા હતા કે અમને પાક ફર્માવી દો. કારણ કે હુઝૂરે અનવરને નજાતનો વસીલો જાણતા હતા.



**(૮)** *મુસ્લિમ શરીફ બાબુસ્સુજૂદ* માં છે કે હઝરત રાબિઆ ઈબ્ને કઅબે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં અર્ઝ કરી, ''હું આપનાથી માગું છું કે જન્નતમાં આપની સાથે રહું.''

જણાયું કે સહાબાએ કિરામ رضی اللہ عنہم હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદાની તમામ નેઅમતો એટલે સુધી કે જન્નતની પ્રાપ્તિનો વસીલો સમજીને હુઝૂર પુરનૂરથી માંગતા હતા.

**(૯)** *તિર્મિઝી શરીફ* માં છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત કબસહના ઘરે તેમના નાના મશકથી દહન (મુખ) મુબારક લગાડી (પાણી) પીધું તો, કહે છે કે : ''મેં એ મશકનું દ્વાર કાપી લીધું.''

તેની *શરહ મિરકાત* માં મુલ્લા અલી કારી ફર્માવે છે, (અર્થ) : ''મશકનું દ્વારા કાપીને ઘરમાં સલામત રાખ્યું, જેથી તેના દ્વારા શિફા (તંદુરસ્તી) પ્રાપ્ત કરી શકાય.'' જણાયું કે સહાબિયહ (સ્ત્રી સહાબીઓ) તે મશકના દ્વારના ઝરીયાથી બીમારોની તંદુરસ્તી પ્રાપ્ત કરતી હતી. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો સ્પર્શ થઈ જવાની બરકતથી તે ચામડાને તંદુરસ્તી માટેનો વસીલો જાણતાં હતાં.

**(૧૦)** *મુસ્લિમ શરીફ* માં છે કે હઝરત અસ્માઅ્ની પાસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો જભ્ભા શરીફ હતો. તેઓ ફર્માવતાં હતાં, ''એટલે કે આ જભ્ભા શરીફ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا, ની પાસે હતો. તેમની વફાત પછી મેં તેને લઈ લીધો. આ જભ્ભા શરીફને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પહેરતા હતા અને હવે અમે એવું કરીએ છીએ કે મદીનામાં જે બિમાર થઈ જાય છે તેને ધોઈને પીવડાવીએ છીએ, જેથી તંદુરસ્ત થઈ જાય છે.'' *(મિશ્કાત કિતાબુલ લિબાસ)*

જણાયું કે સહાબાએ કિરામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જિસ્મ (શરીર) મુબારકથી સ્પર્શ પામેલ જભ્ભા મુબારકને તંદુરસ્તીનો વસીલો સમજીને તેને ધોઈને પીતા હતા.

**(૧૧)** *નિસાઈ શરીફ* માં છે કે યહૂદીઓની એક જમાઅત હુઝૂર

صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં હાજર થઈને મુસલમાન બની ગઈ અને વિનંતિ કરી કે અમારા શહેરમાં યહૂદીઓનુ ઈબાદતખાનું છે. અમે ઈચ્છીએ છીએ કે તેને તોડીને મસ્જિદ બનાવીએ. ''અમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આપનું ધોવાણ માગ્યું તો આપે પાણી મંગાવીને વુઝૂ અને કુલ્લી કરીને આ બધુ પાણી કુલ્લી કરી તે અને વુઝૂનું એક વાસણમાં ભરીને અમને અર્પણ કર્યું અને હુકમ કર્યો કે જાઓ ! તમારા ઈબાદતખાનામાં આ પાણીને છાંટી દો અને ત્યાં મસ્જિદ બનાવો.'' (મિશ્કાત બાબુલ મસાજિદ)

જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ધોવાણ બાતિની ગંદકી દૂર કરવાનો વસીલો છે.

**(૧૨)** *ઈબ્નુલ બરએ* કિતાબુલ ઈસ્તિઆબ ફી મારિફતુલ અસ્હાબમાં લખ્યું છે કે, અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ પોતાના ઈન્તેકાલના સમયે વસિયત કરી કે, ''નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક કપડું ભેટ આપ્યું હતું. તે મેં એ દિવસ માટે રાખી મૂકયું હતું કે એ કપડાને મારા કફનની નીચે રાખી દેજો. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બાલ મુબારક અને નખ મુબારક લો અને એને મારા મોઢા અને આંખ અને સજદાની જગાએ મૂકી દેજો.'' જણાયું કે સહાબાએ કિરામ رضی اللہ عنہم હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તબર્રુકાતને કબરમાં આરામ માટેનો વસીલો સમજીને પોતાની કબરોમાં સાથે લઈ જતા.

**(૧૩)** *અબૂનઈમે* મઅરિફતુસ્સહાબામાં અને *દયલમી* એ મુસ્નદુલ ફિરદૌસમાં રિવાયત કરી કે, ''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સૈયેદેના અલી મુર્તઝા K ના વાલિદા માજિદા હઝરત ફાતિમા બિન્તે અસદને કમીસનું કફન આપ્યું અને થોડીવાર તેમની કબરમાં સૂઈને આરામ ફર્માવ્યો. પૂછતાં જણાવ્યું, મેં મારી આ કાકી સાહિબાને મારી કમીસ એટલા માટે પહેરાવી કે જેથી એમને જન્નતનો પોષાક પહેરાવવામાં આવે. અને એમની કબરમાં એટલા માટે આરામ ફર્માવ્યો કે એમને કબરની સંકડામણથી અમન (રક્ષણ) મળે.'' જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો



લિબાસ જન્નતી પહેરવેશ મેળવવાના વસીલો છે અને જે જગ્યાએ આપનો પાક કદમ પડી જાય ત્યાં મુસીબતોથી છૂટકારો મળી જાય છે.

**(૧૪)** *મુસ્લિમ શરીફ* માં છે કે, (અર્થ) : '' જ્યારે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ફજરની નમાઝ પઢતા ત્યારે મદીનાના બાળકો વાસણોમાં પાણી લઈને આવતાં હતાં.'' *(મિશ્કાત બાબે અખલાક)*

જણાયું કે મદીનાવાળાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ મુબારકની બરકતને બીમારીઓની શિફાનો વસીલો સમજતા હતા. અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પણ તેઓને મના ન કરતા હતા બલ્કે પોતાના હાથ મુબારક પાણીમાં બોળી દેતા હતા.

**(૧૫)** *મુસ્લિમ* તથા *બુખારી* માં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (અર્થ) : ''લોકો પર એક સમય આવશે કે તેઓ જેહાદ કરશે તથા કહેશે, શું તમારામાં કોઈ રસૂલુલ્લાહના સહાબી પણ છે ? જવાબ મળશે, હા ! તે સહાબીના વસીલાથી જેહાદમાં ફતહ (જીત) નસીબ થશે.''

જણાયું કે અલ્લાહ તઆલાના દોસ્તોના વસીલાથી જેહાદમાં ફતહ પ્રાપ્ત થાય છે, અને તેઓનો વસીલો પકડવાનો હુકમ છે. આ હદીષમાં તાબેઈન, તબે તાબેઈનના વસીલાનો પણ ઉલ્લેખ છે. એટલે કે અવલિયા અલ્લાહના વસીલાથી ફતહ સફળતા પ્રાપ્ત થાય છે.

**(૧૬)** *બુખારી શરીફ* માં છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (અર્થ) : ''તમોને ન ફતહ મળત અને ન રોજી, પણ વૃધ્ધ મોમિનોની બરકત અને વસીલાથી.'' *(મિશ્કાત બાબો ફઝલિલ ફુકરા)* જણાયું કે ફુકરા (અલ્લાહના મહબૂબ બંદાઓ) ના વસીલાથી વરસાદ થાય છે, રિઝક (રોજી) મળે છે તેમજ ફતહ તથા સફળતા નસીબ થાય છે.

**(૧૭)** *તિર્મિઝી, અબૂદાઊદ, ઈબ્ને માજહ* વગેરેમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (અર્થ) : ''મારી સિફારિશ અને શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહવાળાઓ માટે છે.'' *(મિશ્કાત બાબુશ્શફાઅત)*

એના ખુલાસા (શરહ) માં શયખ અબ્દુલ હક 'લમ્આત' માં ફર્માવે છે : કે ગુનેહગારોના માટે તો માફી અપાવવા માટે મારી સિફારિશ થશે, પરંતુ દરેક મુત્તકી અને વલીના માટે દરજ્જાઓ બુલન્દ કરાવવા માટે શફાઅત થશે. જણાયું કે દરેક પ્રકારના મુસલમાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅતથી જન્નતી થઈ જશે અને કોઈ વલી પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી બેનિયાઝ નથી.

**(૧૮)** *ઈબ્ને માજહ* માં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (અર્થ) : કયામતના દિવસે ત્રણ ગિરોહ શફાઅત કરશે, અંબિયા, આલિમો અને શહીદો.'' *(મિશ્કાત બાબુશ્શફાઅત)*

લોકો ! જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલ આલિમો, શહિદો અન્ય મુસલમાનોના માટે વસીલો છે.

**(૧૯)** *તિર્મિઝી, દારમી, ઈબ્ને માજહ* માં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (અર્થ) : ''મારા એક ઉમ્મતીની શફાઅતથી બની તમીમ કબીલાથી વધુ માણસો જન્નતમાં જશે.'' *(મિશ્કાત બાબુશ્શફાઅત)*

એની શરહ મિશ્કાતમાં મુલ્લા અલી કારી ફર્માવે છે, (અર્થ) : '' કેટલાક આલિમોએ ફર્માવ્યું તે ઉષ્માન ગની છે, કેટલાકે જણાવ્યું, તે વ્યકિત ઉવૈસ કરની છે, કેટલાકે કહ્યું, તે કોઈ અન્ય બુઝુર્ગ છે.'' જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઉમ્મતી પણ નજાતનો વસીલો છે.

**(૨૦)** *શરહે સુન્નત* માં છે કે, એકવાર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ જગ્યાએ તશરીફ લઈ જઈ રહ્યા હતા. એક ઊંટે જે ખેતરમાં કામ કરી રહ્યું હતું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોયા અને પોતાનું મોઢું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાંઘ મુબારક પર રાખીને ફર્માવ્યું, (અર્થ) : (આપે તેના માલિકને કહ્યું કે) '' આ ઊંટ ફરિયાદ કરે છે કે, તમે તેનાથી વધુ કામ લો છો અને ચારો ઓછો આપો છો, તેની સાથે ભલાઈથી વર્તો.'' *(મિશ્કાત બાબુલ મોઅજિઝાત)*

જણાયું કે બુધ્ધિહીન પ્રાણી પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને હાજત પૂરી



કરવા માટેનો વસીલો જાણે છે. જે માણસ થઈને આપના વસીલાને ન માનતો હોય તે ઊંટથી વધુ અક્કલ વિહોણો છે.

**(૨૧)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકા તુફૈલથી અબૂ લહબના અઝાબમાં ઘટાડો થયો કે તેની લોંડી ષવબિયહ્એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દૂધ પીવડાવ્યું હતું. *(બુખારી શરીફ કિતાબુર્રઝાઅ)*

જણાયું કે નબીનો વસીલો એવી નેઅમત છે, જેનો લાભ અબૂ લહબ જેવા મરદૂદે પણ મેળવી લીધો. મુસલમાન તો આપનો સંપૂર્ણ ગુલામ છે !

**(૨૨)** *બુખારી શરીફ* કિતાબેલ મસાજિદમાં છે કે હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ હજમાં જતી વેળા દરેક તે જગાએ નમાઝ પઢતા હતા જ્યાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની હજના પ્રસંગે નમાઝ પઢી હતી. તે સ્થળો બુખારીએ દર્શાવ્યાં પણ છે.

જણાયું કે જે જગાએ બુઝુર્ગ ઈબાદત કરે તે જગા દુઆ કબૂલ થવાનો ઝરીયો (વસીલો) બની જાય છે.

## ☆ બુઝુર્ગાને દીનના કથનો ☆

સહાબાએ કિરામ رضی اللہ عنہم થી લઈને આજ લગી તમામ મુસલમાનોનો સર્વસ્વીકૃત અકીદો રહયો છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم મખ્લૂકના માટે મહાન વસીલો છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકાથી અવલિયા અલ્લાહ અને ઉલમા પણ વસીલા છે. હું સહાબાએ કિરામના કથનો તથા અમલો હદીષના વિભાગમાં વર્ણન કરી ચૂકયો છું. હવે ઉલમા તથા અવલિયાના કથનોને સાંભળો અને પોતાનું ઈમાન તાજુ કરો.

**(૧)** હુઝૂર ગૌષુષ્ષકલૈન, મોહીયુદ્દીન ''અબ્દુલ કાદિર જીલાની'' બગદાદી رضی اللہ عنہ પોતાના *''કસીદએ ગૌષિયહ્''* માં પોતાના ખુદાદાદ અખ્તયારો વર્ણન કરીને ઈર્શાદ ફર્માવે છે :–

**વકુલ્લુ રબ્બી લહુકદમુ વ ઈન્ની**
**અલા કદમિન્નબીયિ બદરિલ કમાલ**

''હું જે દુનિયા પર રાજ કરી રહ્યો છું અને મારા તાબા હેઠળ ઝમીનો ઝમાં (જમીન તથા સમય), મકીનો મકાં (મકાનમાં રહેનાર તથા મકાન) છે, તેનું કારણ એ છે કે દરેક વલી કોઈ ન કોઈ નબીના નકશે કદમ પર હોય છે અને તેમનો મઝહર હોય છે. હું નબીઓના ચાંદ, રસૂલોના સૂરજ હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમો પર છું.''

જણાયું કે હુઝૂર ગૌષે પાકની નિગાહમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એવી અહમ (મહત્વની) ચીજ છે કે તેમને તમામ ઉચ્ચ મર્તબાઓ તે જ સરકારથી પ્રાપ્ત થયા.

**(૨)** ઈમામોના ઈમામ એટલે કે 'ઈમામે આઝમ અબૂ હનીફા' رضی اللہ عنہ *'કસીદએ નોઅમાન'* માં ફર્માવે છે,

**અના તમાઉમ બિલ જુદિ મિન્ક વલમ યકુન**
**લિ અબી હનીફત ફિલ અનામે સિવાક**

''યા રસૂલલ્લાહ ! હું હુઝૂરની અતાનો ઉમ્મીદવાર છું અને મખ્લૂકમાં અબૂ હનીફા માટે આપના સિવાય કોઈ નથી.'' જણાયું કે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ને પોતાનો વસીલો માને છે.

**(૩)** ઈમામ બુસૈરી رضی اللہ عنہ *કસીદએ બુરદહ્ શરીફ* માં ફર્માવે છે, અને તે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં મકબૂલ થઈ ચૂકેલ છે :–

**વમન તકુમ મિન રસૂલિલ્લાહી નુસરતુહુ**
**ઈનતલ્કહુલ અસદુ ફી આજા મિહા બિહમી**

''જેની મદદ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવી દે તે સિંહથી બચી જાય છે.'' જણાયું કે આ બુઝુર્ગ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દરેક મુસીબતને દૂર કરવાનો વસીલો માન છે.



**(૪)** હઝરત ''શયખ સઅદી શીરાઝી'' رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''બોસ્તાન''માં ફર્માવે છે, (અર્થ) : ''મેં સાંભળ્યું છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા નેક લોકોના વસીલાથી બુરાઓને બખ્શી દેશે.'' જણાયું કે શયખ સઅદી رحمۃ اللہ علیہ ઉલમા તથા સાલેહીનના વસીલાથી ગુનાહોથી મગફેરત થવાને માને છે.

**(૫)** શયખ અત્તાર ફરીદુદ્દીન رحمۃ اللہ علیہ પન્દનામાએ અત્તારમાં ફર્માવે છે,

**''આં કેહ આમદ નોહ ફલક મેઅરાજેઉ**
**અંબિયાઓ અવલિયા મોહતાજેઉ**

એટલે કે, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم તે શાનવાળા છે કે નવ આસમાનોની મેઅરાજ ફર્માવી. અને તમામ નબી, વલી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાજતમંદ છે.'' જણાયું કે શયખ અત્તાર رحمۃ اللہ علیہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તમામ નબીઓ અને વલીઓનો વસીલો માન છે.

**(૬)** મૌલાના જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**અગર નામે મુહમ્મદ ન આવુર્દે શફીએ આદમ**
**ન આદમ યાફ્તે તૌબા ન નૂહ અઝ ગર્ક નજયના**

''જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم તૌબા ન કરત તો કબૂલ ન થાત. જો હઝરત નૂહ علیہ الصلوٰۃ والتسلیم હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વસીલો ન પકડત તો ગર્ક (ડૂબી જવા) થી છૂટકારો ન પામત.''

જણાયું કે મૌલાના જામી رحمۃ اللہ علیہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને દુઆ કબૂલ થવા અને આફતોથી બચવાનો વસીલો સમજે છે.

**(૭)** મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ અઝીઝ પોતાની *મસ્નવી શરીફ* માં ફર્માવે છે :–

**એ બસા દર ગોર ખુફતાહ ખાકદાર**
**બઝે સદ અહિયા બનફઓ ઈબ્તેશાર**

**સાયાએ ઉબૂદો ખાકશ સાયએ મન્દ**
**સદહઝારાં ઝિન્દા દર સાયએ વચન્દ**

''ઘણા બધા કબરોમાં સૂવાવાળા બંદાઓ હજારો જીવતાઓથી વધુ નફો પહોંચાડે છે. તેઓની કબરની ધૂળ પણ સાયો કરનાર છે. લાખો જીવતાઓ આ કબરવાળાઓના સાયા હેઠળ છે.''

જણાયું કે મૌલાના رحمۃ اللہ علیہ અલ્લાહ તઆલાના પ્યારા બંદાઓને વફાત પછી પણ જીવતાઓનો વસીલો માને છે.

**(૮)** દુરૂદે તાજ જે તમામ અવલિયા તથા ઉલમાનો વિર્દ તથા વઝીફો છે તેમાં છે : **'વસિલતિના ફિદારૈન.'** ''નબી صلی اللہ تعالیٰ علیہ وسلم દુનિયા તથા આખેરતમાં પણ આપણો વસીલો છે.''

**(૯)** મષ્નવી શરીફમાં મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہ ફર્માવે છે,

**પીરસ બુગર્ઝી કે બેપીર ઇં સફર–હસ્ત બસ પુર આફતો ખૌફોખતર**
**ચૂં ગિરફતી પીર હીં તસ્લીમ શવ–હમ ચૂ મૂસા ઝેરે હુકમે ખિઝર રવ,**
**ગર ચેહ કશ્તી બશિકનત તૂ દમમઝન–ગરચેહ તિફ્લેરા કુશદ તુ મોમકન.**

એટલે કે, ''પીર પકડી લો તો તેના એવા તાબે અને ફર્માન હેઠળ થઈ જાઓ, જેવી રીતે મૂસા علیہ الصلوٰۃ والسلام ખિઝર علیہ الصلوٰۃ والسلام ના થયા હતા, કે જો પીર કશ્તીને તોડી નાખે તો ઉંફ ન કરો, જો બાળકનુ વિના વાંકે કત્લ કરી દે તો વાંધો ન ઉઠાવો.'' જાણવા મળ્યું કે પીરનો વસીલો પકડવો મૌલાના રૂમીની (દ્રષ્ટિમાં) લાઝિમ છે.

**(૧૦)** શયખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે,

**મ પેન્દાર સઅદી કે રાહે સફા–તવાં**
**યાફત જુઝ દર પૈ મુસ્તફા**

''હે સઅદી ! એવો વિચાર સુધ્ધાં ન કરતો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પયરવીના વગર હિદાયતનો માર્ગ મેળવી શકે ! એટલે કે ઈમાન લાવ્યા



અને આમાલ કર્યા પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાની દરેક જગ્યાએ જરૂર છે.

**(૧૧)** હન્ફીઓના વિ□ાસપાત્ર આલિમ 'મુલ્લા અલી કારી' رحمۃ اللہ علیہ પોતાની કિતાબ *'નુઝહતુલ મખાતિર ફી તર્જમએ શયખ અબ્દુલકાદિર'* પાન–૬૧ માં ફર્માવે છે કે હુઝૂર ગૌષે પાકે ફર્માવ્યું, (અર્થ) : જે તકલીફના સમયે મારાથી મદદ માંગશે તો તે મુસીબત દૂર થશે અને જે મુસીબતના સમયે મારું નામ લઈ પોકારશે તો તે મુસીબત દૂર થશે.' ત્યાર બાદ મુલ્લા અલી કારી નમાઝે ગૌષિયહની તરતીબ (રીત) બતાવીને ફર્માવે છે, 'એનો ઘણીવાર પ્રયોગ કરવામાં આવ્યો અને સાચું સાબિત થયું.' મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ નો વસીલો પકડીને ફર્માવે છે કે, 'દુરુસ્ત છે અને હુઝૂર ગાષે પાક رضی اللہ عنہ પોતાનો વસીલો પકડવાનો હુકમ આપે છે.' આ મુલ્લા અલી કારી તે બુઝર્ગ છે જેમને દેવબંદી–વહાબી પણ ઘણા પુરજોશથી માને છે !

**(૧૨)** *'શામી શરીફ'* ના મુકદમા (શરૂઆતના બે બોલ) માં છે કે 'ઈમામ શાફઈ' رحمۃ اللہ علیہ ફર્માવે છે, (અર્થ) : ''ઈમામ અબૂહનીફા رضی اللہ عنہ ની ''કબરથી બરકત હાંસલ કરૂં છું અને તેમની કબર પર આવું છું.'' જ્યારે મને કોઈ જરૂરત ઉભી થાય છે તો હું બે રકાત નમાઝ પઢું છું અને ઈમામ અબૂહનીફા رحمۃ اللہ علیہ ની કબર પાસે ઉભો રહીને ખુદાથી દુઆ કરૂં છું તો તરત જ જરૂરત પૂરી થઈ જાય છે.'

મઝહબના આટલા મહાન ઈમામ એટલે ઈમામ શાફઈ رضی اللہ عنہ, ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની કબર શરીફને દુઆનો વસીલો બનાવીને, સફર કરીને ત્યાં આવે છે અને તેમના વસીલાથી દુઆ કરે છે.

**(૧૩)** *'હિસ્ને હસીન શરીફ'* ની આવૃતિમાં આદાબે દુઆ ઈર્શાદ ફર્માવેલ છે. તેમાં 'બુખારી' તથા બઝ્ઝાર'ના હવાલાથી દુઆનો એક અદબ આ પ્રમાણે વર્ણન કર્યો છે, અર્થ :– દુઆ માંગો અંબિયા અને

તેના નેક બંદાઓના વસીલાથી.' જણાયું કે અલ્લાહ તઆલાના પ્યારાઓનાં નામ દુઆની કબૂલિયતનો વસીલો છે.

**(૧૪)** એની શરહમાં 'શયખ અબ્દુલ હક' رحمۃ اللہ علیہ ફર્માવે છે, એટલે કે ''ખાસ કરીને સૈયદુલ મુરસલીન, મહબૂબે રબ્બુલ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી દુઆ કરે કે તેમાં કબૂલિયત ખૂબ જ પ્રમાણમાં છે અને 'પાછલા પૈગમ્બરો અને બુઝુર્ગોની આ સુન્નત છે.''

આ જગાએ શયખ અબ્દુલ હક સાહબ رحمۃ اللہ علیہ હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની તૌબાનો કિસ્સો વર્ણવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલથી તે કબૂલ થઈ.

**(૧૫)** એની શરહમાં 'અલહિર્ઝુલ વસ્લેન' માં 'મુલ્લા અલી કારી' ફર્માવે છે, **'મિનલ મનદુબાત'** એટલે કે 'આ વસીલો મુસ્તહબ છે.'

**(૧૬)** ફુકહા (ફકીહનુ બહુવચન) ફર્માવે છે કે, 'ઈસ્તિસ્કાઅ એટલે કે વરસાદ માંગવાની નમાઝમાં જાવ તો દૂધ પીતા બાળકોને કેડેથી અલગ કરી દો અને જાનવરોને સાથે લઈ જાવ કે તેઓના વસીલાથી દુઆ થાય અને વરસાદ આવે.' જુઓ ! વરસાદ માંગવા જાનવરો અને બાળકોનો વસીલો ઈખ્તિયાર કરવામાં આવ્યો.

**(૧૭)** 'સુલ્તાન મહમૂદ ગઝનવી' જ્યારે સોમનાથ હુમલામાં ઘેરાઈ ગયા તો તેમણે 'શયખ અબુલ હસન ખિર્કાની' رحمۃ اللہ علیہ ના જભ્ભાને સામે રાખીને દુઆ કરી કે મૌલા ! આના વસીલાથી ફતહ આપ. અને એવી ફતહ પામી કે આજ સુધી મશહૂર છે. હઝરત શયખ رحمۃ اللہ علیہ એ પોતાનો જભ્ભો એટલા માટે જ આપ્યો હતો કે જે વસીલો સાબિત થયો.

## ☆ વિરોધીઓનાં કથનો ☆

દેવબંદીઓના પેશવા પણ વસીલા ઉપર અકીદો રાખતા હતા. અમે તે રજૂ કરીએ છીએ :–



**(૧)** મૌલ્વી અશરફઅલી સાહબ થાનવી પોતાની કિતાબ 'બેનઅલિલ મુસ્તફા' માં ફર્માવે છે કે, 'હાલના સમયમાં ગુનાહોની કસરતના કારણે આપણા ઉપર બલાઓના ઢગલા છે. દિલ તથા ઝુબાનની કયફિયત (હાલત) ખરાબ હોવાના કારણે તૌબા તથા ઈસ્તિગફાર કબૂલ નથી (થતા). અલબત્ત જો કોઈ મજબૂત વસીલો હોય તો તેની બરકતથી હુઝૂરે કલ્બ (ધ્યાન કેન્દ્રિત) પણ ઉપલબ્ધ થાય છે અને કબૂલ થવાની ઉમ્મીદ પણ છે. આ બધા વસીલાઓમાં બુઝુર્ગોનો અનુભવ છે કે હુઝૂર સરવરે આલમ ફખ્રે આદમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના 'નકશાએ નાલૈન મુકદ્દસ બરકત માટે અતિ મજબૂત અને ત્વરિત અસરકર્તા જોવામાં આવ્યો.'

વિચાર કરો ! મૌલ્વી સાહબે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન શરીફ (જુતા મુબારક) ના નકશા (આકૃતિ) ને જે આપણે જાતે દોરી લઈએ છીએ, તેને દુઆ કબૂલ થવા માટે બેહતરીન વસીલો બનાવ્યો. તો જે શહનશાહના નઅલ શરીફનો નકશો દુઆ કબૂલ થવાનો વસીલો છે તો ખૂદ નઅલ શરીફ કેવો હશે ? અને પછી નાલૈન શરીફ પહેરવાવાળા, અલ્લાહના પ્યારા, મેઅરાજવાળા, તખ્તો તાજવાળા કેવા દરજ્જાનો વસીલો હશે ?

બેશક ! નબી બેકસોંકા કસ, બે બસોંકા બસ ! صلی اللہ تعالیٰ علیہ وسلم

દેવબંદીઓના પૈશવા મૌલ્વી અશરફઅલી થાનવી સાહબ પોતાની કિતાબમાં એ જ નાલૈન મુબારકના નકશા વડે વસીલો પકડવાનો તરીકો આ પ્રમાણે છે :–

''આ નકશાને અદબ સાથે પોતાના માથા પર રાખો અને રૂદન તથા કરગરીને ખુદા તઆલા સમક્ષ અર્ઝ કરો કે, ઈલાહી ! જે પૈગમ્બર صلی اللہ تعالیٰ علیہ وسلم નાલૈન શરીફને માથા પર રાખેલ છે તેમનો અદના દરજ્જાનો ગુલામ છું, ઈલાહી ! આ જ ગુલામીની નિસ્બતને ધ્યાનમાં લઈને આ નઅલ શરીફના નકશાથી મારી ફલાણી હાજત પૂરી કરી

દે.'' આગળ ફર્માવે છે, ''પછી માથા પરથી ઉતારીને પોતાના ચહેરા પર ઘસે અને તેને બોસા દે. (ખૂબ ચૂમે).''

**(૨)** એ જ દેવબંદી મૌલ્વી અશરફઅલી સાહબ એ જ કિતાબમાં એ જ નાલૈન શરીફની બરકતોને નીચે પ્રમાણે વર્ણવે છે :–

''આ જ નકશાની અજમાવાયેલી બરકત એ છે કે જે વ્યકિત બરકતના માટે તેને પોતાની પાસે રાખે તો જાલિમોના જુલમથી, દુશ્મનોના ગલબા (ભય)થી, શયતાન સરકશથી, ઈર્ષાળુથી, બદનજરથી સહીસલામત રહેશે. અને ગર્ભાવસ્થાની પીડાવાળી સગર્ભા સ્ત્રી તકલીફમાં તેને પોતાના જમણા હાથમાં રાખે, ખુદા તઆલાની મહેરબાનીથી તેની મુશ્કેલી સરળ થઈ જશે.''

**(૩)** હાલના દેવબંદી હઝરાતો પોતાના પેશ્વા મોલ્વી અશરફ અલી સાહબના લખાણો ધ્યાનપૂર્વક વાંચે અને વિચારે કે મોલ્વી મઝકૂર કેવી શરૂઆતની સાથે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન શરીફને વસીલો માન્યો છે અને લોકોને તેનો હુકમ આપ્યો છે. અને કિતાબના અંતમાં જણાવે છે કે **તેને બરકત માટેનો વસીલો** સમજે ! કિતાબના છેલ્લાં પેજો ઉપર તે જ નાલૈન શરીફનો નકશો દોરીને બતાવી દીધો છે.

**(૪)** મોલ્વી અશરફ અલી સાહબના ખલીફા મોલ્વી અબ્દુલ મજીદ સાહબે મુનાજાતે મકબૂલની આઠમી આવુત્તિમાં વધારો કરીને આ અશઆર લખ્યા છે,

**'હયં જો તેરે બંદાએ ખાસ અય ગની ! અશરફ અલી ! થાનવી ! ઉન્કે સદકેમેં દુઆ મકબૂલ કર, યે મુનાજાતે ઈલ્તિજા મકબૂલ કર.**

જુઓ ! પોતાના પીરના વસીલાથી દુઆ કબૂલ કરાવી રહ્યા છે ! આ છે પીરનો વસીલો !

**(૫)** મોલ્વી કાસિમ (નાનોત્વી) સાહબ બાની એ (સ્થાપક) મદ્રસાએ દેવબંદ, કસાઈએ કાસિમીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની



બારગાહમાં અર્ઝ કરે છે :–

**તેરે ભરોસા પે હય ગુર્રએ તાઅત,**
**ગુનાહે કાસિમ બરગશ્તા બખ્ત બદ અવતાર,**

**જો તુહી હમકો ન પૂછે તો કૌન પૂછેગા !**
**બનેગા કૌન હમારા તેરે સિવા ગમખ્વાર ?**

જુઓ ! મોલ્વી મોહમદ કાસિમ (નાનોત્વી) સાહબ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પર ભરોસો રાખે છે ! એનાથી વધીને વસીલો શું હોય શકે ? પછી ફર્માવે છે કે :–

**બુરા હૂ બદ હૂં ગુનેહગાર હૂં પર તેરા હૂં,**
**તેરા કહે હંય મુઝે ગો કે હૂં મૈં નાહન્જાર.**

(નાહન્જાર–નાલાયક)

**(૬)** મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી (વહાબીઓના ગુરૂ) સાહબ 'સિરાતે મુસ્તકીમ' બીજી હિદાયત, પાન–૬૦ માં જણાવે છે કે :

અને હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ના માટે શયખૈન (અબૂબક્ર તથા ઉમર) પર પણ એક ગણી ફઝીલત પ્રાપ્ત થાય છે. અને તે ફઝીલત આપના ફર્માબરદારોનું વધુ પ્રમાણમાં હોવું અને મકામાતે વિલાયત તથા કુત્બિયહ તથા ગૌષિયત તથા અબદાલિયત અને એના જેવી બાકીની ખિદમત આપના સમયથી લઈને દુનિયાના અંત સુધી આપના જ વસીલાથી થાય છે. અને બાદશાહોની બાદશાહત અને અમીરોની અમીરાઈમાં આપની તે દખલ જે આલમે મલકૂતની સફર કરવાવાળા પર છુપું નથી.

એ જ લખાણમાં મોલ્વી સાહબે ફર્માવ્યું કે, ''હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની નેઅમતો બાદશાહત, વિલાયત તથા ગૌષિયત દરેકને મળે છે.''

**(૭)** મોલ્વી અશરફ અલી થાનવી સાહબ પોતાની કિતાબ '

સિયામુત્તય્યબ તર્જુમા સીયામુલ હબીબ'માં નીચે મુજબના અશઆર લખે છે, '

**દસ્તગરી કીજિયે મેરે નબી !**
**કશ્મકશમેં હો તુમ હી મેરે વલી !**

**જુઝ તુમ્હારે હય કહાં મેરી પનાહ !**
**ફૌજે કુલ્ફત મુઝપે આ ગાલિબ હુઈ.**

(દસ્તગીરી કરો મારા નબી ! કે આ કશ્મકશમાં તમે જ મારા વલી છો! તમારા સિવાય મારી પનાહ કયાં ?! મુસીબતની ફૌજ આવીને મારા પર સવાર થઈ ગઈ છે !)

**ઈબ્ને અબ્દુલ્લાહ ! ઝમાના હય ખિલાફ,**
**અય મેરે મૌલા ! ખબર લિજિયે મેરી.**

(ઈબ્ને અબ્દુલ્લાહ ! જમાનો વિરૂધ્ધ થઈ ગયો છે ! હે મારા માલિક ! મારી ખબર લો.)

એજ કિતાબમાં મોલ્વી સાહબ 'મષ્નવી શરીફ' ના આ શે'ર પણ નકલ કરે છે, ''નામે અહમદ ચૂં હિસારે શુદ હસીન પસ ચે બાશદ ઝાતે આં રૂહુલ અમીન.'' એટલે કે ''જયારે મુહમ્મદ મુસ્તફા صلى الله تعالى عليه وسلم નું મુબારક નામ મજબૂત કિલ્લો છે. તો એ રૂહે અમીનની ઝાત મુબારક કેવી હશે.?''

**(૮)** શાહ વલીઉલ્લાહ સાહબ 'કશ્ફે કુબૂર કે અમલ'માં લખે છે કે

**''બાદ હું હફત કુર્રા તવાફ કુનદ, વ દરાં તકબીર બખ્વાનદ વ આગાઝ અઝરાસ્ત કૂનદ. વ બાદહૂ તરફે પાયાં રૂખસાર નહદ.''**

એટલે કે ''એના પછી કબરના સાત ચક્કર તવાફ કરે અને તવાફમાં તકબીર કહે, જમણી બાજુથી શરૂ કરે. બાદમાં કબરની પગો તરફની



દીશાએ પોતાનો ચેહરો રાખે.''

આ લખાણને મોલ્વી અશરફ અલી સાહબ થાનવીએ કિતાબ ' હિફઝુલ ઈમાન' માં નકલ કરીને આ અમલને જાઈઝ તથા સાબિત કરવાની કોશિશ કરી.

ઉપરોકત લખાણથી જાણવા મળ્યું કે બુઝુર્ગોની ઝાત તો ખૂબ જ આ'લા છે પણ એમનું નામ બલ્કે એમની કબરોની માટી પણ વસીલો છે.

**(૯)** શાહ વલીઉલ્લાહ સાહબ ''અલ કૌલુલ જમીલ'માં મુરીદ કરવાની રીત વર્ણવતાં કહે છે કે : ''પછી મુર્શિદ મુરીદ કરતી વખતે આ બે આયતો પઢે :

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَابْتَغُوا إِلَيْهِ الْوَسِيلَةَ وَجَاهِدُوا فِي
سَبِيلِهِ لَعَلَّكُمْ تُفْلِحُونَ (پ ٦ سورہ مائدہ)

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! અને અલ્લાહ તરફ વસીલો શોધો !''

એની ઉર્દૂ શરહમાં 'મોલ્વી ખુર્રમ અલી સાહબ વહાબી' કહે છે કે શાહ વલીયુલ્લાહ સાહબે એના હાશિયામાં લખ્યું છે કે બીજી આયત **વબતગુ અલૈહિલ વસીલા** માં વસીલાથી મુરાદ (મકસદ) મુર્શિદની બયઅત છે. આગળ કહે છે કે, શકય નથી કે વસીલાનો ભાવાર્થ ઈમાન લઈએ, એટલા માટે કે સંબોધન ઈમાનવાળાઓથી છે. કારણ કે **''યા અય્યોહલ્લઝીન આમનૂ''** માં એના માટેની સાબિતી બને છે. અને નેક અમલો પણ મકસદ નથી થઈ શકતો., કેમકે **'વત્તકુલ્લાહ'** માં દાખલ છે. એટલા માટે કે તકવાથી મુરાદ છે જે કરવાનો હુકમ આપ્યો (અવામિર) ની પાંબદી અને નવાહી (જેનાથી રોકયા) થી બચવું. એટલા માટે કે અત્ફ (મેળવવાનો જેમકે અરબીમાં "વાવ") નો ફાયદો ' **ઈત્તકુલ્લાહ'** ને **'ઈબ્તુગૂ'** થી જુદા કરવાનો છે. આ મકસદમાં સ્પષ્ટ

રીતે માની લીધું કે, **'વબતગૂ અલૈહિલ વસીલા'** માં વસીલાથી મુરાદ ન ઈમાનનો વસીલો છે ન આમાલનો બલ્કે મુર્શિદનો વસીલો મુરાદ છે, નહીં તો 'મઅતુફ' તથા 'મબતુફ અલયહ'નો ફરક ન થાય.

**(૧૦)** મોલ્વી મહમુદુલ હસન સાહબ દેવબંદીઓના શયખુલ હિન્દ પોતાના પીર મોલ્વી રશીદ અહમદ ગંગોહીના વિશે લખે છે કે :–

**હવાઈજ દીનો દુન્યા કે કહાં લે જાએં હમ યા રબ**
**ગયા વો કિબ્લહ્એ હાજાત રૂહાની વ જિસ્માની**

**ખુદા ઉનકા મુરબ્બી વો મુરબ્બી થે ખલાઈક કે**
**મેરે મૌલા મેરે હાદી થે બેશક શયખે રબ્બાની !**

(દીન તથા દુનિયાની હાજતો કયાં રજુ કરીએ યા રબ ! તે રૂહાની તેમજ જિસ્માની હાજતોનો કિબ્લો તો ગયો ! ખુદા તેમના મુરબ્બી (પાલનહાર), તે ખલાઈકના મુરબ્બી હતા. મારા માલિક ! મારા હાદી ! હતા, બેશક ! શયખે રબ્બાની).

મોલ્વી સાહબ (દેવબંદી) પોતાના પીરને જિસ્માની (શારિરિક–ભૌતિક) તથા રૂહાની (આધ્યાત્મિક) હાજતરવાં (જરૂરિયાતો પૂરી કરનાર) અને તેમને દુનિયાવાળાઓની પરવરિશ કરવાવાળા માને છે ! એનાથી વધીને વસીલો શુ હોઈ શકે છે ?

## ☆ બૌદ્ધિક દલીલો ☆

બુધ્ધિનો પણ તકાઝો છે કે અલ્લાહ તઆલાના પ્યારાઓનો વસીલો પકડવો જાઈઝ છે, જેની સાબિની નીચે પ્રમાણે છે :–

**(૧)** ખુદા તઆલા ગની અને આપણે સૌ ફકીર છીએ. જેવો કે ખુદા પાકનો ઈર્શાદ છે :–

اَللّٰہُ غَنِیٌّ وَّاَنْتُمُ الْفُقَرَاءُ

અને તે ગની આપણને વસીલા વગર કોઈ નેઅમત આપતો નથી.



માં–બાંપના ઝરીયાથી જિસ્મ (શરીર) આપે છે, ઉસ્તાદના ઝરીયા (વસીલા) થી ઈલ્મ, પીરના ઝરીયાથી ઈમાન, માલદારોના ઝરીયાથી માલ, ફરિશ્તાઓના ઝરીયાથી શિકલ, મલકુલ મૌતના ઝરીયાથી મૃત્યુ. મતલબ કે કોઈ નેઅમત વસીલા વિના નથી આપતો. તો આપણે ફકીર તથા મોહતાજ થઈને તેનાથી કઈ રીતે લઈ શકીએ છીએ ? તે દાતા અને ગની તથા આપણે માંગનાર અને ફકીર છીએ. જો આપણે વગર વસીલે લીધું તો જાણે કે તેનાથી વધી ગયા !

**(૨)** દુનિયા મામૂલી અને થોડી છે, આખેરત આ'લા (ઉચ્ચ) અને વધાર છે. ખુદા ફર્માવે છે :–

અને ફર્માવે છે, قُلْ مَتَاعُ الدُّنْیَا قَلِیْلٌ وَالْاٰخِرَۃُ خَیْرٌ وَّاَبْقٰی

જ્યારે દુનિયા જેવી તુચ્છ વસ્તુ વસીલા વિના નથી મળતી તો આખેરત જે દુનિયાથી આ'લા છે તે કેવી રીતે મળી શકે છે ?

એટલા માટે કુર્આન તથા ઈમાન આપવા માટે પૈગમ્બર صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોકલ્યા.

**(૩)** આપણા અમલોનું કબૂલ થવું શંકાસ્પદ છે અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم તથા અલ્લાહના દોસ્તો (વલીઓ)ની મકબૂલિયત યકીનન (ચોક્કસ) છે. જ્યારે શંકાસ્પદ આમાલો વસીલો બની શકે છે, તો વિ□ાસપૂર્ણ મકબૂલ બંદાઓ કેટલા દરજ્જે ઉચ્ચ વસીલો છે !

**(૪)** નેક આમાલ ખુદાથી મળવાનો વસીલો છે અને આમાલનો વસીલો અંબિયા, અવલિયા તથા ઉલમા (આલિમો) છે. તો આ હઝરાતો વસીલાના વસીલા બન્યા. અને વસીલાનો પણ વસીલો છે, એટલે કે આ હઝરાત વસીલો છે.

**(૫)** હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પહેલાં ૩૦૦ વર્ષ સુધી ખાના'એ કા'બામાં બુતો રાખેલાં હતાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક હાથથી કા'બા શરીફ પાક તથા સાફ કરવામાં આવ્યો. જેના પરથી જણાયું છે કે કા'બા શરીફ જે ખુદા તઆલાનું ઘર છે તે પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલા

વિના પાક થઈ શકતું નથી તો આપણે એ મહેરબાન જાત વિના કદાપિ પાક નથી થઈ શકતા.

**(૬)** ઈસ્લામમાં પહેલાં બયતુલ મુકદ્દસ કિબ્લો હતો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મનેચ્છાથી મક્કા મોઅઝ્ઝમહ કિબ્લો બન્યો. જેથી જણાયું કે કા'બા તે હજારો ઈબાદતોના સહીહ થવાનો વસીલો છે તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલા વગર કિબ્લો નથી બની શકયો, તો તમારું કોઈ કામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલા વગર કબૂલ નથી થઈ શકતું.

**(૭)** ખુદા તઆલા ફર્માવે છે,

إِنَّكُمْ وَمَا تَعْبُدُونَ مِنْ دُونِ اللّٰهِ حَصَبُ جَهَنَّمَ

સાચાઓની સાથે રહો. અને સાચાઓ અવલિયા તથા ઉલમા છે, જે વસીલાને લાયક ઠર્યા. એટલા માટે વસીલાનો હેતુ જ સાચો માર્ગ છે.

**(૮)** શયતાને હજારો વર્ષ વલીના વસીલા વગર ઈબાદતો કરી પણ તેણે એક સિજદો વસીલાવાળો ન કર્યો તો મરદૂદ થઈ ગયો. ફરિશ્તાઓએ વસીલાવાળો સિજદો કરીને મહબૂબિયત પામી. (ખુદાના ત્યારા થઈ ગયા). જણાયું કે વસીલાવાળી ઈબાદત થોડી પણ હોય તો પણ બારગાહે ઈલાહીમાં કબૂલ થવાને લાયક છે.

**(૯)** કયામતમાં સૌ પ્રથમ વસીલાની તલાશ થશે ! પછી અન્ય કામો હશે. એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શફાઅત વિના ખુદા તઆલા કોઈ કામ શરૂ પણ કરશે નહીં. જેના પરથી જણાયું કે આખેરતમાં આપણી ઈબાદતો ખતમ થઈ જશે, પણ વસીલો પકડવાનું કામ ત્યાં પણ ચાલુ રહેશે.

**(૧૦)** જો વસીલા વિના ઈબાદતો દુરસ્ત હોત તો કલ્મએ તૈયબહમાં **લાઈલાહ ઈલ્લલ્લાહ** પછી **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ન હોત. જણાયુ કે તૌહીદ પણ તે જ સ્વીકાર્ય છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી માનવામાં આવે. કેવળ તૌહીદ (ખુદાને એક માનવું) વિ□ાસપાત્ર નથી.



કલ્મએ તયબહના પહેલા ભાગમાં તૌહીદ છે અને બીજા ભાગમાં તૌહીદનો વસીલો છે.

**(૧૧)** નમાઝ અત્તહિય્યાત અને દુરૂદ શરીફથી સંપૂર્ણ થાય છે. જેનાથી ફલિત થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બરકતવંત નામ વગર નમાઝ પણ થતી નથી જે અસલી ઈબાદત છે.

**(૧૨)** મુડદાંને કબરમાં ત્રણ સવાલો થાય છે, પહેલો સવાલ તૌહીદનો અને બીજો સવાલ દીન વિશે. પણ તે બંને સવાલોના યોગ્ય જવાબો આપવા છતાં પણ કામિયાબ નથી થતાં અને જન્નતી ખિડકી નથી ખુલતી ! ત્રીજો સવાલ છે, **મા કુન્તુ તકૂલુ ફી હક્કિ હાઝર્રજુલ** તુ આ કાળી ઝુલ્ફોવાળા, લીલા ઘુમ્મટવાળા મહબૂબને શું કહે છે ? જે આ તમારી સામે દ્રષ્ટિમાન છે.'' ત્યારે હુઝૂરનો ફર્માંબરદાર બન્દો જવાબ આપે છે, આ મારા રસૂલ, મારા નબી છે અને હું આપનો ઉમ્મતી છું.

**નકીરો પહચાનતા હૂં ઉનકો યે મેરે આકા યે મેરે મૌલા,**
**મગર તુમ ઉનસે તો ઈતના પૂછો યે મુઝકો અપના બતાતે હંય ?**

ત્યારે બંદો પાસ છે અને અવાજ આવે છે, **સદક અબ્દી ઈફ્તહુલહુ બાબમમિલ જન્નહ**. મારો બંદો સાચો છે, તેના માટે જન્નતનો દરવાજો ખોલી દો.

જણાયું કે વસીલા વગર કબરમાં પણ સફળતા નથી મળતી, ત્યાં આમાલનો ઝિક નથી થતો, આમાલનો ઝિક તો કયામતમાં થશે.

**(૧૩)** દુનિયા આખેરતનો નમૂનો છે જેથી અહીંની પરિસ્થિત જોઈને ત્યાંનો પતો લગાડો કે એવું જ ત્યાં પણ થશે. એટલા માટે દુનિયાની પરિસ્થિતિને આખેરત માટે દલીલ બનાવેલ છે. દુનિયામાં મૂળ ફયઝ આપનારા પણ એક જ હોય છે પછી વસીલાના ઝરીયે એ ફયઝ બીજાઓ સુધી પહોંચે છે. બાદશાહ એક, તેનો વજીર એક પછી અધિકારીઓના ઝરીયે તેના હુકમો પ્રજા સુધી પહોંચે છે. સૂરજ એક તેનો વજીર ચાંદ પણ એક પછી એક તેનાથી અસંખ્ય તારાઓ ફયઝ

મેળવે છે. ઝાડનૂં મૂળ એક અને તેનું થડ એક અને પછી ડાળીઓ સેંકડો અને પાંદડાઓ હજારો હોય છે. આ હજારો પાંડદાઓમાં મૂળથી થડ અને ડાળીઓના વસીલાથી ફયૂઝ પહોંચે છે. માણસનું દિલ જે જાણે શરીરમાં બાદશાહ જેમ છે તે એક અને તેનું દિલ જે વઝીરે આ'ઝમ છે તે જિગર એક, ત્યારબાદ ઘણી નસો વસીલાના રૂપે શરીરમાં ફેલાયેલી છે. જેનાથી શરીરનો દરેક ભાગ ફયૂઝ મેળવે છે.

બરાબર એ જ પ્રમાણે ખુદા તઆલા મહાન શહેનશાહ અહકમુલ હાકિમીન તે એક, અને મહબૂબે આ'ઝમ હુઝૂર મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم પણ એક જેઓ ખુદા તઆલાથી ફયૂઝ મેળવે છે. ત્યારબાદ અવલિયા, ઉલમા વસીલાના રૂપે દુનિયામાં ફેલાએલા છે. જેઓના ઝરીયાથી ખુદા તઆલાનો ફયૂઝ દુનિયાના કણે કણેમાં ફેલાઈ રહ્યો છે. આ વસીલાઓને છોડવાવાળો ખુદાનો ફયૂઝ પામી શકતો નથી.

**(૧૪)** જ્યારે અશકત ચીજ શકિતશાળીથી ફયૂઝ મેળવે છે તો દરમ્યાનમાં એવા વસીલાની જરૂર છે જે શકિતશાળીથી ફયૂઝ લેવા અને કમઝોરોને ફયૂઝ આપવા શકિતમાન હોય. જો રોટલી પકાવવી હોય તો દરમ્યાનમાં તવાની જરૂરત પડે છે, સૂરજના તેજસ્વી કિરણોને જોવા માટે દરમ્યાનમાં તે ઠંડા કાચની જરૂરત પડે છે જે સૂરજના તેજસ્વી કિરણોને ઠંડા કરે અને આંખોથી જોઈ શકાય એવાં બનાવી દે. અલ્લાહ તઆલા શકિતશાળી છે, અને તમામ બંદાઓ કમઝોર અશકત છે,

તો વસીલા વગર શકિતના માલિક ખુદા પાસેથી ફયૂઝ મેળવવો અશકય હતો, કે ઝઈફ અને કમઝોર બંદો પણ વાસ્તા વગર ખુદાથી ફયઝ મેળવે. રોટલી માધ્યમ (વાસ્તો–વસીલો) વગર આગથી ફયૂઝ મેળવવા મજબૂર તથા લાચાર છે તેવી જ રીતે આપણે કમઝોરો અસીમ (મુતલક) નૂરથી ડાયરેકટ ફયૂઝ મેળવવા મજબૂર છીએ. એટલા માટે ખાલિક તથા મખ્લૂક, રબ તથા મખ્લૂકની દરમ્યાન એક એવા બરઝખે કુબરાની જરૂરત હતી જે ખુદાથી ફયૂઝ લેવા અને મખ્લૂકને ફયૂઝ આપવા પર કાદિર (શકિતમાન) હોય. એક તરફ રબ એલાન કરે છે :–



ذٰلِكَ بِاَنَّ اللّٰهَ هُوَ الْحَقُّ وَاَنَّ مَا يَدْعُوْنَ مِنْ دُوْنِهٖ هُوَ الْبَاطِلُ

નબીનું કલામ અને રબનું ફર્માન થાય છે :–

બીજી બાજુ તો બરઝખે કુબરા (દરમ્યાની જબરદસ્ત માધ્યમ),

رَبِّ اِنِّىْ دَعَوْتُ قَوْمِىْ لَيْلًا وَّنَهَارًا

કહીને બંદાઓને પોતાના તરફ માઈલ કરી દે છે કે, ''હે લોકો ! ગભરાશો નહીં ! હું તમારા જેવો બશર (ઈન્સાન) છું ફરિશ્તો અથવા જિનમાંથી નથી.''

(આ મહાન વસીલાનુ નામ મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم છે)

**ઉધર અલ્લાહસે વાસિલ ઈધર મખ્લૂક મેં શામિલ**
**ખ્વાસ ઈસ બરઝખે કુબરા મેં હંય હર્ફ મુશદદકા**

**(૧૫)** જો અલ્લાહ તઆલાના બંદાઓનો વસીલો પકડવો બુરો અને નાજાઈઝ છે તો જનાઝાની નમાઝ પણ મના હોવી જોઈએ. કેમકે બાલિગ મુદડાને આપણે વસીલો બનીને દુઆ કરીએ છીએ :– **અલ્લાહુમ્મગફિરલી લિહય્યેના વ મય્યેતના...................... ...................... અને નાબાલિગ મુડદાંને આપણે બવસીલો બનાવીએ છીએ અને કહીયે છીએ :– અલ્લાહુમ્મજ અલહુલના અજરંવ વઝુખરંવ વજઅલ્હુલના શાફિઅંવ મુશફ્ફઅ.** ''હે ખુદા ! આ બાળકને કયામતમાં અમારો માર્ગદર્શક બનાવ, અમોને જન્નતમાં લઈ જાય અને અમારા માટે તુ સવાલનો વસીલો અને નેકીનો ઝખીરો (સમુદ્ર) બનાવ. અને તેને અમારો સિફારશી બનાવ.'' નમાઝે જનાઝા વસીલા પર જ આધારિત છે !

**(૧૬)** મસ્જિદે નબવી શરીફમાં એક નમાઝનો સવાબ ૫૦ હજાર નમાઝ બરાબર છે, શા માટે ? શું અન્ય મસ્જિદમાં ખુદાનું ઘર નથી ? ફકત એટલા માટે સવાબ વધી ગયો કે તેમાં હુઝૂર મુહમ્મદ મુસ્તફા

صلی اللہ تعالیٰ علیہ وسلم આરામ ફર્માવી રહ્યા છે. તે જ પ્રમાણે બયતુલ મુકદસ કંઈ કેટલાય હજાર પયગંબરોનુ જલ્વાગર છે. કા'બા ત્યાં પણ એક નેકીનો સવાબ એક લાખ નેકી એટલા માટે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું જન્મ સ્થળ (વિલાદતે પાકની જગા) છે, અને બયતુલ્લાહ, ઝમઝમનો કૂવો અને મકામે ઈબ્રાહીમ આવેલ છે. એટલે તેમના વસીલાથી સવાબ વધી ગયો. વસીલાવાળી ઈબાદતનો દરજો વધારે છે.

**(૧૭)** દરેક મસ્જિદમાં પહેલી સફનો દરજ્જો વધારે પણ મસ્જિદે નબવીમાં ત્રીજી સફનો સવાબ વધારે ! અન્ય મસ્જિદોમાં સફનો જમણો ભાગ અફઝલ પણ 'મસ્જિદે નબવીમાં' સફનો ડાબો ભાગ અફઝલ ! શા માટે ? એટલા માટે કે 'ત્રીજી સફ હુઝૂરના રોઝા મુબાકરકની સૌથી નજીક છે અને રોઝા મુબારક મસ્જિદની ડાબી બાજુએ છે. જેમ કે શરીરમાં દિલ હોય છે. એટલે ડાબી બાજુએ ઉભા રહેવાથી રોઝા મુબારક વધુ નજીક થશે અને 'જેટલી નજીકતા વધારે એટલો સવાબ પણ વધારે.'

આ પરથી ફલિત થયું કે હુઝૂરની બરકતવંત ઝાત મકબૂલિયત માટે મહાન વસીલો છે. صلی اللہ تعالیٰ علیہ وسلم

**(૧૮)** બુઝુર્ગોનો વસીલો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગયબનો ઈલ્મ એવા મસાઈલ છે કે જે મુસલમાન તો શું કાફિરો મુનાફિકો બલ્કે જાનવર પણ માનતા હતા. જુઓ ફિરઔન પર જ્યારે અઝાબ આવતો હતો ત્યારે મૂસા علیہ الصلوٰۃ والسلام થી દુઆ કરાવતો. અબૂ જહલ વગેરે કાફિરો દુકાળ ના સમયે અને અન્ય મુશ્કેલીઓમાં હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે દુઆ માટે આવતા હતા. કુર્આને કરીમ ફર્માવે છે :–

وَقَالُوْا يٰۤاَيُّهَ السَّاحِرُ ادْعُ لَنَا رَبَّكَ يَكْشِفْ عَنَّا الْعَذَابَ

ફિરઔને ડૂબતી વખતે કહ્યું,

اٰمَنْتُ بِرَبِّ مُوْسٰى وَهَارُوْنَ



જાનવર મસીબતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે ફરિયાદ લાવ્યા કરતા હતા. તેઓ સમજતા હતા કે ફરિયાદ રસ આજ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم છે.

**(૧૯)** રેલ્વે ગાડી જો કે આખી લાઈન પરથી પસાર થઈ જાય છે પણ સ્ટેશનને મળે છે. એ જ પ્રમાણે ખુદાની રહમતના સ્ટેશનો અંબિયાએ કિરામ અને અવલિયાએ એઝામ છે, એટલા માટે તેઓની પાસે જાવ. રબ તઆલા ફર્માવે છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَهُمْ جَآءُوْكَ

એ જ વસીલો છે !

**(૨૦)** બાદશાહના માટે ઉમદા જગા, આ'લા હવા અને બીજી સહુલતોની વ્યવસ્થા થાય છે. જે બાદશાહની પાસે આવીને બેસી જાય છે તો તે પણ તે ચીજોથી લાભ મેળવી શકે છે. એવી જ રીતે જ્યાં અલ્લાહના પ્યાર બંદાઓ હોય છે ત્યાં ખુદાની રહમતના પંખા ચાલે છે, જે તેઓની બારગાહમાં નિખાલસપણે થાય તે તેનાથી ફાયદો મેળ વે છે. એજ વસીલો છે.

એટલા માટે બુઝુર્ગોના મઝારોની પાસે ગુનેહગારો પોતાની કબરો બનાવે છે, મસ્જિદ તૈયાર કરાવે છે, તેઓ ઈબાદત કરે છે. જેથી કરીને તેઓના તુફૈલથી બખ્શિશ થાય અને નમાઝ કબૂલ થાય.

**(૨૧)** જે મામૂલી કામનો સંબંધ પયગંરોથી થઈ જાય છે તો તે સારું બની જાય છે અને જો સારા કામનો સંબંધ પયગંબરથી ન હોય તો બુરાઈ થઈ જાય છે. નફસની ખાતર લડવું ફસાદ કહેવાય અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અઝમત માટે લડવું જેહાદ કહેવાય છે. ફસાદ ગુનોહ છે અને જેહાદ આ'લા ઈબાદત છે.

કાબિલ અને યૂસુફ علیہ الصلوٰۃ والسلام ના ભાઈઓથી લગભગ એક જ પ્રકારનો કસૂર થયો હતો. પરંતુ કાબિલના કુસૂરનું કારણ ઔરતની

મહબ્બત હતી અને તેમના કસૂરની બિના નબીની મહોબ્બત હતી. તેઓ ચાહતા હતા કે યૂસુફ عليه الصلوة والسلام ને અલગ કરી દઈએ તો યાકૂબ عليه الصلوة والسلام (તેઓને) મહોબ્બત કરશે. એટલા માટે પરિણામમાં તફાવત એ રહ્યો કે કાબિલ તો મરદૂદ થયો અને આ લોકો પ્રિય (મહબૂબ) બની ગયા, કે તેઓને તારાની શિકલમાં હઝરત યૂસુફ عليه الصلوة والسلام એ ખ્વાબમાં જોયા. જણાયું કે, પૈગમ્બરનો વસીલો મહાન ચીજ છે.

# ☆ પ્રકરણ બીજું ☆

## ☆ અવલિયા અલ્લાહના વસીલા પર વાંધાઓ અને તેના જવાબો ☆

આખી ઉમ્મતે મુસ્તફા صلى الله تعالى عليه وسلم ની એક વાત પર એકમતિ (ઈજમાઅ) સધાએલી રહી છે કે અલ્લાહ તઆલાના પ્યારાઓનો વસીલો પકડવામાં આવે. જેમ કે પહેલા પ્રકરણમાં આવી ગયું હવે આખર ઝમાનામાં એક મુલ્હિદ ઈબ્ને તૈમિયહ્ અને તેના શાર્ગિદ ઈબ્ને કય્યિમે અવલિયા અલ્લાહનો ઈન્કાર કર્યો. ઉલ્માએ દીને ઈબ્ને તૈમિયહ્ને ગુમરાહ કરનાર દર્શાવ્યો છે. આજ કાલના વહાબી દેવબંદી ઈબ્ને તૈયમિયહ્ની પયરવીમાં રહી મુન્કિર થઈ ગયા છે. હવે કેમ કે આજ મસઅલા પર દબાણ છે એટલા માટે અમે આ પ્રકરણમાં તેઓની તમામ દલીલોના જ વાબ આપીએ છીએ. જે અત્યાર સુધી તેઓ રજુ કરી શકયા છે, બલ્કે સામાન્ય વહાબી દેવબંદીને આ વાંધાઓની ખબર પણ નથી હોતી. જેથી હું તેમની વકાલતમાં જવાબ રૂપે રજુ કરું છું, રબ તઆલા કબૂલ ફર્માવે આમીન. કેટલાક દેવબંદીઓ તો અવલિયા અલ્લાહના સંદતર મુન્કિર છે અને કેટલાક વફાત પામેલ બુઝુર્ગોના વસીલાના મુન્કિર છે અને જીવતા હયાત વલીઓના વસીલાના કાઈલ (માનનારા) છે. અમે બંનેની દલીલો અને જવાબો રજુ કરીએ છીએ.



**વાંધો** (૧) : રબ તઆલા ફર્માવે છે :–

وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ

એટલે કે "તમારો મદદગાર ખુદાના સિવાય કોઈ નથી." જણાયું કે રબ તઆલા મદદગાર છે, અને કોઈને વસીલો માનવો એક પ્રકારના મદદગાર માનવું છે, આ **શિર્ક** છે.

**જવાબ** :– એના ત્રણ જવાબો છે એક એ કે **'મિન્દુનિલ્લાહ'** થી મતલબ ખુદા તઆલાના મુકાબિલ (બરાબરીયા) બનીને એટલે કે જો ખુદા તમોને અઝાબ આપવા ચાહે તો કોઈ ખુદાનો સામનો કરી અઝાબથી નથી બચાવી શકતું. એટલા માટે 'વલીઅલ્લાહ' નો વસીલો દુરુસ્ત (જાઈઝ) છે, અને **'વલી મિન્દુનિલ્લાહ'**નો વસીલો દુરુસ્ત નથી. રબ ફર્માવે છે :–

وَاِنْ يَّخْذُلْكُمْ فَمَنْ ذَا الَّذِيْ يَنْصُرُكُمْ مِّنْۢ بَعْدِهٖ ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ

જો રબ તઆલા જ તમને રુસ્વા (બેઈજ્જત) કરવા ચાહે તો તમારી મદદ કોણ કરી શકે ? મુસલમાનોએ ખુદા પર જ તવક્કુલ (ભરોસો) કરવો જોઈએ." આ આયત તમારી દર્શાવેલ આયતની તફસીર છે. બીજું એ કે અહીં મદદથી મતલબ મુસ્તકિલ (કોઈની અતા વિના ખૂદ) મદદ રબ તઆલાની જ છે. બાકી વસીલાઓની મદદ તો ખુદા તઆલાના ઈઝન (અતા કરવાથી) તથા તેની પરવાનગીથી છે. ત્રીજું એ કે તેનો મતલબ એ છે કે જો તમે કુફ્ર અપનાવો તો તમારો કોઈ મદદગાર નથી. રબ તઆલા ફર્માવે છે :

وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ

"જાલિમો, લઈન, કાફિરોનો મદદગાર નથી." જો આ અર્થ ન કરવામાં આવે તો બતાવો આ આયતનો મતલબ શું થશે ? કે

إِنَّمَا وَلِيُّكُمُ اللَّهُ وَرَسُولُهُ وَالَّذِينَ آمَنُوا الَّذِينَ يُقِيمُونَ الصَّلَوٰةَ وَ

يُؤْتُونَ الزَّكَوٰةَ وَهُمْ رَاكِعُونَ

એટલે કે "હે મુસલમાનો ! તમારા મદદગાર અલ્લાહ અને તેના રસૂલ અને તે મુસલમાનો છે જેઓ નમાઝ પઢે છે અને ઝકાત આપે છે." અને અહીં ત્રણ જાતોને વલી (મદદગાર) ફર્માવવામાં આવ્યા છે. ઉપરાંત ફર્માવે છે :–

وَالْمُؤْمِنُونَ وَالْمُؤْمِنَاتُ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ

"મુસલમાન મર્દો મુસલમાન ઔરતો કેટલાકનાં મદદગાર છે." એમાં અલ્લાહ સિવાય મદદની સાબિતી છે. અને તમે દર્શાવેલ આયત તેને નકારે છે ! તો અર્થ એવો કરો જેનાથી કુર્આનમાં ટકરાવ પેદા ન થાય. (કેમ કે કુર્આનમાં ટકરાવ (મતભેદ) નથી.

**વાંધો (૨)** : રબ તઆલા કાફિરોના કુફ્રી બયાનને વર્ણવે છે :–

مَا نَعْبُدُهُمْ إِلَّا لِيُقَرِّبُونَا إِلَى اللَّهِ زُلْفَىٰ ۝

"એટલે કે અમે નથી પૂજતા તેમને પણ એટલા માટે કે અમોને રબ તઆલાથી નિકટ કરી દે." અહીં જણાયું કે કાફિર બુતોને ખુદા નથી માનતા પણ ખુદા સુધી પહોંચવાનો વસીલો સમજતા હતા, જેને શિર્ક કહેવામાં આવ્યું. એટલા માટે કોઈને વસીલો સમજવો શિર્ક છે.

**જવાબ** :– આના પણ બે જવાબ છે. એક એ કે વસીલો માનવાને ખુદાએ કુફ્ર નથી બતાવ્યું બલ્કે તેને પૂજવાને શિર્ક કહ્યું, ફર્માવ્યું "**નઅબુદુહુમ**" અમે એટલા માટે તેને પૂજીએ છીએ. "કોઈને પૂજવું ખરેખર શિર્ક છે." જો કોઈ ઈસા عليه الصلاة والسلام અથવા કોઈને વલીને પૂજે (તેમની ઈબાદત કરે) તો મુશ્રિક છે. અલ્હમ્દુલિલ્લાહ ! મુસલમાન કોઈ વસીલાને પૂજતો નથી. બીજું કે મુશ્રિકોએ તે બુતોને વસીલો



બનાવ્યો કે જેઓ ખુદાના દુશ્મન છે. મુસલમાન ખુદાના દોસ્તો (વલીઓ) ને વસીલો સમજે છે, તેથી તે કુફ્ર થયું અને આ ઈમાન છે. જુઓ, મુશ્રિક ગંગાજળ લાવે છે તો તે મુશ્રિક અને મુસલમાન આબે ઝમઝમ લાવે છે તો તે મોમિન છે. કારણ કે મુશ્રિક ગંગાજળની એટલા માટે અદબ કરે છે કે તે દેવતાથી નિસ્બત ધરાવે છે, અને મુસલમાન એટલા માટે આબે ઝમઝમની તાઝીમ કરે છે કે આ પાણી હઝરત ઈસ્માઈલ عليه الصلاة والسلام નો મોઅજિઝો છે અને પૈગમ્બરની તાઝીમ ઈમાન છે.

તે જ પ્રમાણે મુશ્રિક એક પત્થર સમક્ષ માથું ઝુકાવે છે તો તે મુશ્રિક છે. તમે કા'બા સમક્ષ સિજદો કરો છો બલ્કે મકામે ઈબ્રાહીમને સામે રાખીને હજમાં નમાઝ પઢો છો તો પણ મોમિન છો, શા માટે ? એટલા માટે કે કાફિરના પત્થરને મૂર્તિથી સંબંધ છે અને તેથી (જેની મુસલમાન તાઝીમ કરે છે) એ તાઝીમ અયને ઈમાન છે.

દીવાળીની તાઝીમ શિર્ક છે, પરંતુ રમઝાન અને મુહર્રમની તાઝીમ ઈમાન છે. તફસીરે રૂહુલ બયાનમાં સૂરએ કહફની આયત,

اتَّخَذُوا مِنْ دُونِ اللَّهِ قُرْبَانًا آلِهَةً

ની તફસીરમાં ફર્માવ્યું કે વસીલા બે પ્રકારના છે, વસીલએ હુદા અને વસીલએ હવા (ઝલાલ) એટલે કે હિદાયતનો વસીલો અને ગુમરાહીનો વસીલો. નબી, વલી, ઈલ્હામ, વહી એ હિદાયતનો વસીલો છે. જ્યારે બુત, શૈતાન, વસવસા ગુમરાહીનો વસીલો છે. રજુ કરેલ આયતમાં તે વસીલાને અખ્તયાર કરવો કુફ્ર છે તે વસ્તુ આ આયતમાં પણ છે.

**વાંધો (૩)** : રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

سَوَاءٌ عَلَيْهِمْ أَسْتَغْفَرْتَ لَهُمْ أَمْ لَمْ تَسْتَغْفِرْ لَهُمْ لَنْ يَغْفِرَ اللَّهُ لَهُمْ

બધુંજ સરખું છે કે આપ તેઓના માટે મગફિરત દુઆ કરો યા ન કરો. અલ્લાહ તઆલા બખ્શશે નહીં.

જણાયું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆ મગફિરતનો વસીલો નથી. જયારે કે તેમની દુઆનો વસીલો નથી તો અવલિયાની તો વાત જ શી કરવીં ? આ વાંધો ગુજરાત (પાક.)ના 'જાહિલ દેવબંદી–વહાબીઓનો' છે.

**જવાબ** : આ આયત તે મુનાફિકોના હકમાં ઉતરી છે જેઓ હૂઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمના મુન્કિર હતા. અને દેવબંદીની જેમ ડાયરેકટ ખુદા સુધી પહોંચવા ઈચ્છતા હતા. તેના પહેલાં આ આયત છે :–

وَإِذَا قِيلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُولُ اللَّهِ لَوَّوْا رُءُوسَهُمْ
وَرَأَيْتَهُمْ يَصُدُّونَ وَهُمْ مُسْتَكْبِرُونَ ۝

''જયારે તે મુનાફિકોથી કહેવામાં આવે છે કે આવો ! રસૂલુલ્લાહ તમારા માટે મગફિરતની દુઆ કરે ! તો આ લોકો એટલે કે મુનાફિકો મોઢું ફેરવી લે છે. ઘમંડ કરીને બારગાહમાં હાજર થવાથી રોકાઈ જાય છે.'' પછી ફર્માવ્યું, હે મહબૂબ ! જે આપનાથી બેનિયાઝ (બેપરવા) હોય અને આપની રહમતથી, તેઓના માટે મગફિરતની દુઆ પણ કરી દો તો પણ અમે તો તેઓને બખ્શવાના નથી, કેમ કે અમે નથી ચાહતા કે કોઈ આપના વસીલાની વગર જન્નતમાં જાય !'' આ આયતથી તો વસીલાની સાબિતી મળે છે ! નહીં કે નફી (ઈન્કાર). આ જ કુર્આનમાં મુસલમાનો વિશે ફર્માવવામાં આવ્યું કે, وَصَلِّ عَلَيْهِمْ

''હે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મુસલમાનોને દુઆઓ આપો.''

જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની દુઆ બેકાર હોત તો તેનો હુકમ શા માટે કરવામાં આવ્યો ? જનાબ વાત એમ છે કે,

**બારાં કે દર લતાફતે તબઅશ ખિલાફ નેસ્ત**
**દર બાગ લાલા રોયદ વ દર શોરા બૂમ ખસ.**



વરસાદ છે તો ફાયદાકારક જ પણ બદકિસ્મત ખારી જમીન તેનાથી ફાયદો હાંસલ નથી કરતી. તો તે જમીનનો પોતાનો કુસૂર છે, નહીં કે વરસાદનો.

**વાંધો (૪)** :– રબ તઆલા ફર્માવે છે :–

وَلَا تُصَلِّ عَلَىٰ أَحَدٍ مِنْهُمْ مَاتَ أَبَدًا وَلَا تَقُمْ عَلَىٰ قَبْرِهِ

''તેઓમાંથી કોઈની આપ જનાઝાની નમાઝ પઢશો નહીં અને ન તેઓની કબર પાસે ઉભા રહેશો.''

આ આયતનો શાને નુઝૂલ એ છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ અબ્દુલ્લાહ ઈબ્ને અબીની લાશને પોતાનું કમીઝ પહેરાવ્યું અને તેમના મોઢામાં પોતાનું લુઆબે દહન (થૂંક મુબારક) નાખ્યું અને તેના જનાઝાની નમાઝ પઢાવી. ત્યારે આ આયત ઉતરી જેમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلمને આ કામોથી રોકવામાં આવ્યા. જુઓ હુઝૂરની નમાઝે જનાઝાની દુઆ, કમીઝ પહેરાવવું, મોઢામાં થૂંક મુબારક બધું નિરર્થક ગયું ! કાંઈ ફાયદો ન થયો ! કારણ કે તેના આમાલ ખરાબ હતા. જણાયું કે વસીલો કોઈ ચીજ નથી.

**જવાબ** :– આનો જવાબ એ જ આયતમાં મૌજૂદ છે. રબ તઆલા ફર્માવે છે :–

إِنَّهُمْ كَفَرُوا بِاللَّهِ وَرَسُولِهِ وَمَاتُوا وَهُمْ فَاسِقُونَ

કારણ કે તેણે અલ્લાહ તથા તેના રસૂલનો ઈન્કાર કર્યો અને કુફ્રની હાલતમાં મરી ગયો, તે ફાસિક છે. જણાયું કે તે જિંદગીમાં કેમ કે મુનાફિક હતો અને કુફ્ર પર મૌત થઈ એટલા માટે તેને કોઈ વસીલો ફાયદાકારક ન નિવડયો. ''વસીલાઓ મુસલમાનો માટે છે કાફિરોના માટે નથી.'' ઉત્તમ દવાઓ બીમારોના માટે ફાયદાકારક છે મુડદા માટે નહીં. અને ગુનેહગાર મુસલમાન બીમારોની જેમ છે અને કાફિર તથા

મુનાફિક મુદડાં છે.

**વાંધો (૫)** :– રબ તઆલા કયામતના વિશે ફર્માવે છે :–

يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ

અને કયાંક ફર્માવે છે, એટલે કે, ''તે દિવસે ન તિજારત થશે ન દોસ્તી કામ આવશે ન કોઈની સિફારિશ. જણાયું કે કયામતમાં બધા વસીલાઓ ખતમ થઈ જશે.

**જવાબ** :– આ બધી આયતો કાફિરોના માટે છે, મુસલમાનોને તેનાથી સંબંધ નથી. એટલા માટે ખૂદ આગળ ફર્માવે છે,

وَالْكٰفِرُوْنَ هُمُ الظّٰلِمُوْنَ

મુસલમાનોના માટે રબ તઆલા ફર્માવે છે :–

اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍۢ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقُوْنَ

''તે દિવસ બધા દોસ્તો દુશ્મન બની જશે, પરહેઝગારોના સિવાય.'' કાફિરો માટેની આયત મુસલમાનો પર ફીટ કરવી બેદીની (અધર્મીપણું) છે. ઉપરાંત ફર્માવે છે :–

يَوْمَ لَا يَنْفَعُ مَالٌ وَّلَا بَنُوْنَ اِلَّا مَنْ اَتَى اللّٰهَ بِقَلْبٍ سَلِيْمٍ

''તે દિવસે માલ તથા અવલાદ કામ આવશે નહિ, એના સિવાય જે ખુદા નજીક સલામત દિલ લઈને આવે.'' જણાયું કે મોમિનનો માલ અને અવલાદ કામ આવશે નહીં.

**વાંધો (૬)** :– ખૂદ ફર્માવે છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ وَجَاهِدُوْا
فِيْ سَبِيْلِهٖ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ



''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને તેના તરફ વસીલો શોધો અને તેની રાહમાં જેહાદ કરો જેથી તમો ફલાહ એટલે જન્નત મેળવો.'' આમાં વસીલાથી મુરાદ આમાલનો વસીલો છે, નહિ કે બુઝુર્ગોનો ! કેમ કે જે બુઝુર્ગોને વસીલો બનાવે છે તે પોતે પણ આમાલ કરતા હતા.

**જવાબ** : એના કેટલાક જવાબો છે. એક એ કે આમાલ તો 'ઈત્તકુલ્લાહ'માં આવી ચૂકયા હતા. જો વસીલાથી પણ મુરાદ (મતલબ) આમાલ હોય તો આ આયતમાં ટકરાવ પેદા થશે. એટલા માટે અહીં વસીલાથી મુરાદ બુઝુર્ગોનો વસીલો છે. **બીજું** એ કે જો 'આમાલનો વસીલો' આશય છે તો મુસલમાનોનાં બાળકો, પાગલ મુસલમાન અને નવમુસ્લિમ થતાં જ મરી ગયો, તેઓની પાસે આમાલ નથી તો તેઓ કોનો વસીલો પકડશે ? **ત્રીજું** કે જો 'આમાલનો વસીલો' મુરાદ છે તો શૈતાનની પાસે અગણિત આમાલ હતા તે તેનો વસીલો કેમ ન બન્યા ? **ચોથું** કે જો આમાલ મુરાદ હોય તો આમાલ પણ નબી, વલીના વસીલાથી પ્રાપ્ત થાય છે. તો તે હઝરાતો આમાલના વસીલા થયા. અને વસીલાનો વસીલો ખૂદ વસીલો કહેવાય છે ! બલ્કે હકીકત તો એ છે કે બુઝુર્ગોની નકલ છે. રમીએ હજમાં કાંકરી મારવી હઝરત ઈસ્માઈલ عليه الصلوٰة والسلام ની નકલ છે. સફા તથા મરવા વચ્ચે દોડવું હઝરત હાજરા رضي الله عنها ની નકલ છે. કુર્બાની કરવી હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام ની નકલ છે. તવાફમાં અક્કડ બનીને ચાલવું તે નબી صلى الله تعالىٰ عليه وسلم ની નકલ છે. એની ખૂબ જ ઉમદા સવિસ્તાર વિગત મારી કિતાબ **'શાને હબીબુર્રહમાન'** (ગુજરાતીમાં **અલ્લાહના હબીબની શાન,** ભાગ ૧–૨) માં જુઓ. જેમાં વર્ણન કરવામાં આવ્યું છે કે રોઝા, નમાઝ, ઝકાત, કલ્મા, હજ્જ કહેવાનો ભાવાર્થ એ છે કે દરેક ઈબાદત કોઈકની નકલ છે. હદીષ શરીફમાં છે કે જન્નત ખાલી રહી જશે તો એક જમાઅત તેને પૂરવા માટે પૈદા કરવામાં આવશે. આ જમાઅતે કયા અમલ કર્યા હતા ?

**નોંધ** :– જન્નતમાં પ્રવેશ ત્રણ રીતે થશે. કસબી, વહબી અને

અતાઈ. **કસબી** તે કે જેમાં જન્નતીના અમલની દખલ હોય. જેના વિશે ફર્માવવામાં આવ્યું (બદલો તે ચીજોનો જે તમે કરતા હતા). **જન્નતે વહબી** તે છે જે કોઈ બંદાના તુફેલથી મળે, આપણા અમલને તેમાં દખલ ન હોય. જેમ કે મુસલમાનોના નાબાલિગ બાળકો અને પાગલ મુસલમાન, કે તેઓ આમાલ વગર જન્નતી છે. જેમના વિશે ફર્માવવામાં આવ્યું,

وَاَلْحَقْتُهُمْ ذُرِّيَّتُهُمْ بِاِيْمَانٍ

અને **જન્નતે અતાઈ** તે છે કેવળ અલ્લાહના ફઝ્લથી મળે, કોઈ અન્ય ચીજની દખલ ન હોય. જેમ કે જન્નત ભરવા માટે જે મખ્લૂક પેદા થશે અથવા જે શફાઅત વગર જન્નતમાં જશે જેને જહન્નમી કહેવામાં આવશે જેના વિશે હદીષ શરીફમાં આવ્યું કે,

''અલ્લાહ તઆલા પોતાની એક કુદરતનો લપ (ખોબો) જહન્નમી લોકોથી ભરીને જન્નતમાં દાખલ કરશે.'' આ તે લોકો હશે જેમનું ઈમાન શરઈ ન હતું. પરંતુ હુઝૂર صلى الله تعالى عليه وسلم નો વસીલો બધાને માટે જરૂરી છે. મતલબ કે આમાલ વગર જન્નત મળી શકે છે પણ વસીલા વગર જન્નત કદાપી મળી શકતી નથી.

**વાંધો (૭)** :– કુર્આને કરીમ ફર્માવે છે કે હઝરત નૂહ عليه الصلاة والسلام એ પોતાના દીકરા કિન્આનની શફાઅત ફર્માવી તો આપને ફર્માવવામાં આવ્યું, ''હે નૂહ! એ આપના ઘરવાળાઓમાંથી નથી તેના આમાલ ખરાબ છે.'' જણાયું કે અમલ ખરાબ હોય તો નબી વલી વસીલો નથી થઈ શકતા.

**જવાબ** :– જી હા ! આ કિન્આનનો અમલ એ રીતે ખરાબ હતો કે તે નબીના વસીલાનો મુન્કિર હતો ! તોફાન (પુર) આવતાં તે આપના દામનમાં ન આવ્યો. હઝરત નૂહ عليه الصلاة والسلام એ કહ્યું હતું, '' હે બેટા ! અમારી સાથે સવાર થઈ જા, કાફિર સાથે ન રહે.'' તો તણે જવાબ આપ્યો, ''હું પહાડની પનાહ લઈશ, તે મને બચાવી લેશે.'' એટલા



માટે ગર્ક થઈ ગયો. જુઓ ! નબીઓના વસીલાની સાબિતી છે, નહિ કે ઈન્કાર ! જો હઝરત નૂહ عليه الصلاة والسلام નો વસીલો સ્વીકારત તો કદાપી ગર્ક ન થાત.

**વાંધો (૮)** :– હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام એ હઝરત લૂત عليه الصلاة والسلام ની કૌમને માટે દુઆ કરવા ઈચ્છા કરી તો રબે ફર્માવ્યું, ''હે ઈબ્રાહીમ ! તેઓના માટે દુઆ ન કરો, તેઓ ઉપર અઝાબ આવીને જ રહેશે.'' જુઓ ! પૈગમ્બરની દુઆ કબૂલ ન થઈ.

**જવાબ** :– કૌમે લૂત કાફિર હતી અને કાફિરો માટે વસીલો લાભદાયી નથી. કારણ કે તેઓ નબીના વસીલાના મુન્કિર હોય છે. કુર્આન ફર્માવે છે, હઝરત મૂસા عليه الصلاة والسلام એ નારાજ થઈને સામરીને ફર્માવ્યું, ''ખબીષ ! તને તારી જિંદગીમાં એવી નૌબત પહોંચશે (તારી એવી હાલત થશે) કે તુ લોકોને કહેતો ફરીશ કે મને કોઈ અડકશો નહિ.'' હઝરત કલીમુલ્લાહ عليه الصلاة والسلام ના મુખેથી નીકળેલી વાણી એવી સત્ય સાબિત થઈ કે તેના શરીરમાં એવી અસર પૈદા થઈ કે તેને જે સ્પર્શતું તેને તાવ આવી જતો અને ખૂદ સામરીને પણ. આ ખુદા તઆલાના પ્યારાઓનો આવો આલમ છે !

**જરૂરી નોંધ** :– ઈબ્રાહીમ عليه الصلاة والسلام ની દુઆ જરૂર કબૂલ થાય છે. હા, તેમની તે દુઆઓ જેમની વિરૂધ્ધ ખુદાનો ફેંસલો થઈ ચૂકયો હોય અને કલમ ચાલી ચૂકી હોય, જો પૈગમ્બર આવી દુઆ કરે તો તેઓને સમજાવીને રોકી દેવામાં આવે છે. આ રોકવામાં તેઓની ઘણી જ અઝમતના દર્શન થાય છે. એટલે કે હે પ્યારાઓ ! આ કામ નથી થઈ શકતું ! કારણ કે આપની અત્યંત અઝમત એમાં છે કે અમને એ માન્ય નથી કે તમારી વાણી બેકાર જાય, એટલા માટે તમે એ વિશે દુઆ જ ન કરો.

**સુબ્હાનલ્લાહ** ! વાંધો ઉઠાવનારે જે દુઆઓ રજુ કરી છે તે બધી આ પ્રકારની છે એ પણ યાદ રાખશો કે દુઆઓનો પૈગમ્બરોને સવાબ મળી જાય છે, ભલે કબૂલ ન થાય. એટલા માટે રબ તઆલા

ફર્માવે છે, ''આપનું દુઆ કરવું કે ન કરવું આ મુનાફિકો માટે સરખું જ છે. જેમ કે તેઓની મગફિરત નથી થઈ શકતી, આપને સવાબ ચોક્કસ મળશે.'' અહીં ''અલયહિમ' ફર્માવ્યું 'અલયક' નથી ફર્માવ્યું.

**વાંધો** (૯) :– 'મિશ્કાત શરીફ બાબુલ અન્ઝાર'માં છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ફાતિમહ્ ઝોહરા صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફર્માવ્યું, '' **લાઉગની અન્કિ મિનલ્લાહિ શયઆ.''** હું અલ્લાહના અઝાબને તમારાથી દૂર નથી કરી શકતો.'' જ્યારે પોતાની દુખ્તર (દીકરી) માટે વસીલો નથી બની શકતા તો આપણા માટે તે કેવી રીતે વસીલો થઈ શકે ? હવે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ વસીલો ન થયા તો અન્ય વલીઓનો તો ઉલ્લેખ જ શું કરવો ?

**જવાબ** :– તેના બે જવાબો છે. એક એ કે રબ તઆલાના મુકાબિલ થઈને (સામનો કરીને) તમારાથી રબનો અઝાબ દૂર નથી કરી શકતો એટલે કે રબ તઆલા અઝાબ દેવા ચાહે તો કોણ છે કે જે દૂર કરી શકે ? આ વસીલો તો ખુદાના હુકમથી થાય છે, નહીં કે તેના મુકાબિલ થઈને કરવામાં આવે છે. બીજી વાત એ કે, હે ફાતિમહ ! જો તમે ઈમાન કબૂલ ન કર્યું તો અમે તમારાથી અઝાબ દૂર હટાવી શકીશું નહીં. એટલે કે વસીલા મુસલમાનો માટે હોય છે કાફિરો માટે નથી હોતા. હઝરત નૂહ علیہ الصلوٰۃ والتسلیم નો દીકરો નબીનો પુત્ર હોવા છતાં કુફ્રના લીધે હલાક થઈ ગયો. જો આ જવાબ ન માનવામાં આવે તો આ હદીષ કુર્આનની પણ વિરૂધ્ધ થઈ જશે અને બીજી હદીષો પણ. રબ તઆલા ફર્માવે છે :–

إِنَّمَا وَلِيُّكُمُ اللّٰهُ وَرَسُولُهُ وَالْمُؤْمِنُونَ

''તમારા મદદગાર અલ્લાહ, રસૂલ અને મોમિન છે.''

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, **''કુલ્લુ નસબીન મુનકતઉન ઈલ્લા નસબી વ સબબી.''** ''કયામતમાં બધા જ ઝરીયા અને સંબંધો તૂટી જશે, મારા ઝરીયા અને રિશ્તાના સિવાય.'' (શામી બાબે ગુસ્લ)



ઉપરાંત ફર્માવે છે, **''શફાઅતિ લિ અહલિલ કબાઈરિ મિન ઉમ્મતિ.''** મારી શફાઅત મારી ઉમ્મતના ગુનેહગારો માટે હશે.'' તો એ કેવી રીતે શકય છે કે કબીરા ગુનાહવાળા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી બખ્શવામાં આવે અને લખ્તે જિગર નૂરે નઝર કાંઈ જ ફાયદો ન મેળવી શકે ?! (શામી)

**જરૂરી નોંધ** :– હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલથી કેટલાક ફાયદા કાફિરો પણ હાંસલ કરી લે છે. જેમ કે ખુદાના કહરથી અમન અને કયામતના દિવસે હશ્રના મેદાનથી છૂટકારો અને હિસાબની શરૂઆત થવી. (અને તે) એટલા માટે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો લકબ ' રહમતુલ્લિલ આલમીન' છે. અને અન્ય ફાયદાઓ છે જે ફકત મુસલમાનોને જ પહોંચશે, કાફિરોને નહીં, જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલ મગફિરત, ગુનાહોની માફી. એટલા માટે કે ફર્માવ્યું :–

وَبِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ

એટલે કે 'નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ફકત મુસલમાનો પર રહીમ છે.'

★ કેટલાક ફાયદાઓ એવા છે જે ફકત મુત્તકીઓને જ પહોંચે છે, ગુનેહગારોને નહીં. જેમ કે દરજ્જાઓ બલન્દ કરાવવા. આ અર્થના અનુસંધાનમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફમાવ્યું કે ''મારી સુન્નતોને છોડવાવાળો મારી શફાઅતથી વંચિત છે.'' બલન્દ દરજાઓની શફાઅતથી.

★ કેટલાક ફાયદાઓ તે છે કે જે કેવળ ગુનેહગારોને પહોંચશે, નેક લોકોને નહીં, જેમ કે (સાલેહીન) લોકો પાસે ગુનાહો હોતા જ નથી એમને મહફૂઝ (ગુનાહોથી રક્ષિત) કહેવાય છે. અંબિયા عَلَيْهِمُ السَّلَام ગુનાહોથી મઅ્સૂમ છે એટલે કે ગુનાહ કરી શકતા જ નથી. અને ખાસ અવલિયા ગુનાહોથી મહફૂઝ એટલે કે તેઓ ગુનાહ કરતા નથી. મૌલાના ફર્માવે છે :–

**લોહે મહેફૂઝસ્ત પેશે અવલિયા**
**અઝ પયે મહફુઝન્દ મહફૂઝ અઝ ખતા**

તેઓના માટે ગુનાહોના માફીની શફાઅત નથી. એના અનુંસંધાનમાં ફર્માવવામાં આવ્યું કે **"શફાઅતિ લિઅહ્લિ કબાઈરે મિન ઉમ્મતી."** "મારી શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહ કરનારાઓના માટે છે." તમારી રજુ કરેલ હદીષમાં બીજા ફાયદાઓ છે, શરત એ કે ઈમાન સ્વીકારવામાં ન આવે તો. એ પણ ધ્યાન આપશો કે અહીં ફાતેમતુઝ્ઝોહરા رضی اللہ عنہا ને ફર્માવવામાં આવ્યું છે અને બીજાઓને સંભળાવવામાં આવ્યું છે, નહીં તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં અબૂ લહબનો અઝાબ મંદ થયો, અબૂ તાલિબ દોઝખમાં જવાથી બચી ગયા.

**વાંધો (૧૦) :– બુખારી શરીફ કિતાબુલ ઈસ્તિસ્કા બાબો સવાલુન્ના સિલ ઈમામિલ ઈસ્તિસ્કા** માં છે કે, હઝરત ઉમર رضی اللہ عنہ દુકાળના પ્રસંગે હઝરતે અબ્બાસ رضی اللہ عنہ ના વસીલાથી વરસાદ માંગતા હતા. અને અર્ઝ કરતા હતા, "ઈલાહી અમે અમારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી વર્ષા માંગતા હતા અને હવે આપના ચાચાના વસીલાથી વરસાદ માંગીએ છીએ." તો વરસાદ પડતો હતો.

જાણવા મળ્યું કે ગુજરી ગયેલ બુઝુર્ગોનો વસીલો પકડવો મના છે, જીવતાઓનો વસીલો પકડવો જાઈઝ છે. જુઓ, હઝરત ઉમર رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પર્દો ફર્માવ્યા પછી હઝરત અબ્બાસ رضی اللہ عنہ નો વસીલો પકડયો, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વસીલો છોડી દીધો.

આ તે દેવબંદી–વહાબીઓનો વાંધો છે જેઓ જીવંત બુઝુર્ગોના વસીલાને સ્વીકારે છે, વફાત પામેલાઓના વસીલાનો અસ્વીકાર કરે છે.

**જવાબ** :– તેના બે જવાબો છે. એક છે ઈલ્ઝામી (આરોપ લગાડતો) બીજો તહકીકી (સંશોધનાત્મક). ઈલ્ઝામી જવાબ તો



એ છે કે જો વફાત પામેલા બુઝુર્ગોનો વસીલો પકડવો મના છે તો હુઝૂરની વફાત પછી કલ્મા શરીફમાંથી હુઝૂરનું નામ મુબારક અલગ કરી દેવું જોઈતું હતું, ફકત **"લાઈલાહ ઈલ્લલ્લાહ"** જ રાખવામાં આવત. અને 'અત્તહિય્યાત'માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم صلی اللہ تعالیٰ علیہ وسلم ને સલામ પઢવી બંધ કરી દેવામાં આવત, દુરૂદ શરીફ ખત્મ કરી દેવામાં (કાઢી નાખવામાં) આવત. કારણ કે આ બધું હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી વસીલો જ તો છે. જો કે આ બધાં કામો યથાવત રાખવામાં આવ્યાં છે. જણાયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વસીલો વફાત પછી પણ યથાવત જ છે.

હું પહેલા પ્રકરણમાં સાબિત કરી ચૂકયો છું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પછી સહાબાએ કિરામ رضی اللہ عنہم હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના બાલ મુબારક અને લિબાસ શરીફને ધોઈને બીમારોને પીવડાવતા અને બીમારો સાજા થતા અને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ વરસાદના માટે રોઝા શરીફની છત ખોલાવી નાખી અને વરસાદ આવ્યો. કુર્આને પાક ફર્માવે છે, હુઝરની અગાઉની ઉમ્મતો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈસ્મ શરીફના (નામ મુબારકના) વસીલાથી દુઆઓ માંગતા હતા.

કુર્આન શરીફ ફર્માવે છે, હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام પછી આપની નાલૈન શરીફ, ટોપી શરીફના તુફૈલ ફતહ હાંસલ થતી.

મૂસા علیہ الصلوٰۃ والسلام એ પોતાની વફાત બાદ મુસલમાનોની મદદ ફર્માવી કે પચાસ નમાઝોની પાંચ કરાવી દીધી.

બતાવો ! આ વફાત પામેલ બુઝુર્ગોનો વસીલો છે કે નહિ ? તદ્ઉપરાંત જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પૈદાઈશથી પહેલાં આપના ઈસ્મે મુબારકના વસીલાથી દુઆઓ કબૂલ થતી હતી. તો શું હવે આપના નામ મુબારકની તાષીર બદલાઈ ગઈ ?

બીજો તહકીકી જવાબ એ છે કે હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہ નું ફર્માન બતાવી રહ્યું છે કે હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં એમના અવલિયાનો વસીલો પણ જાઈઝ છે. એટલે કે વસીલો નબીથી ખાસ

નથી (એટલે કે કેવળ નબી જ વસીલો થઈ શકે એવું નથી, વલી પણ વસીલો થઈ શકે છે.) હઝરત અબ્બાસ નબી ન હતા. તદ્ઉપરાંત એ પણ જાણવા મળે છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની નિસ્બત થઈ જાય તો વસીલો પણ જાઈઝ છે. કારણ કે આપ ફર્માવે છે, (અર્થ) : ''અમે નબી رضی اللہ عنہ ના કાકાના વસીલાથી વરસાદ માંગતા હતા.'' આ હદીષની શરહમાં ઈમામ કિસ્તલાની رحمۃ اللہ علیہ શરહે બુખારીમાં ફર્માવે છે કે, ''હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના વસીલાથી એટલા માટે દુઆ માંગી કે તેઓને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી નિકટતા હતી.'' શયખ અબ્દુલ હક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ એ આ જ હદીષથી અવલિયાનો વસીલો સાબિત કર્યો. એટલે જ તેઓ શરહે હિસ્ને હસીનમાં આદાબે દુઆમાં વસીલાએ અવલિયાના સંબંધે લખે છે, કે, ''હઝરત ઉમર رضی اللہ عنہ નું હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના વસીલાથી વરસાદ માંગવું, આ જ 'અવલિયાના વસીલા' થી છે''

તે જ હિસ્ને હસીનનની શરહમાં તે જ જગ્યાએ મુલ્લા અલી કારી ફર્માવે છે, એટલે કે : ''દુઆમાં અંબિયા તથા અવલિયાનો વસીલો પકડવો મુસ્તહબ છે, બુખારીની આ રિવાયતોના લીધે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના વસીલાથી દુઆ કરી અને હઝરત ઉષ્માન ઈબ્ને હનીફની રિવાયતના કારણે (અંધ) ની દુઆમાં.''

હા ! જો ફારૂકે આઝમ رضی اللہ عنہ આ પ્રમાણે ફર્માવતા કે, મૌલા ! અત્યાર સુધી તો અમે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી દુઆ કરતા હતા, હવે તેમની વફાત પછી તેમનો વસીલો છોડી દીધો, હવે હઝરત અબ્બાસના સદકામાં દુઆ કરીએ છીએ. તો તમારી દલીલ યોગ્ય ગણાત. પરંતું નફીનો (નકારવાનો) ઉલ્લેખ નથી, એટલા માટે તમારી દલીલ ખોટી છે. અંબિયા તથા અવલિયાનો વસીલો સત્ય છે.''

**વાંધો (૧૧)** :– હદીષ શરીફમાં છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે, ''અમારી ઝકાત ન દેવાવાળા પોતાના માથાંઓ પર ગાયો, ભેંસો, બકરીઓ લાદીને (ઊંચકીને) આવશે અને અમારાથી શફાઅતની



દરખાસ્ત કરશે. હું એવું કહીને તેમને હટાવી દઈશ (ટાળીશ) કે મેં તમારા સુધી હુકમો પહોંચાડી દીધા હતા તો તમે કેમ અમલ ન કર્યો ? હવે શફાઅત કેવી ?''

આ હદીષ શરીફથી જણાયું કે ઝકાત ન દેવાવાળા મુજરિમોનો કોઈ વસીલો નથી. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વસીલો કામ ન લાગ્યો તો અન્યોનો વસીલો એ જ પ્રમાણે કામ ન આવી શકે. જેમ કે બુખારી શરીફ કિતાબુઝઝકાત ઈષ્મે માનેઉઝ્ઝકાતમાં છે.

**જરૂરી નોંધ** :– આ વાહિયાત વાંધો કહેવાતી 'જમાઅતે ઈસ્લામી' (મૌદૂદી જમાઅત) ના સ્થાપક મૌલ્વી મૌદૂદી સાહબનો છે, જે હાલના સમયમાં (તેમના અનુયાયીઓમાં) મુજદ્દિદ, અને ન જાણે શું શું છે !

**જવાબ** :– આ વાંધાના બે જવાબો છે એક એ કે આ બધું તે લોકોની સાથે થશે જેઓ ઝકાત ફર્ઝ હોવાના મુન્કિર થઈ ગયા હતા. જેમ કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના ખિલાફતકાળની શરૂઆતના સમયમાં થયું અને જેઓની સાથે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ જેહાદ કર્યો. અને ઝકાતની ફર્ઝિયતના મુન્કિર કાફિર છે અને કાફિરોના માટે ન વસીલો છે અને ન શફાઅત. તેનો સંબંધ મુસલમાનથી નથી !

બીજો જવાબ એ છે કે આ હદીષમાં ન કરી શકવાનો ઉલ્લેખ છે. એટલે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم શફીએ મુખ્તાર અને વસીલએ બાઈખ્તિયાર છે, જે ચાહે કરે, ન ચાહે ન કરે. તેઓના પર નારાજગી દર્શાવવા માટે આ ઈર્શાદ થયો હશે. જો આ હદીષનો એ અર્થ ન હોય તો પછી આ હદીષની વિરૂધ્ધ તે સાબિત થશે કે, ''**શફાઅત લિઅહલીલ કબાઈરિ મિન ઉમ્મતી.**'' મારી શફાઅત મારી ઉમ્મતના ગુનાહે કબીરાવાળાઓના માટે હશે.'' ઉપરાંત તે તમામ કુર્આની આયતોની વિરૂધ્ધ સાબિત થશે જે પહેલા પ્રકરણમાં આવેલ છે.

**જરૂરી નોંધ** :– વસીલા બે પ્રકારના છે. એક મજબૂર, જેમ કે સૂરજ રોશનીનો વસીલો, અને વરસાદ રિઝક (રોજી)નો વસીલો છે.

કુર્આને કરીમ રબની બખ્શિશનો તથા રમઝાન ગુનાહોની માફીનો.

બીજો બાઈખ્તિયાર, જેમ કે અંબિયા તથા અવલિયાની શફાઅત, અને દુનિયામાં હકીમ, વકીલ, હાકિમ તંદુરસ્તી તથા ન્યાયના વસીલા છે કે ધારે તો કરે ન ધારે તો ન કરે. આ હદીષ શરીફમાં (વાંધો લેનારે જે દર્શાવી છે તેમાં) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદાએ અર્પેલ ઈખ્તિયાર (અધિકાર)નો ઝિક્ર છે.

**વાંધો (૧૨) :–** બુખારી શરીફમાં હદીષે ગારમાં છે કે, ત્રણ વ્યકિતઓ જંગલમાં જઈ રહી હતી, તેવામાં વરસાદ શરૂ થયો. તેઓ આશરો લેવા માટે ગુફામાં ઘુસી ગયા. એક ચટ્ટાન ગુફાના (દ્વાર) પાસે ગબડી જેનાથી ગુફાનું મુખ બંધ થઈ ગયું. તો તેઓએ પોતાના નેક આમાલના વસીલાથી દુઆ કરી. આવા કપરા સંજોગોમાં કોઈ પીરનો વસીલો તેઓએ નથી પકડયો. જાણવા મળ્યું કે કોઈ બંદાનો વસીલો પકડવો જાઈઝ નથી.

**જવાબ :–** આ હદીષ શરીફમાં આ પ્રમાણે છે કે તે વ્યકિતઓએ આમાલના વસીલાથી દુઆ કરી. એવું કયાં આવ્યું કે બુઝુર્ગોનો વસીલો જાઈઝ કે નાજાઈઝ ? દાવો કાંઈ ઓર જ છે અને દલીલ કાંઈ ઓર જ ! આમાલનો પણ વસીલો જાઈઝ છે અને બુઝુર્ગોનો પણ. એક જાઈઝ પર અમલ કરવાથી બીજું જાઈઝ હરામ કેવી રીતે થઈ ગયું ?

હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم એ નમરૂદની આગમાં જતી વખતે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ના અર્ઝ કરવા છતાં પણ તે વખતે આફતનો સમય હોવાની દુઆ ન કરી. નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદતની ખબર આપી પણ દિફઅ (તેમ ન થાય)ની દુઆ ન કરી. તો શું એના પરથી એવું કહી શકાય કે દુઆ માંગવી જ હરામ છે ? આ વાંધો એકદમ બેહૂદો છે.

**વાંધો (૧૩) :–** શયખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે, **''નદારેમ ગયર અઝ તૂ ફરિયાદ રસ''** (તારા સિવાય અન્યને મદદગાર



સ્વીકારતો નથી.) જાણવા મળ્યુ કે ખુદા સિવાય કોઈ ફરિયાદ સાંભળતું નથી. પછી વસીલો કેવો ? જો વસીલો માનીશું તો ગયરે ખુદાને ફરિયાદ રસ માનવું પડશે !

**જવાબ :** અહીં હકીકી ફરિયાદ રસ (મદદ પહોંચાડનાર) મુરાદ છે, તેની નફી (ઈન્કાર) એ છે કે ખુદાના હુકમથી તેના પ્યારાઓ ફરિયાદરસ છે. આ જ સઅદી رحمۃ اللہ علیہ ગુલિસ્તામાં ફર્માવે છે,

**હર કેહ ફરિયાદરસ રોઝે મુસીબત ખ્વાહદ**
**ગોદર અય્યામે સલામત બજવાંમર્દી કોશ**

''જે ચાહે છે કે મુસીબતના દિવસે મારો કોઈ ફરિયાદરસ બને તેને કહી દો રાહતના સમય વખતે લોકોથી સદવર્તન કરે.''

એક દવાનું નામ છે 'શરબતે ફરિયાદરસ' તો કહો આ નામ શિર્ક છે કે નહીં ? આશ્ચર્યની વાત છે કે શરબત તો ફરિયાદરસ બની જાય પણ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ફરિયાદરસ ન બને !

**વાંધો (૧૪) :–** બોસ્તામાં છે,

**''બ તહદીદ ગર બરકશદ તેગે હુકમ**
**બમાનિન્દ કર્રોબયાં સુમ્મુ વ બુકમુન''**

એટલે કે, ''જો અલ્લાહ તઆલા ડરાવવા માટે હુકમની તલવાર ખેંચે તો ફરિશ્તા પણ બહેરા અને ગુંગા થઈ જાય.'' કહો શયખ સઅદી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગ ફરિશ્તાઓની જેવી મઅ્સૂમ જમાઅતને બેકાર ફર્માવી રહ્યા છે તો બીજાઓના વસીલાની તો વાત જ શું ?

**જવાબ :–** જનાબ ! અહીં ખુદાના મુકાબલામાં આ વાત કહેવામાં આવી છે. એટલે કે જો તે ગઝબ ફર્માવી દે તો કોઈ તેના મુકાબલામાં દમ નથી મારી શકતું. આ વાત પર દરેક મુસલમાનનું ઈમાન છે.

ચર્ચા તો એ વિષય પર છે કે રબ તઆલાના હુકમ અને મરજી (હુકમ) થી તેના મકબૂલ બંદાઓ સિફારિશ કરી શકે, અને રબ

તઆલાના તુફૈલ ગુનેહગારોને બખ્શી દે છે. આ વસીલો છે, એ શઅરને આ મસઅલા સાથે કોઈ સંબંધ નથી. શયખ સઅદીનો આ શેર ન દેખાયો ?!

**ચેહ બાશદ કે મુશ્તે ગદાયાને ખૈલ**
**બ મેહમાં દારુસ્સલાત તુફૈલ**

''યા રસૂલલ્લાહ ! કેટલું સારું થાત કે અમારી જેવા મુઠ્ઠીભર ફકીરો આપના તુફૈલ જન્નતના મહેમાનખાનામાં પહોંચી જાય.''

વધુમાં ફર્માવે છે,

**''ખુદાયા બહક્કે બની ફાતિમહ,**
**કેહ બર કૌલે ઈમાં કુનમ ખાતિમહ''**

''હે ખુદા ! હઝરત ફાતિમહ ઝોહરા رضی اللہ عنہا ની અવલાદના તુફૈલ મારો ખાત્મો ઈમાન પર થાય.'' આ સ્પષ્ટ બુઝુર્ગોનો ફેંસલો છે. વધુમાં ફર્માવે છે,

**''શુનીદમ કેહ દર રોઝે ઉમીદો બીમ,**
**બદાંરા બનેકાં બબખ્શદ કરીમ.''**

''કયામતના દિવસે નેક લોકોના વસીલાથી ખુદા તઆલા ગુનેહગારોને બખ્શી દેશે.''

**વાંધો (૧૫) :–** જો અલ્લાહ તઆલાના મકબૂલ બંદાઓ ખુદા સુધી પહોંચવાનો વસીલો પણ હોય તો પણ ખુદા તઆલાને પામી લીધા પછી તેઓને છોડી દેવા જોઈએ. જેમ કે રેલગાડીમાં તેટલો જ સમય બેસીએ છીએ જ્યાં સુધી આપણે મંઝિલ પર ન પહોંચીએ. નિયત સ્થળે પહોંચ્યા બાદ આપણે તેને છોડી દઈએ છીએ. મુસલમાને કલ્મો પઢી લીધો, ખુદાને પામી લીધો. હવે બુઝુર્ગોની શું જરૂરત રહી ?

**જવાબ :–** વસીલા બે પ્રકારના છે. એક કેવળ વસીલો જેમ કે મુસાફિર માટે રેલવેગાડી. બીજો તે વસીલો જેની સાથે મકસદ જોડાએલા



હોય, જેમ કે પ્રકાશ માટે દીવો. પહેલા પ્રકારનો વસીલો ધ્યેય પ્રાપ્ત કર્યા બાદ છોડી દેવામાં આવે છે, પરંતુ બીજા પ્રકારનો વસીલો કદી છૂટી શકતો નથી, નહીં તો તુરંત ધ્યેય નષ્ટ થઈ જાય છે. પ્રકાશ દીવાના લીધે અસ્તિત્વમાં છે જો તેને હોલવી નાખવામાં આવે તો અંધારું છવાઈ જશે. અલ્લાહ તઆલાના નેક બંદાઓ બીજા પ્રકારનો વસીલો છે. એટલા માટે ખુદા તઆલાએ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને નૂર ફર્માવ્યા તો કયાંક સિરાજમ્મુનીર એટલે ચમકતો સૂરજ. કહેવાનો આશય એ છે કે જેવી રીતે સૂરજની જરૂરત હમેશાં છે એવી રીતે પ્યારા ! દુનિયાને તમારી કાયમની જરૂરત છે. એટલા માટે કબરમાં એમના નામ પર કામયાબી અને હશ્રમાં એમના દમ પર (સદકામાં) નજાત (છૂટકારો) રાખ્યો. صلی اللہ تعالیٰ علیہ وسلم

**વાંધો (૧૬) :–** જ્યારે ખુદા તઆલા દરેકનો રબ છે અને તેનું નામ રબ્બુલ આલમીન છે તો પછી કોઈ વસીલાની જરૂરત શું છે ? દરેક વ્યકિત તેના (રબ્બુલ આલમીનના) દરવાજા પર વાસ્તા વગર (ડાયરેકટ) જાય અને લાભ લે. વસીલાનો મસઅલો તેના રબ્બુલ આલમીન હોવાની વિરૂધ્ધ છે !

**જવાબ :–** આ વાંધાના બે જવાબો છે. ઈલ્ઝામી અને બીજો તહકીકી. ઈલ્ઝામી જવાબ તો એ છે કે રબ તઆલા ''રાઝિકુલ ઈબાદ'' (બંદાઓને રોજી આપનાર) છે, ''શાફિઉલ અમરાઝ'' (બીમારોને તંદુરસ્ત કરનાર) છે, તો પછી તમે રોજીની શોધમાં માલદારોની પાસે અને તંદુરસ્તી મેળવવા ડોકટરોની પાસે શા માટે જાવ છો ? તમારું તે લોકો પાસે જવું પણ ખુદા તઆલાના રાઝિક અને શાફી (રોજી અને તંદુરસ્તી આપનાર) હોવાની વિરૂધ્ધ છે. તે ''અહકમુલ હાકિમીન'' (હાકિમોનો હાકિમ) છે, તો પછી કોર્ટ કચેરીના અધિકારીઓની પાસે શા માટે જાવ છો ? જનાબ ! વસીલા તો રબ તઆલાના દરવાજા છે અથવા તેના ચક્કર. તો તેના હાથોથી જે કાંઈ થાય છે તે રબ તઆલાની તરફથી જ થાય છે. એ જ પ્રમાણે અવલિયા અલ્લાહ, અંબિયાએ કિરામ રબ તઆલાના મઝહર (જાહેર થવાની જગા) છે.

તહકીકી જવાબ એ છે કે આ વસીલાઓની જરૂરત રબ તઆલાને નથી પણ આપણને છે, જેમ કે રોટલીને તવાના ઝરીયે સેકવામાં આવે છે. તો આગ ગરમ કરવા માટે તવાની મોહતાજ નથી બલ્કે રોટી મોહતાજ છે.

રબ તઆલા દરેકનો રબ છે પણ તેની રબૂબિયત (પાલનહારપણા)ની મઝહર (જાહેર થવાની જગાઓ) આ ચીજો છે. સાપ તેની કહ્હારિયતનો મઝહર છે અને બીજી આરામ દેનાર ચીજો તેની રહમતની તજલ્લીની જગાઓ છે.

**વાંધો (૧૭)** :– વસીલાના મસ્અલાથી લોકો ખરાબ અમલવાળા થઈ જશે, કેમ કે જ્યારે તેઓને ખબર થશે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બખ્શાવી દેશે તો પછી અમલ કરવાની મેહનત કોણ ઉઠાવે ?

**જવાબ** :– આ વાંધો એવો છે કે જેવું આર્યહ કહે છે કે તૌબાના મસઅલાથી બદઅમલી અને ઝકાતના મસઅલાથી બેકારી વધે છે. કારણ કે જ્યારે મુસલમાનને ખબર છે કે તૌબાથી ગુનાહ માફ થઈ જાય છે તો પછી ખૂબ જ ગુનાહ કરીને તૌબા કરી લેશે. અને જ્યારે ગરીબોને ખબર હોય કે માલદારોની ઝકાત લાખો રૂપિયા વાર્ષિક નીકળે છે, પછી કમાણી શા માટે કરીએ ? જ્યારે આ રીતે મળી જાય તો મહેનત શું કામ કરે ? જે આનો જવાબ છે તે જ આ વાંધાનો જવાબ છે. જેમ કે તૌબાની કબૂલિયતનો ભરોસો નથી, મળે કે ન પણ મળે.

એ જ પ્રમાણે જો બદઅમલી કરવામાં આવી તો ભરોસો નથી કે વસીલો નસીબ થાય કે ન પણ થાય. હું તો કહું છું કે વસીલાના ઈન્કારથી બદઅમલી વધશે. કારણ કે દોઝખમાં તો જવાનું જ છે, લાવો દસ ગુનાહ વધારે કરી લઉં ! શયખ ફર્માવે છે :–

**ન બીની કેહ ચું ગરબહ્ આજિઝ શવદ**
**બર આરદ બચંગાલ ચશ્મે પિલન્ગ**

જ્યાં સુધી બિલાડીને જીવ બચાવવાની આશા રહે છે ત્યાં સુધી



ચિત્તાથી નાસે છે પણ જ્યારે ફસાઈ જઈને જીવથી નિરાશ થઈ જાય છે તો ચિત્તા પર હુમલો કરી દે છે. નિરાશા હિમ્મત ઉત્પન્ન કરે છે.''

**વાંધો (૧૮)** :– અરબના મુશ્રિકો એટલા માટે મુશ્રિક થયા કે તેઓ બુતો(મૂર્તિઓ)ને રબના બંદા તો સમજતા હતા પણ તેમનાથી ગયબી મદદ માંગતા હતા અને તેઓને ખુદા સુધી પહોંચવાનો વસીલો સમજતા હતા. તેઓ કોઈ મૂર્તિને ખાલિક અથવા માલિક માનતા ન હતા. રબ તઆલા ફર્માવે છે :–

وَلَئِنْ سَأَلْتَهُمْ مَنْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ لَيَقُوْلُنَّ اللّٰهُ

''અને જો આપ મુશ્રિકોને પૂછો કે આસમાનો અને જમીનને કોણે પેદા કર્યા ? તો તેઓ કહેશે કે અલ્લાહ તઆલાએ.''

આ પરથી જણાયું કે તે મુશ્રિક ફકત એ કારણે મુશ્રિક થયા કે તેમણે ખુદાના બંદાઓને બંદા માનીને તેમને મદદ પૂરી કરનાર અને મુશ્કેલી ટાળનાર મદદે પહોંચનાર માન્યા. આ પ્રમાણે તમે નબીઓ અને વલીઓને માનો છો તો તમે અને તેઓ બંને સરખા છે.

**જવાબ** :– એક છે રબ તઆલાની 'કુદરત' અને બીજો છે રબ તઆલાનો 'કાનૂન'. કુદરત તો એ છે કે રબ તઆલા ચાહે તો દરેક નાનું મોટું કામ કોઈ વસીલા વિના જાતે જ કરે. પણ કાનૂન એ છે કે જે કામ કરે તે પોતાના બંદાઓના વસીલાથી કરે. કુદરતનું વર્ણન આ આયત શરીફમાં આવે છે :–

وَاَمْرُهٗ اِذَا اَرَادَ شَيْـًٔا اَنْ يَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ

''તેની શાન એ છે કે કોઈ ચીજને ધારે તો કુન ફર્માવી દે તો તે ચીજ (પૈદા) થઈ જાય.'' અને કાનૂનનો ઉલ્લેખ સેંકડો આયતોમાં દા.ત. :–

قُلْ يَتَوَفّٰىكُمْ مَلَكُ الْمَوْتِ الَّذِیْ وُكِّلَ بِكُمْ

"ફર્માવી દો ! તમને મલકુલ મૌત વફાત આપશે, જે તમારા પર નક્કી કરી દેવામાં આવેલ છે."

وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ

"નબી صلی اللہ تعالیٰ علیہ وسلم તેઓને પાક ફર્માવે છે અને કિતાબ તથા હિકમતનો ઈલ્મ શીખવાડે છે."

وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا

"કહો કે યા અલ્લાહ ! જેવી રીતે મારા માંબાપે બાળપણમાં મને ઉછેર્યો તુ પણ તેઓના પર રહમ ફર્માવ."

જુઓ ! મૌત આવવું, પાક કરવું, પાળવું, પોષવું રબ તઆલાના હુકમથી છે પરંતુ બંદાઓના ઝરીયાથી થયું. મુશ્રિકોનો અકીદો એ હતો કે એક ખુદા આટલી મોટી દુનિયાની વ્યવસ્થા નથી કરી શકતો, એટલા માટે તેણે પોતાના કેટલાક બંદાઓ દુનિયા સંભાળવા માટે નક્કી કર્યા છે. એટલે કે તેઓએ બંદાઓને રબ તઆલાની બરાબર કરી દીધા, એટલા માટે તેઓ મુશ્રિક થયા. એટલા માટે કયામતમાં બુતોથી કહેશે :–

تَاللّٰهِ اِنْ كُنَّا لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ

"ખુદાની કસમ ! અમે ઉઘાડી ગુમરાહીમાં હતા કે અમે તમોને ખુદાના બરાબર સમજતા હતા."

જણાયું કે તેઓ બુતોને બંદા માનીને રબ તઆલાને તેઓનો હાજતમંદ માનતા હતા. કુર્આન મજીદ આવા વસીલાને રદીયો આપે છે :–

لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ٥



એટલે કે, "ખુદા તઆલાએ ન પોતાનો બાળક બનાવ્યો, ન તેના માલિકપણામાં કોઈ શરીક છે, અને ન કમજોરીના કારણે તેનો કોઈ વલી (મદદગાર) છે." એટલે કે તેણે જે અવલિયા મુકર્રર ફર્માવ્યા છે તે પોતની શાન જાહેર કરવા માટે બનાવ્યા , ન કમજોરી કે લાચારીના કારણે. જાણવા મળ્યું કે મુશ્રિકો ખુદા તઆલા વિશે એવો અકીદો રાખતા હતા કે ખુદા તઆલાના કેટલાક બંદાઓ એટલા માટે વલી છે કે ખુદા આટલા વિશાળ કામ પર કાદિર (શકિતમાન) નથી. કોઈ મુસલમાનનો આવો અકીદો નથી. મુશ્રિકો અવલિયાને એવા માનતા હતા જેવા કે કાઉન્સિલના સભ્યો, અને મુસલમાન અવલિયાને એવા માને છે જેવા કે બારગાહે આલિયહ (ખુદાની બારગાહ)ના ખાદિમો અને કામ કરનારા. એટલા માટે તેઓ મુશ્રિક હતા અને આ મોમિન રહ્યા. મતલબ એ છે કે રબની કુદરતનો મુન્કિર હોય છે તે મુશ્રિક અને જે કુદરત સ્વીકારીને રબના કાનૂનનો મુન્કિર હોય તે 'વહાબી' છે.

**જરૂરી નોંધ** :– આપણે આપણી જિંદગી વિશે વિચાર કરીએ તો જણાશે કે દુનિયાની કોઈ નેઅમત આપણને વસીલા વિના મળતી નથી. પૈદાઈશ અને ઉછેર માંબાપના વસીલાથી, જ્ઞાન અને હુન્નર ઉસ્તાદ (શિક્ષક) ના વસીલાથી, તંદુરસ્તી દાકતરના વસીલાથી, મૃત્યુ મલકુલ મૌતના વસીલાથી. તો હવે આખેરતની નેઅમતો તો દુનિયાની નેઅમતો કરતાં કંઈ કેટલા ઘણી વધારે છે તો વસીલા વિના કેવી રીતે મળી શકે ?

કલમો, કુર્આન, રોઝા નમાઝ ખુદાના ઓળખ ચિન્હો છે. મતલબ કે આ બધી નેઅમતો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી મળી તો પછી વસીલાનો ઈન્કાર ન કરવો જોઈએ. પણ જાહિલની શું વાત થાય ?

**નોંધ** :– બધી ઈબાદતોનો ફાયદો કેવળ ઈન્સાનોને થાય છે. પણ વસીલાનો ફાયદો જિન, જાનવર, ફરિશ્તા બલ્કે વૃક્ષ, જમીન, સમય, દરેકને થાય છે. મક્કા મોઅઝ્ઝમા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી મહાન, કોહે તૂર હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم થકી આ'લા (ઉચ્ચ) છે, આબે ઝમઝમ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم ના તુફૈલથી બરકતવંત (મોતબર્રક)

બની ગયું, અય્યૂબ عليه الصلوٰة والسلام ને શિફા આપવા માટે ફર્માવવામાં આવ્યું :–

اُرْكُضْ بِرِجْلِكَ هٰذَا مُغْتَسَلٌ بَارِدٌ وَّشَرَابٌ

''પોતાના પગ જમીન ઉપર ઘસો. તેનાથી જે પાણીનો ઝરો ફૂટે છે તેને પીઓ. તેનાથી સ્નાન કરો.'' એટલે તે મુજબ કરતાં આપને શિફા મળી. જણાયું કે બુઝુર્ગોના ધોવાણ એમના પગોના વસીલાથી શિફા (આપનાર) બની જાય છે. મતલબ કે બુઝુર્ગોનો વસીલો દરેક વસ્તુને ફાયદો પહોંચાડે છે.

**વાંધો (૧૯)** :– હાલના વહાબીઓ એવું કહે છે કે ઈન્સાન ભલે ગમે તેટલો મોટો હોય મૃત્યુ બાદ આ દુનિયાથી બેખબર થઈ જાય છે. અહીંની તેને તદ્દન ખબર હોતી નથી. જુઓ અસ્હાબે કહફ ૩૦૦ વરસ ઊંઘીને જ્યારે જાગ્યા તો તેઓ સમજ્યા) કે અમો દિવસભર સૂતા.

હઝરત ઉઝૈર عليه الصلوٰة والسلام ને સો વરસ સુધી વફાત પામેલ રહીને જ્યારે જીવંત કરવામાં આવ્યા તો રબ તઆલાએ પૂછયું, ''તમે કેટલા દિવસ રોકાયા ?'' અર્ઝ કરી, ''હું એક દિવસ અથવા એનાથી પણ ઓછું રોકાયો છું.'' ફર્માવવામાં આવ્યું, ''તમો અહીં સો વર્ષ રહ્યા.'' જો તેમનું ધ્યાન આ દુનિયા પર હોત તો આ સમયના અનુમાનમાં શા માટે ભૂલ કરત ? જો આટલા મોટા બુઝુર્ગને અહીથી કશો સંબંધ નથી રહેતો તો બીજા અવલિયા અલ્લાહની તો વાત શું રહી ? જ્યારે આ લોકો અહીંથી એવા સંબંધ વિહોણા છે તો પછી તેઓની કબરો પર જઈને તેઓના વસીલાથી દુઆ કરવી અથવા તેમનાથી હાજત માંગવી તદ્દન નિરર્થક છે.

**જવાબ** : અલ્લાહ તઆલાના પ્યારા બંદાઓ આ દુનિયાથી વફાત પામ્યા બાદ આ દુનિયાથી તઅલ્લુક રાખે છે. અહીંની ખબર રાખે છે. મેઅરાજ શરીફની રાત્રે બધા પૈગમ્બરોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ બયતુલ મુકદસમાં નમાઝ પઢી. હજ્જતુલ વિદાઅના પ્રસંગે ઘણા પૈગમ્બરોએ શિર્કત કરી. જેની ખબર નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપી.



હઝરત મૂસા عليه الصلوٰة والسلام એ મેઅરાજની રાતે પચાસ નમાઝોની પાંચ કરાવી દીધી. આ હઝરાત તે આલમમાં પહોંચીને આ તરફથી અજાણ બની જાત તો તેઓને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મેઅરાજની અને હજ્જતુલ વિદાઅની ખબર કેવી રીતે હોત ? અને હઝરત મૂસા عليه الصلوٰة والسلام ને (જાણ ન થાત તો) નમાઝ ઓછી કરવાની શું જરૂર પડી ? રબ તઆલા ફર્માવે છે :–

وَاسْأَلْ مَنْ أَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رُّسُلِنَا أَجَعَلْنَا مِنْ دُوْنِ الرَّحْمٰنِ آلِهَةً يُّعْبَدُوْنَ

''હે નબી ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમારાથી આગલા પૈગમ્બરોને પૂછો કે શું અમે ખુદાના સિવાય બીજા મઅબૂદો બનાવ્યા છે ? જો તે પૈગમ્બરો આ દુનિયાથી અજાણ થઈ ગયા તો પછી પૂછવાનું કેવું ?''

મુડદું કબ્રસ્તાનમાં આવનારનો પગરવ સાંભળે છે. જેવું કે હદીષ શરીફમાં વર્ણન થયેલ છે.

અસ્હાબે કહફ અને હઝરત ઉઝૈર عليه الصلوٰة والسلام ના મોઅજિઝાઓ અને કરામતો બતાવવી મંજૂર હતી. એટલા માટે રબ તઆલાએ વિશિષ્ટ રીતે તેઓને આ દુનિયાથી અજાણ કરી દીધા. જો અસ્હાબે કહફને પોતાના સૂઈ રહેવાની ખબર થાત તો બજારમાં ન આવત અને આ કરામાત લોકો સમક્ષ જાહેર ન થાત. જેમ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે અમારું દિલ જાગતું રહે છે કેવળ આંખ સૂએ છે. પણ તારીસની રાત્રે (રાતના પાછલા પહોરે મુસાફરનું મંઝિલ પર ઉતરી આરામ કરવું) રબ તઆલાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દિલને પોતાના તરફ ધ્યાનિત કરી દીધું. અને ફજરની નમાઝ કઝા થઈ ગઈ કે જેથી ઉમ્મતને નમાઝ પઢવાનો તરીકો માલૂમ થઈ જાય.

જો નબી વલી વફાત પછી આ તરફથી તદ્દન સંબંધ વિહીન થઈ જાય છે તો આપણા દુરૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી કઈ રીતે પહોંચે છે ? એવી વ્યકિતને સલામ કરવી મના છે જે જવાબ ન આપી શકે. જેમ કે ઊંઘતો માણસ, ઈસ્તિંજા કરનાર, નમાઝી અને અઝાન દેનાર. જો નબી

عليه الصلوٰة والسلام સાંભળતા જ નથી અને જવાબ નથી આપી શકતા તો તેમને સલામ કરવી મના હોવી જોઈતી હતી.

એ પણ હોઈ શકે છે કે હઝરત ઉઝૈર عليه الصلوٰة والسلام પણ ખરેખર સો વર્ષ વિત્યાં હોય જેવી રીતે કયામતનો એક દિવસ હજારો વર્ષ જેટલો હશે પણ મોમિનના માટે એક નમાઝ જેટલો હશે. ત્યાં બંનેની અસર મૌજૂદ હતી કે ગધેડાને સો વર્ષ પસાર થઈ ગયાં હતાં. અને શરબત પર એક દિવસ ફર્માવવો પણ બરાબર હતું, કે તે બંને વાતો હકીકત પર અવલંબિત હતી.

**વાંધો (૨૦) :–** નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂબ કોશિશ કરી કે અબૂ તાલિબ ઈમાન લઈ આવે પણ ન લાવ્યા. આપ શું કરી શકતા હતા ? બલ્કે આયત ઉતરી :–

‘‘જેને તમે મહોબ્બત કરો છો તેને તમે હિદાયત નથી આપી શકતા.’’ જ્યારે પોતાનાં સગાંઓનો વસીલો નથી બની શકતા તો બીજાનું તો પૂછવાનું જ શું ?

**જવાબ :–** આ આયતનો મતલબ સ્પષ્ટ છે કે જેનાથી આપ મહોબ્બત કરો તેને હિદાયત નથી આપી શકતા. કારણ કે આપ ‘રહમતુલ્લિલ આલમીન’ છો તેથી બધાને મહોબ્બત ફર્માવી બધાના જ ઉપર રહમ કરો છો. કાફિર હોય કે મોમિન, મુખ્લિસ હોય કે મુનાફિક. પણ હિદાયત તેને જ મળશે જે આપનાથી મહોબ્બત કરે, અને આપનાથી જ મહોબ્બત કરશે તે આપની વાત માનશે.

અબૂ તાલિબે આપનાથી મહોબ્બત ન કરી અને આપની વાત ન માની, કલ્મો ન પઢયો એટલા માટે હિદાયત ન મેળવી શકયા. તેમાં ખૂદ તેમનો જ વાંક છે. જો કોઈ આફતાબ (સૂરજ)થી રોશની ન (પ્રાપ્ત) કરે તો તેનું નસીબ. સૂર્ય રોશની આપવામાં ઉણપ નથી કરતો. છતાં પણ અબૂ તાલિબને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવાનો લાભ મળ્યો કે તેમને દોઝખમાં રાખવામાં નથી આવ્યા બલ્કે આગની ગુફામાં છે. જેમ કે બુખારીની હદીષમાં છે.



**વાંધો (૨૧) :–** નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હુસૈન رضی اللہ عنہ ની મદદ ન કરી તો બીજાઓની પણ નથી કરી શકતા. પછી વસીલો કેવો ?

**જવાબ :–** હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મદદ જ નથી માંગી કે જેથી સબરમાં ફર્ક ન પડે. જેમ કે ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام એ આગમાં જતી વખતે રબથી મદદ ન માંગી. તે ઉપરાંત હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની અડગતા કે આકરી અને સખત મુસીબતોમાં સંયમ જાળવ્યો, તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મદદથી જાળવ્યો.

**વાંધો (૨૨) :–** કુર્આન શરીફથી સાબિત છે કે અંબિયા عَلَيْهِمُ السَّلَام પોતાના જીવન દરમિયાન પણ દુનિયાથી બેખબર રહે છે. જુઓ સુલૈમાન عليه الصلوٰة والسلام એ હુદ હુદ ન હોવાથી લોકોને કહ્યું કે હું હુદ હુદ નથી જોતો. જો જાણકાર હતા તો પૂછયું કેમ ? તદ્ ઉપરાંત હુદ હુદે આવીને કહ્યું, હું તે વસ્તુ જોઈને આવ્યો છું જે આપે નથી જોઈ, એટલે કે બિલ્કીસ અને તેનું તખ્ત. જુઓ હુદ હુદના ખબર આપતાં પહેલાં આપને બિલ્કીસની ભાળ ન મળી. સબા શહેરની જ્યારે તેઓ ખબર જ નથી રાખતા તો વસીલો કેવી રીતે બની ગયા ?

**જવાબ :–** આ આયતમાં એવું કયાં છે કે હઝરત સુલૈમાન عليه الصلوٰة والسلام ને ખબર ન હતી. હુદ હુદે આપની અજાણતાનો દાવો નથી કર્યો, બલ્કે અર્ઝ કરી, ‘‘હું એવી વસ્તુનું નિરિક્ષણ કરી આવ્યું છે જેને આપે જઈને જોઈ નથી.’’ અને આપ ખરેખર તે સમય સુધી ત્યાં જિસ્મ શરીફ સાથે ગયા ન હતા. ખબર તો આપને હતી પણ જાહેર કરી ન હતી કે જેથી ખબર પડે કે પૈગમ્બરોની સોહબત (સંગત)માં રહેવાવાળાં જાનવર પણ હજારોના ઈમાનનો વસીલો બની જાય છે. જુઓ હુદ હુદના ઝરીયાથી જ બધા યમનવાળાઓ અને બિલ્કીસ વગેરેને ઈમાન નસીબ થયું. એ ઉપરાંત પણ એમાં હજારો હિકમતો સમાયેલી છે.

હઝરત યૂસુફ عليه الصلوٰة والسلام એ બાદશાહ બનીને પણ પોતાના વાલિદે માજિદને પોતાની ખબર ન મોકલી. એટલા માટે નહીં કે આપ તેમનાથી બેખબર હતા પણ સમયની રાહ જોતા હતા. અને આપની પુષ્કળ

અઝમત જાહેર થવાની હતી કે દુષ્કાળની પરિસ્થિતિમાં તમામ આલમનું રિઝ્ક આપને ત્યાં પહોંચ્યું અને બધા લોકોને રોજી માટે આપના જરૂરતમંદ કરવામાં આવ્યા.

સારું, બતાવો કે જ્યારે સુલૈમાન عليه السلام એ આસિફને બિલ્કિસનો તખ્ત લાવવાનો હુકમ કર્યો તો ન તેમણે કોઈનાથી યમનના દેશનું ઠેકાણું પૂછયું અને ન બિલ્કીસના વિશે, ન તખ્તની જગા પૂછી બલ્કે આંખ પલકારો મારે તે પહેલાં તખ્ત લાવીને હાજર કરી દીધો. તેમને પણ બિલ્કિસની બધી જગ્યાઓની ખબર હતી કે નહીં ? જરૂર હતી. તો જેની સંગતમાં રહીને આ ખૂબી પ્રાપ્ત કરી હતી તે પોતે અજાણ હોય તે શકય નથી.

રબ તઆલા ફર્માવે છે, જેની પાસે કિતાબનો ઈલ્મ હતો તેમણે કહ્યું કે, ''હું આપની આંખ પલકારો મારે તે પહેલાં બિલ્કિસનું તખ્ત લઈ  આવીશ.''

બતાવો !  તે કિતાબ આસિફે કોની પાસે પઢી હતી. ખૂદ હઝરત સુલૈમાન عليه السلام માટે આશ્ચર્ય ગણાય કે શાગિર્દને ખબર હોય અને ઉસ્તાદને ન હોય ?! રબ તઆલા સમજ શકિત આપે. મતલબ કે આપને ઈલ્મ હતો પણ સમય પહેલાં જાહેર કરવાનો ન હતો. ખુદા તઆલાથી મુરાદ પ્રાપ્ત કરવા વસીલો તલબ કરવો અલગ ચીજ છે.

**વાંધો (૨૩)** :– રબ તઆલા ફર્માવે છે,

فَيَغْفِرُ لِمَنْ يَّشَاءُ وَيُعَذِّبُ مَنْ يَّشَاءُ

''રબ તઆલા જેને ચાહે તેને બખ્શી દેશે અને જેને ચાહે અઝાબ આપશે.'' જે નબીઓ વલીઓને તમે મગફિરતનો વસીલો સમજો છો ખૂદ તેઓની મગફિરતનું ઠેકાણું નથી. ખબર નહીં તેઓની મગફિરત થાય કે ન થાય ! તેઓ તમારા વસીલા છે તો બતાવો કે જો ખુદા તઆલા તેઓને પકડે તો તેઓનો વસીલો કોણ રહેશે ? **'મંય્યશાઅ'**માં **'મન'** (આમ સર્વ સામાન્ય)છે, નબી, વલી બધા જ એમાં શામેલ છે.



**જવાબ** :– એના બે જવાબો છે. એક **આલિમાના** બીજો **સૂફિયાણો.** આલિમાના જવાબ એ છે કે બંદાઓ ત્રણ પ્રકારના છે. એક તે જેઓની જહન્નમી હોવાની ખબર આપી દેવામાં આવી. જેમ કે અબૂ લહબ અને તેની પત્ની વગેરે. જેઓના વિશે ફર્માવી દેવામાં આવ્યું, '' તે અને તેની પત્ની નજીકમાં જ ભડકી રહેલી આગમાં પહોંચશે.'' બીજો પ્રકાર એ છે કે જેમના જન્નતી હોવાની ખબર આપવામાં આવી. ફર્માવવામાં આવ્યું, ''અલ્લાહ તેમનાથી રાજી થઈ ગયો તેઓ અલ્લાહથી રાજી થઈ ગયા.'' અથવા ફર્માવી દેવામાં આવ્યું, ''અલ્લાહ તઆલાએ તે બધાને જન્નતનો વાયદો કરી દીધો.'' ત્રીજો પ્રકાર તેઓના જેઓના વિશે કોઈ ખબર આપવામાં ન આવી, જેમ કે આપણે બધા. પહેલી જમાઅતનું દોઝખી હોવું અને બીજી જમાઅતનું જન્નતી હોવું એટલુ વિ□ાસપૂર્ણ છે કે જેવી રીતે અલ્લાહ તઆલાનું એક હોવું. કેમકે ' અલ્લાહ તઆલાનું સાચું  હોવું તેની એવી સિફત છે કે જેવું તેનું એક હોવું.' તમારી રજુ કરેલ આયતમાં ત્રીજી જમાઅત મુરાદ છે, કેમ કે ખુદા વાયદાથી વિરૂધ્ધ નથી કરતો.

સૂફિયાણો જવાબ એ છે કે આ આયતનો મતલબ એ છે કે ખુદા તઆલા જેને ચાહે છે કે નેક અમલની તૌફીક આપી જન્નતી બનાવે છે અને જેને ઈચ્છે ગુમરાહ કરી જહન્નમી બનાવે છે, એટલે કે જન્નતી કે જહન્નમી હોવાનો ઈરાદો થઈ ચૂકયો છે. તે કયામતમાં કેવળ જાહેર (દ્રષ્ટિગોચર) થશે. દરેકના માટે કલમ ચાલી ચૂકેલી છે. એ મતલબ નહીં કે જે નેક કામો કરવાવાળાને ચાહે જહન્નમી કરી દે અને જે કાફિરને ચાહે જન્નતી બનાવી દે.  તો જેને જહન્નમી બનાવી ચૂકયો તે જહન્નમી થઈ ગયો એથી ઉલ્ટું થવું આયતની વિરૂધ્ધ ગણાશે.

**વાંધો (૨૪)** :– કુર્આને કરીમ ફર્માવી રહ્યું છે કે કાફિરોએ નબી صلى الله تعالى عليه وسلم થી પૃચ્છા કરી, ''અમે તે સમય સુધી ઈમાન નહીં લાવીએ જ્યાં સુધી કે આપ જમીનમાંથી ઝરણાંઓ વહેતાં ન કરી દો અથવા આપની પાસે ખજૂર તથા દ્રાક્ષના બાગો ન હોય જેની વચ્ચે નહેરો

હોય...છેવટ સુધી. તેના જવાબમાં ફર્માવવામાં આવ્યું, એટલે કે, ''પાક છે મારો રબ, હું તો કેવળ બશર રસૂલ છું, મારામાં એ શકિત નથી.'' આ આયતથી બે વાતો માલૂમ પડી, એક એ કે નબીમાં કોઈ શકિત અને પાવર નથી, મજબૂર બંદો છે. નહીં તો તેઓના આ મોઅજિઝો બતાવીને મુસલમાન કરી લેવામાં આવત.

બીજું એ કે પાણીના ઝરણાં, બાગો ઉગાડવા એ ખુદા તઆલાનું કામ છે, નબી–વલીનું નહીં. તે જ પ્રમાણે દીકરો દીકરી આપવો ઈજ્જત, ઝિલ્લત આપવી, મુરાદો પૂરી કરવી ખુદા તઆલાનું કામ છે. કોઈને આ ચીજોનો વસીલો માનવો એ પણ આ આયતની વિરૂધ્ધ છે.

**જવાબ** :– નબીમાં એનાથી કેટલાય વધુ ગણો પાવર અને શકિત છે. એમ કહો કે તેઓના કહેવા પર પોતાની શકિત બતાવી નહીં કેમ કે તેઓ ઈમાન લાવવાની નિયતથી આ માંગણી કરતા ન હતા. બલ્કે નબીના જોરની અજમાઈશ કરવા માટે કરતા હતા. અને જે કૌમે નબીના જોરની અજમાઈશ કરી તેને નષ્ટ કરી દેવામાં આવી. ફિરઔન, નમરૂદ, કૌમે આદ, કૌમે ષમૂદ આ બધાંએ નબીની શકિત જોવા માંગી. જોર બતાવી દેવામાં આવ્યું પણ તેઓ ઈમાન ન લાવ્યા અને હલાક થઈ ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું તેઓની માંગણીઓનું પૂરી ન કરવું રહમતના કારણે છે. તેઓ તો જમીનમાંથી ઝરણાં કાઢવાની માંગણી કરતા હતા પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તો ચંદ્રના બે ટૂકડા કરી બતાવ્યા, ડૂબેલા સૂરજને પાછો બોલાવ્યો, ખારા પાણીના કૂવાને મીઠો બનાવ્યો, લાકડીઓ કાંકરીઓને પોતાનો કલ્મો પઢાવ્યો, ફકીરોને બાદશાહ બનાવ્યા. જેને જે ધાર્યું કરી આપ્યું. ડોકટર ઈકબાલે કેટલું સરસ કહ્યું છે,

**દરયા મમનૂન અસ્ત ખ્વાબે રાહતશ**
**તાજે કિસરા ઝેરે પાએ ઉમ્મતશ**

મતલબ કે તાકાત હોવી જુદી વસ્તુ છે અને બતાવવી જુદી વસ્તુ છે.



આ આયતમાં એ સરકશ કાફિરોને તાકાત ન દેખાડવાનો ઉલ્લેખ છે, જેથી તેઓ હલાક ન થઈ જાય.

**ઉપસંહાર** :– વાસ્તવિકતા એ છે કે વહાબીઓ, દેવબંદીઓને ઈબ્લીસે ગુમરાહ કરી દીધા, તેઓની મૌત આવી ગઈ છે ! એટલા માટે તમામ વસીલાઓથી મોઢુ મચકોડી રહ્યા છે. ''જેને ખુદા હિદાયત આપે તે વલીના અને મુર્શિદના દામનમાં રહે છે. અને જેને રબ તઆલા ગુમરાહ કરે છે તેને કેવો વલીને કેવો મુર્શિદ ? રબ તઆલા ફર્માવે છે, ''જેને ગુમરાહ કરી દે તેના માટે ન તમો કોઈ વલી પામશો ન મુર્શિદ.'' આ બેપીરા (પીર વિહોણા), નૂર વિહોણા બારગાહે ઈલાહીમાંથી કાઢી મૂકાયેલા છે, આ બધી વાતો એ જ કારણે છે. મુસલમાનોએ જોઈએ કે દરેક નવા મઝહબથી બચે. તે રસ્તા ઉપર રહે જે અત્યાર સુધી અલ્લાહના નેક બંદાઓનો છે.

સમજબુઝ વગર કુર્આનનો તર્જુમો કરવો ગુમરાહીના માર્ગે છે. રબ તઆલા ફર્માવે છે, ''રબ તઆલા આ કુર્આનથી ઘણા લોકોને હિદાયત આપે છે અને ઘણા લોકોને ગુમરાહ કરી દે છે.'' હિદાયત પર રહેવાનો ઝરીયો ફકત એ જ છે કે સારા લોકો (ખુદાના પ્યારાઓ)ની સાથે રહો. રબ ફર્માવે છે, ''હે મુસલમાનો ! અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે રહો.'' અમને સૂરએ ફાતિહામાં દુઆ માંગવાની તલકીન ફર્માવી, ''હે ખુદા ! અમને સીધા માર્ગની હિદાયત આપ (એટલે કે કાયમ રાખ) તે લોકોના માર્ગ પર જેમના પર તેં ઈનામ કર્યો.'' એટલે કે નબીઓ, સિદ્દીકો, શહીદો, અને સાલેહ લોકોના રસ્તા પર કાયમ રાખ.

આજે દરેક ચકડાલ્વી, દરેક કાદયાની, દરેક દેવબંદી વહાબી, દરેક બેદીન કુર્આન બગલમાં દબાવી ફરી રહ્યો છે અને કહી રહ્યો છે કે કુર્આનની રૂએ હું સાચો છું. જેમ કે યઝીદીઓએ સમજ્યા વિચાર્યા વગર નફસાની ખ્વાહિશો (મનોવાંછના) ને લીધે ઈમામ હુસૈન رضی اللہ عنہ પર આ આયત ફીટ કરી, એટલે કે ''ઈસ્લામના બાદશાહનો બાગી

બને તેનાથી જંગ કરો, ત્યાં સુધી કે (પોતાના બાગીપણાથી) પાછો પલટે.'' તેઓએ હઝરત ઈમામ હુસૈનને આ રીતે બાગી અને યઝીદ પલીદને ઈસ્લામનો બાદશાહ બનાવ્યો. મતલબ કે સમજ્યા વગર કુર્આનનો તર્જુમો કરવાથી ઘણાનો બેડો ગર્ક થઈ ગયો.

જો ઈચ્છા હોય કે દુનિયાથી ઈમાન સલામત રાખીને જઈએ તો તે જ રસ્તા પર ચાલો જે અવલિયાએ કિરામ અને ઉલમાએ એઝામનો હતો. આજે મઝહબે એહલે સુન્નત સિવાય કોઈ પણ મઝહબમાં અવલિયા મૌજૂદ નથી. એ પરથી જણાય છે કે આ જ જમાઅત હક્ક પર છે. જ્યાં સુધી દીને મૂસ્વી મન્સૂખ થયો ન હતો, બની ઈસ્રાઈલમાં હજારો વલી થયા. જયારથી તે મનસૂખ થઈ ગયો તો હવે તેમનામાં કોઈ વલી નથી. હઝરત મરયમ, અસ્હાબે કહફ, આસિફ ઈબ્ને બરખિયા, જેમના કિસ્સાઓ કુર્આન શરીફમાં આવેલ છે. આ બધા બની ઈસ્રાઈલના વલી હતા. જરીહ ઈસ્રાઈલીની વિલાયતની એ હાલ હતો કે તેણે ચાર માસના બાળકથી પોતાની પાક દામનીની ગવાહી લીધી. પણ બતાવો કે જ્યારે આ દીન મનસૂખ થયો ત્યાર પછી કોઈ યહૂદી, ઈસાઈ વલી થયો ? જ્યારે તેમનામાં ઈમાન જ નથી તો વિલાયત કયાંથી આવશે ? એ જ પ્રમાણે આજે મઝહબે એહલે સુન્નત સિવાય કોઈ ફિર્કામાં વલી નથી, કોઈ દેવબંદી વલી નથી, કોઈ કાદિયાની, ચકડાલ્વી, ગૈરમુકલ્લિદ વલી નથી.

આ તરફ જુઓ તો હુઝૂર ગૌષે પાક સરકારે બગદાદ આપણી અંદર, હુઝૂર ખ્વાજા બહાઉદ્દીન  નકશબંદી આપણી અંદર, હુઝૂર શહાબુદ્દીન સુહરવર્દી આપણામાંથી થઈ ગયા. હજી પણ મઝહબે એહલે સુન્નતમાં હજારો અવલિયા મૌજૂદ છે. હઝરત પીર હૈદરશાહ સાહબ જમાલપુરી, હઝરત ખ્વાજા પીર મેહરઅલી શાહ સાહબ ગુલળવી, કુતબુલ અકતાબ હઝરત પીર સૈયદ જમાઅત અલી શાહ સાહબ અલીપુરી, હઝરત ખ્વાજા મુહમ્મદ સુલૈમાન સાહબ તોનસ્વી અને તમામ ગાદીવાળા સાહબ આપણી જ જમાઅતમાં છે. આ બધા ભાઈઓ પાકા સુન્ની



તકવાવાળા, વસીલાના કાઈલ (માનનાર), ન્યાઝ, ઉર્સ, ફાતેહા, મીલાદ શરીફ, ગ્યારવી શરીફ પર આમિલ (અમલ કરનાર) રહ્યા. આ અવલિયાએ કિરામનું આપણા અંદર હોવું મઝહબે એહલે સુન્નતની હક્કાનિયતની ઉઘાડી દલીલ છે. આજે તમામ ફિર્કાઓને હું ચેલેંજ કરૂં છું કે પોતાના મઝહબોમાં અવલિયા બતાવે. વલીની ઓળખ કુર્આને કરીમે એ બતાવી વે કે ખલ્કત (મખ્લૂક) તેઓને વલી માને. અલ્લાહ તઆલા ફર્માવે છે, 'તેઓના માટે દુનિયા તથા આખેરતમાં ખુશખબર છે.' દુનિયાની ખુશખબરી તો એ કે આમ લોકોનું તેઓની તરફ ઝુકવું, અને આખેરતની ખુશખબરી એ કે ફરિશ્તાઓનું તેઓને મુબારક બાદ આપવું. કુર્આને કરીમ ફર્માવે છે, ''જે લોકો ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા. અલ્લાહ તઆલા તેમની મહોબ્બત બધાનાં દિલમાં નાખી દેશે. જે બુઝુર્ગોનાં નામો મેં ગણાવ્યાં છે તેઓને આમ ખલ્કત વલી માને છે. ''કેમ કે દેવબંદીઓમાં કોઈ વલી નથી એટલા માટે '' અવલિયાને ગાળો દેવા લાગ્યા, જેવી રીતે કાદિયાની મસીહ મિર્ઝામાં કોઈ કરામત કે મોઅજિઝો નથી, તેથી તેઓ ઈસા علیہ الصلوٰۃ والسلام ના મોઅજિઝાઓનો ઈન્કાર કરવા લાગ્યા. ખૈર...., મુસલમાનો ફકીરની આ કિતાબને યાદ રાખે અને તે જ રસ્તો અપનાવે જે અલ્લાહ તઆલાના પ્યારા બંદાઓનો છે. ઈન્શાઅલ્લાહુ તઆલા આજકાલની ઝેરીલી હવાઓથી તેમનું ઈમાન મહફૂઝ રહેશે. ગુલ્દસ્તાની ઘાસ ફૂલોના વસીલાથી બાદશાહોના હાથમાં પહોંચી જાય છે. હકીકત એ છે કે કિતાબોથી ઈલ્મ તથા હિકમત મળે છે, પરંતુ કોઈની નજરથી નસીબ થાય છે. દાકતર ઈકબાલ કહ્યું છે,

**''દીં મજો અંદર કુતુબ અય બેખબર**
**ઈલ્મો હિકમત અઝ કુત્બેદીં અઝ નઝર,**
**કિમયા પૈદા કુન અઝ મુશ્તે ગિલે**
**બોસાઝન બર આસ્તાને કામિલે.''**

"દીન ફકત કિતાબોમાં ન શોધો, કિતાબોથી કેવળ ઈલ્મ મળે છે. વલીએ કામિલાની નઝરે કરમથી પોતાના શરીરને કીમીયો (પારસમણી) બનાવી લો. એ રીતે કે કોઈ કામિલ આસ્તાના પર બોસો આપો." કુર્આન શરીફનો તર્જુમો પઢી લેવાથી દીન મળ્યા કરતો હોત તો અબૂ જહલ, અબૂ લહબ, ઈબ્લીસ પ્રથમ કક્ષાના મોમિન હોત. કેમ કે તેઓ તર્જુમો જાણતા હતા. ફકતી નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફયૂઝ હાંસલ ન કર્યો તો માર્યા ગયા.

## ★ હિકાયત ★

મૌલાના જલાલુદ્દીન રૂમી કુદ્દેસસિર્રહૂ મષ્નવી શરીફમાં લખે છે કે સુલ્તાનુલ આરિફીન બાયઝીદ બુસ્તામી કુદ્દેસસિર્રહુલ અઝીઝના જમાનામાં બુસ્તામ શરીફમાં એક રંડી આવી ગઈ. મસ્જિદો, ખાનકાહો ખાલી થઈ ગઈ. અને રંડીના ઘરે તમાશો જોનારાઓનો દરેક વખતે મેળો જામેલો રહેતો. કોઈ વ્યકિતએ હઝરત સુલ્તાનુલ આરિફીનની ખિદમતે બાબરકતમાં હાજર થઈને અર્ઝ કરી કે હઝરત આપના શહેરમાં આવો ફુજૂર (જાહેર ગુનાહ) ?! હુઝૂરે ફર્માવ્યું, શું વાત છે ? તે વ્યકિતએ આખી હાલત વર્ણવી દીધી. ફર્માવ્યું, મને તે રંડીનું મકાન બતાવો. આપ મુસલ્લો અને લોટો લઈને તેના ઘરે પહોંચી ગયા. તમાશો જાનારા આપને જોઈને નાસી ગયા. આપે રંડીના દરવાજા પાસે મુસલ્લો પાંથરી દીધો. અને નવાફિલ શરૂ કરી દીધા. ત્યાં સુધી કે રાતનો મોટાભાગનો સમય પસાર થઈ ગયો. અને કોઈના આવવાનો ખતરો ન રહ્યો તો આપે તે રંડીને પૂછયું, તારી રોજની આવક કેટલી છે ? તેણીએ જણાવી, આપે તેટલી રકમ મુસલ્લા નીચેથી કાઢીને તેને સોંપી દીધી.



**"ફકીરોં કી જોલીમેં હોતા હય સબ કુછ**
**મગર ચાહિયે ઉનસે લેનેકા ઢબ કુછ**
**બહુત જાંચ લેતે હંય દેતે હંય તબ કુછ**

પછી આપે તેને ફર્માવ્યું કે હવે તારી આ રાત મેં ખરીદી લીધી કેમ કે તારી ફીઝ આપી દીધી. તેણીએ કહયું હા, બેશક ! પછી હુઝૂરે ફર્માવ્યું, હવે હું જેવું ઈચ્છું તેવું તું કર. બોલી ઘણું સારું ! આપે કહ્યું, વઝૂ કરીને બે રકાત નફ્લ નમાઝની નિયત કર. મતલબ કે તેને નમાઝમાં ઉભી કરી દીધી. જ્યાં સુધી તે કયામમાં રહી તે રંડી હતી, રુકૂઅમાં ગઈ તો રંડી હતી, પણ જ્યારે સિજદામાં ગઈ તો તેનું માથું સિજદામાં ઝુકયું અને સુલ્તાનુલ આરિફીનના હાથ દુઆ માટે ઉઠયા, મૌલાના ફર્માવે છે કે આપે ખુદાની બારગાહમાં અર્ઝ કરી,

**આં ચેહ કારમ બુવદ આખિર કરદમ**
**કઝ ઝિના સૂએ નમાઝ આવુર્દમશ**

હે મૌલા ! તુ શકિતશાળી હું કમઝોર, તુ માલિક હું બંદો. મુઝ કમજોર અને લાચારનું તો એટલું જ કામ હતું કે ફાસિક ઔરતને ઝિના (વ્યભિચાર)થી હટાવીને તારી બારગાહમાં ઝુકાવી દીધી. આગળનું કામ તારું છે કે તુ આ ઝુકેલા માથાને કબૂલ કરે કે રદ કરે. પછી અર્ઝ કરી, જો તેં માથાને રદ કર્યું તો મારી બદનામી થઈ જશે કે સુલ્તાનુલ આરિફીન તારી બારગાહથી શું દઈ ગયા ?

**બરદરત આવર્દા અમ ઉરા ખુદા**
**કલ્બહા કલ્બે તુફયલે મુસ્તફા**

એ ન જો કે આવનારો કોણ છે, મૌલા એ જો કે લાવનારો કોણ છે ? ભલેને આવનારી એક ફાસિકા ઔરત છે પણ લાવનારો હું ગનેહગાર છું. એટલા માટે તે લીલા ગુમ્બદવાળા, કાળી ઝુલ્ફોવાળા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં એના દિલની દિશા બદલી નાંખ ! "આપે આટલુ ફર્માવતાં જ તે ફાસિકહ્ વલીયહ્ બની ગઈ ! ત્યાર પછી તેના દોસ્તો ચાહકો બોલાવતા તો તે અંદરથી કહેવડાવી દેતી કે હવે મેં આ આંખોથી સુલ્તાનુલ આરિફીનને

જોઈ લીધા છે, સુલ્તાનુલ આરિફીનને જુએ તે કોઈને ન જુએ. સૂરજનાં કિરણો કોઈ બિલ્લોરી કાચની મદદથી કોઈ કપડા પર નાંખવામાં આવે તો તે કપડુ બળી જાય છે. જો આ બિલ્લોરી કાચ વચ્ચે ન હોય તો ગરમી પેદા થતી નથી. મદીનાના સૂરજ صلی اللہ تعالٰی علیہ وسلم નાં નૂરાની કિરણો બગદાદવાળા કે અજમેરવાળા કાચ વડે દિલ પર નાખો જેથી ઉષ્મા (ચેતના) અને દર્દ પૈદા થાય. આ દર્દે દિલ તે ચીજ છે જેના કારણે ઈન્સાન ફરિશ્તાઓથી અફઝલ બન્યો.

અહકરુલ એબાદ, **અહમદ યારખાં ગુફિરલહૂ**

---

## ★ જશ્ને મીલાદ હમ મનાએંગે ★

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી**

જશ્ને મીલાદ હમ મના એંગે રબસે
સદકા નબીકા પાએંગે

દૂર દિલકી સિયાહી કરનેકો
મેહફિલે નઅત હમ સજાએંગે

આજકી શબ હૈ રહમતોંકી શબ
રબકી રહમતમેં હમ નહાએંગે

માંગના હૈ તો મદીના માંગો
સદકએ મીલાદ વો બુલાએંગે

દેખકર કબ્રમેં હુઝૂરકો હમ
નઅતે સલ્લેઅલા સુનાએંગે

મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ
મેરે આકા મુઝે બચાએંગે

અપની આંખોંકી હિફાઝત કરના
અપના જલ્વા તુમ્હેં દિખાએંગે

અપને કાનોંકી હિફાઝત કરના
મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે

અપને હાથોંકી હિફાઝત કરના
જામ કૌષરકે વો પિલાએંગે

કાશ ! ફર્મા દે હશરમેં આકા
આ જા 'શાકિર' તુઝે નિભાએંગે



## ★ સલામ બ હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالٰی علیہ وسلم ★

અઝ : શાહ બરકતુલ્લાહ મારેહરવી رضی اللہ عنہ

યા શફીઅલ વરા સલામુન અલૈક
યા નબિય્યલ હુદા સલામુન અલૈક
ખાતમુલ અમ્બિયા સલામુન અલૈક
સૈય્યેદુલ અસ્ફેયા સલામુન અલૈક

અહમદુન લય્સ મિષ્લોકા અહદુન
મરહબા મરહબા સલામુન અલૈક
વાજેબુન હુબ્બોકા અલલ્ મખ્લૂકે
યા હબીબલ ઉલા સલામુન અલૈક

અઅ્ઝમુલ ખલ્કે અશ્રફુશ્શરફા
અફઝલુલ અઝકેયા સલામુન અલૈક
કોશેફત મિન્કા ઝુલ્મતુઝ ઝુલમે
અન્તા બદરુદ્દુજા સલામુન અલૈક

તલઅત મિન્કા કવકબુલ ઈરફાને
અન્ત શમ્સુદ્દુહા સલામુન અલૈક
મહબતુલ્વહ્યે મન્ઝલૂલ કુર્આન
સાહેબુલ એહતેદા સલામુન અલૈક

ઈન્કા મકસદી વ મલ્જાઈ
ઈન્કા મુદઆ સલામુન અલૈક
મત્લબી યા હબીબી લયસ સવાકા
અન્તા મતલુબોના સલામુન અલૈક

સય્યેદી યા હબીબી મવલાઈ
લકા રૂહી ફિદા સલામુન અલૈક
હાઝા કવલો ગુલામેકા ઈશ્કી
મિન્હો યા મુસ્તફા સલામુન અલૈક

## ★ મનકબત શરીફ દર શાને આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ ★

માહે તયબાહકી ઝિયા હય મસ્લકે અહમદ રઝા
રાહે જન્નતકા પતા હય મસ્લકે અહમદ રઝા
તુઝપે જો ઈન્સાં ફિદા હય મસ્લકે અહમદ રઝા
ખૂશ હુવા ઈસસે ખુદા હય મસ્લકે અહમદ રઝા
ગૌષે આ'ઝમકી રઝા હય મસ્લકે અહમદ રઝા
સુન્નિયત તુઝપે ફિદા હય મસ્લકે અહમદ રઝા
તેરા ચર્ચા હય હર જગહ મસ્લકે અહમદ રઝા
તેરા ડંકા બઝ રહા હય મસ્લકે અહમદ રઝા
હર જગહ ઉસ શખ્સને ઈઝ્ઝત હય પાઈ બ ખુદા
તેરા જો ભી હો ગયા હય મસ્લકે અહમદ રઝા
તુઝસે જો ભી ફિર ગયા હય મસ્લકે અહમદ રઝા
હર જગહ વોહ પિટ રહા હય મસ્લકે અહમદ રઝા
થામ લો દામન રઝાકા દુશ્મનાને દીન તુમ
હક્કસે મિલનેકા પતા હય મસ્લકે અહમદ રઝા

—ગુલઝાર અહમદ 'નૂરી' (જુનાગઢ)



## ★ મસ્લકે આ'લા હઝરત સલામત રહે ★

યા ખુદા ચર્ખે ઈસ્લામ પર તાઅબદ
અખ્તરે બુરજે રિફઅત સલામત રહે
દીને હક્કી ઈશાઅતકી ખાતિર સદા
મેરા તાજે શરીઅત સલામત રહે

લાખ જલતે રહેં દુશ્મનાને રઝા
કમ ન હોંગે કભી મદહખ્વાને રઝા
કહ રહે હૈં સભી આશિકાને રઝા
મસ્લકે આ'લા હઝરત સલામત રહે

ઐ બરેલી મેરા બાબે જન્નત હૈ તૂ
યા'ની જલવાગહે આ'લા હઝરત હૈ તૂ
બિલ યકીં મર્કઝે એહલે સુન્નત હૈ તૂ
યે તેરી મર્કઝિયત સલામત રહે

જબ પળી માહે તયબહકી નૂરી કિરન
લહ લહાયા બરેલીકા હુસ્ને ચમન
ઝૂમ ઉઠે દેખ કર સારે એહલે સુનન
ગુલશને કાદરીયત સલામત રહે

રોઝે મેહશર અગર મુઝસે પૂછે ખુદા
બોલ આલે રસૂલ તૂ લાયા હૈ કયા
અર્ઝ કર દુંગા લાયા હું અહમદ રઝા
યા ખુદા યે અમાનત સલામત રહે

છોળ કર આપકા દર કહીં જાએં કયૂં
ઠોકરેં દર બદરકી શહા ખાએં કયૂં
ગૈરકે સામને હાથ ફૈલાએં કયૂં
મેરા આકાએ નેઅ્મત સલામત રહે

એહલે ઈમાન તૂ કયૂં પરેશાન હૈ
રહબરીકો તેરી કન્ઝુલ ઈમાન હૈ
હર કદમ પર યે તેરા નિગેહબાન હૈ
શમ્એ રુશ્દો હિદાયત સલામત રહે

આ'લા હઝરતકા દિલકશ યે એહસાન હૈ
અબ તલક બાકી ખુશ્બૂએ ઈમાન હૈ
યા ખુદા યે બરેલીકા ફૈઝાન હૈ
યે અતા યે ઈનાયત સલામત રહે